بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# અહલે સુન્નત વ જમાઅત

યા'ને મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

# માસિક બરકાતે ખ્વાજા

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** (માસિક)

**૧-જુલાઈ-૨૦૦૭**

જમાદીઉલ આખર-રજબુલ મુરજ્જબ

**હિજરી સન : ૧૪૨૮**

વર્ષ : ૦૪, અંક : ૦૭, સળંગ અંક : ૪૩

★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com


### ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)


## برکاتِ خواجہ

### મન્કબત

**દર શાને ઉસ્તાઝુલ હિંદ અલ્લામા સૈયદ શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી** عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُ

હમારે મોહસિનો રહબર વજીહુદ્દીન ગુજરાતી
હૈં ચર્ખે ઈલ્મ કે અખ્તર વજીહુદ્દીન ગુજરાતી
કરમ કર દીજિયે હમ પર વજીહુદ્દીન ગુજરાતી
નિગાહે લુત્ફ ફર્મા કર વજીહુદ્દીન ગુજરાતી
નહીં થા સારે હમ અસ્રોંમેં કોઈ આપ કા ષાની
અમલ ઔર ઈલ્મ કે પયકર વજીહુદ્દીન ગુજરાતી
હમેશાં આપ કા ફત્વા જહાંને મુસ્તનદ માના
હૈં અહલે ઈલ્મ કે અફસર વજીહુદ્દીન ગુજરાતી
ગિરોહે અસ્ફિયામેં આપ કા હૈ મર્તબા આ'લા
મુહમ્મદ ગ઼ૌષ કે મઝહર વજીહુદ્દીન ગુજરાતી
બહાઉદ્દીન આપ કે હી જદ્દે અમજદ હૈં
અય ગ઼ૌષે પાક કે દિલબર વજીહુદ્દીન ગુજરાતી
બનાયા મશ્ગલા તસ્નીફ ઔર તાલિફ કો અપના
રહે તદરીસ કે રહબર વજીહુદ્દીન ગુજરાતી
વજાહત ક્યૂં ન મિલતી દીને હક્ક઼ કો આપ કે દમસે
હુવા જબ નામ હી અશ્હર વજીહુદ્દીન ગુજરાતી
જો હોતા મસ્અલા ઉલઝા હુવા ફૌરન હી સુલઝાતે
હદીષે મુસ્તફા પળહકર વજીહુદ્દીન ગુજરાતી
હૈ 'વલહુમ જન્નતુલ ફિરદૌસિ નુઝુલા' તેરે મરને પર
વિસાલે યાર કી મઝહર વજીહુદ્દીન ગુજરાતી
'તબસ્સુમ' મએ ઉલ્ફત પિલા દો અપની આંખોંસે
કિસી શબ ખ્વાબમેં આકાર વજીહુદ્દીન ગુજરાતી

**નોંધ** ગ્રાહક નંબર [ ] આપનું લવાજમ તા. [ ] થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) જુલાઈ-૨૦૦૭

**વર્ષ : ૦૪** **અંક : ૦૭** **સળંગ અંક : ૪૩**



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **ખ્વાજા સાહબનાં ફર્માનો અને આપણી જિંદગી** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૯ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૧ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૨ |
| ૦૫. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ **અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૫ |
| ૦૬. | ફત્વા વિભાગ | **કાર્યાલય** | ૧૬ |
| ૦૭. | નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૧૮ |
| ૦૮. | હઝરત શારેહે બુખારી મહાન ઉલમાની દષ્ટિએ | **અઝ** : હઝરત મૌલાના મુહમ્મદ નિઝામુદ્દી કુરચનવી *(હાલ : ખતીબો ઈમામ મસ્જિદે મક્કા બોલ્ટન, યુ.કે)* | ૨૦ |
| ૦૯. | પીરે તરીકત હઝરત મૌલાના કારી મુહમ્મદ મુસ્લેહુદ્દીન સિદ્દીકી | **રજૂકર્તા** : જનાબ મુહમ્મદ ઈકબાલ કાદરી | ૨૩ |
| ૧૦. | **કહેવાતા અહલે હદીષો જાણી લે ! રિસાલત કાળમાં ઈજતેહાદનું અસ્તિત્વ** | **અઝ** : હઝરત મૌલાના મુફતી મેહમૂદ અખ્તર કાદરી અનુ. : મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી | ૨૫ |
| ૧૧. | અલ્લાહ પછી સૌથી મહાન હુઝૂર ﷺની ઝાત જ છે ! | **રજૂકર્તા** : હઝરત મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાળા (હાલ : બોલ્ટન, યુ.કે.) | ૩૨ |
| ૧૨. | ઐતિહાસિક ઈમાની ફેંસલો | **સંપાદક** : જનાબ 'જિગર' નબીપુરી–લંડન | ૩૫ |
| ૧૩. | **મુસ્લિમ સ્ત્રીઓને ગુમરાહ કરવા કુર્આન પર એક વધુ આક્રમણ!** | **રજૂકર્તા** : સૈયદ ઈરફાન અલી અબ્બાસ કેરવાડાવાળા *(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)* | ૩૮ |
| ૧૪. | ઈસ્લામની પ્રગતિના ઈતિહાસમાં નવયુવાનોનો કિરદાર અને આપણે | **રજૂકર્તા** :વાઝા જાવિદહુસૈન ગુલામહુસૈન–રાજપારડી | ૪૦ |
| ૧૫. | સ્ત્રી અને આપણો સમાજ | **અઝ** :હઝરત મૌલાના અબ્દુલમુબીન નોઅમાની સાહબ **અનુવાદક** : મુહમ્મદ સજ્જાદ પટેલ દયાદરવી | ૪૩ |
| ૧૬. | ઈંગ્લેન્ડમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો ઈજતેમા | **કાર્યાલય** | ૪૫ |
| ૧૭. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |
| ૧૮. | બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ.... | **કાર્યાલય** | ૪૮ |

## આશિકે ખ્વાજા હોવાના દાવેદાર છો ?! તો ધ્યાનથી વાંચશો !

# ખ્વાજા સાહબનાં ફર્માનો અને આપણી જિંદગી

તંત્રી લેખ

એકવારનો પ્રસંગ છે કે હું એક બાઅમલ આલિમે દીનની સાથે સફરમાં હતો. એક શખ્સને ત્યાં જવાનું થયું તો ઘર માલિકે મુલાકાત કરતાં કહ્યું કે, "અમે લોકો ખ્વાજા સાહબના ઘણા જ આશિક તથા ચાહવાવાળા છીએ ! કોઈ ઉર્સમાં અજમેર જવાનું ચૂક્તા નથી !" તેનો પહેરવેશ તથા દેખાવ એક ફાસિક જેવો હતો, ચેહરા પર દાઢી ન હતી બલ્કે સફાચટ ચહેરો હતો. એ જોઈને તે આલિમ સાહબે કહ્યું કે, "અલ્લાહ તઆલા આપણને સૌને સાચા અર્થમાં ખ્વાજા સાહબના ચાહક બનાવે."

કહેવાનો આશય એ છે કે આજકાલ બુઝુર્ગોથી મહોબ્બતનો દાવો કરનારા ઘણા જોવા મળે છે પણ સાચા અર્થમાં આશિકી શું છે તેનાથી જાણે અજ્ઞાત છે ! દુનિયામાં સામાન્યતઃ જોવા મળે છે કે જેને જેની સાથે સાચી મહોબ્બત હોય છે તેની વાતને, તેના હુકમને, તેના પડતો બોલને તે ઝીલે લે છે અને તેના પર ગમે તે ભોગે, તકલીફ વેઠીને પણ અમલ કરીને જેનાથી મહોબ્બત હોય છે તેને ખુશ રાખવા પ્રયત્ન કરે છે. માબાપથી મહોબ્બત છે તો મા બાપનો અણગમતો હુકમ પણ માની લે છે કે રખે ને મારાં માબાપ નારાજ ન થઈ જાય ! એ જ પ્રમાણે ભાઈ, બહેન, દોસ્ત, પતિ, પત્ની, પુત્ર, પુત્રી, ઉસ્તાદ, પીર દરેકથી એ જ રીતે વર્તે છે કે તેમને ગમતી વાતોનો હર વખત ખયાલ રાખે છે અને તેમને રાજી રાખવા કાંઈ પણ તકલીફ વેઠવા તૈયાર રહે છે. પણ આશ્ચર્યની વાત છે કે આપણા ઘણા ખરા ભાઈ બહેનો ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની મહોબ્બતના દીવાના હોવાનો દાવો કરે છે અને સર્વ કામો આપની આજ્ઞા વિરુધ્ધ કરે છે ! દોસ્તો ! કેવળ મહોબ્બતના દાવાથી કામ નહીં ચાલે અગર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ તેમજ અન્ય બુઝુર્ગોથી સાચી મહોબ્બત છે તો તેમની વાતો પર અમલ કરીને દલીલ પણ પેશ કરો.

આવો દોસ્તો ! સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ આપણને શું નસીહતો કરે છે, શરીઅતની પાબંદીની કેવી તાકીદ કરે છે, નમાઝથી તથા રસૂલે પાક صلی اللہ علیہ وسلمની સુન્નતોથી આપને કેવી મહોબ્બત હતી તેને જોઈએ અને પછી **આપણા દિલમાં ઝાંકીને જોઈ લઈએ કે શું ખરેખર આપણો અમલ આપના ફર્માનના પ્રમાણે છે કે એથી વિરુધ્ધ છે ?!** નીચેનું વર્ણન એ બુઝુર્ગોની મજલિસની વાતો જ છે જે કેટલી નૂરાની છે કે જે એને અપનાવે તેની બંને દુનિયા નૂરાની થઈ જાય !

### અલ્લાહની રાહમાં સદકો કરવાની (વહેંચવાની) ફઝીલત

સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે : પીરો મુર્શિદ હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની મજલિસમાં સદકો આપવા વિશે ચર્ચા શરૂ થઈ, આપે ફર્માવ્યું કે ખ્વાજા સાહબ યૂસુફ ચિશ્તી رحمۃ اللہ علیہના ફત્વામાં મેં લખેલું જોયું કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં અર્ઝ કરી કે, **"સૌ અમલોથી અફઝલ અમલ કયો છે ?** તો આં હઝરત صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, **"સદકો આપવું જે દોઝખની આગના માટે પર્દો બને છે."** પછી ફર્માવ્યું એકવાર હુઝૂર صلی اللہ علیہ وسلمને પૂછવામાં આવ્યું કે, "સદકા પછી બીજા દરજ્જે કયો નેક અમલ છે ? ફર્માવ્યું, "કુર્આન પઢવું."

પછી ફર્માવ્યું કે ઈબ્રાહીમ અદ્‌હમ رحمۃ اللہ علیہએ ''આષારે અવલિયા''માં લખ્યું છે કે, **''એક દિરહમ સદકો આપવો એક વરસની એવી ઈબાદતથી બેહતર છે જેમાં દિવસે રોઝો રાખવામાં આવે અને રાતે ઉભા રહીને ઈબાદત કરવામાં આવે.''** પછી ફર્માવ્યું : એ જ કિતાબમાં છે કે, ''સદકો નૂરી છે અને હૂરોની ખૂબસૂરતીનો સબબ, તથા **સદકો હજાર રકાત નમાઝથી બેહતર છે.** જ્યારે કયામતનો દિવસ થશે ત્યારે સદકો આપનારાઓનું એક ટોળુ અર્શની નીચે સ્થાન પામશે અને જે લોકોએ મૌતથી પહેલાં સદકો આપ્યો છે તે મૃત્યુ પછી તેના માટે ગુબંદ બનશે. પછી ફર્માવ્યું : જે શખ્સ સદકો આપે છે તે ખુદાની રહમતથી દૂર નથી થતો. **જમીન સખી માણસ પર ફખ્ર કરે છે** અને રાત દિવસ જ્યારે જમીન પર ચાલે છે તો નેકીઓ તેના આમાલનામામાં લખવામાં આવે છે. ફર્માવ્યું કે સખી લોકો એક હજાર વરસો અગાઉથી (એટલા અંતરેથી) જન્નતની ખુશ્બુ સૂંઘી લેશે. *(અનીસુલ અરવાહ)*

આપણે જો ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہથી મહોબ્બત કરીએ છીએ તો આપના પીરો મુર્શિદ હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہનાં ઉપરોક્ત કથનો પર ચિંતન કરવું જોઈએ જે ખ્વાજા સાહબે રજૂ કરેલ છે અને હેસિયત પ્રમાણે સદકા, ખયરાત કરતા રહેવું જોઈએ. આજે તો બુઝુર્ગોના વસીલાથી દુનિયાની દૌલતો, રોજીમાં બરકતો માંગવામાં આવે છે અને પછી અઢળક દૌલત ભેગી થઈ જાય છે, સોના ચાંદીનાં પુષ્કળ આભૂષણો બહેનો વસાવી લે છે પણ સદકો ખૈરાત તો પછી, પ્રથમ તો **પૂરી ઝકાતનો (ઉશ્રનો) જ હિસાબ મોટા ભાગે થતો નથી !** ન પૂરી ઝકાત કે ઉશ્ર કાઢવામાં આવે છે કે જે **ફર્ઝ** છે, તો સદકા ખૈરાતની શું વાત ?! વળી ક્યારેક આડેધડ વહેંચી દેવાય છે. પણ પ્રથમ તો રૂપિયા, પૈસા, સોના, ચાંદી વગેરેની ગણત્રી માંડીને ઝકાત કાઢવી તથા ખેતીની ઉપજમાંથી ઉશ્ર કાઢવું તે પણ યોગ્ય જગાએ વહેંચવું, નહીં તો વહેંચવા છતાં અદા નહીં થાય. પછી સદકા ખૈરાતમાં આગળ આગળ રહેવું જોઈએ કે જેની ફઝીલત ખ્વાજા સાહબના પીરો મુર્શિદે ઉપર મુજબ જણાવી છે.

આજે લોકો હરામ કામો તથા નાજાઈઝ આનંદ પ્રમોદ ખાતર હજારો ખર્ચી કાઢે છે ત્યારે ખચકાટ નથી અનુભવતા પણ અલ્લાહની રાહમાં ખર્ચવાની વાત આવે છે તો પાછા હટવા લાગે છે ! એવા બુઝુર્ગોના ચાહકો જોયા કે **શાદીના પ્રસંગે ગાંડા બનીને બેન્ડ બાજા, ડાન્સ-મ્યૂઝિક પાર્ટી તથા ફટાકડા ફોડવા વગેરે હરામ કામો પાછળ હજારો ખર્ચી કાઢે છે** તેમણે ઉપરોક્ત લખાણ પર ચિંતન કરીને ખ્વાજા સાહબથી મહોબ્બત હોય તો એ રકમો ગુનાહના કામને બદલે દીનની રાહમાં લૂટાવવી જોઈએ. ખુશીના પ્રસંગે અલ્લાહનો શુક્ર અદા કરીને ગરીબો, હક્કદારો, ધાર્મિક સંસ્થાઓ, દીની કામોમાં રકમ લૂટાવવી જોઈએ.

## મો'મિનને તકલીફ આપવાનો અંજામ

મુસલમાનને તકલીફ આપવાના બારામાં ચર્ચા નીકળી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી રિવાયત કરી કે, **''જે શખ્સે મુસલમાનને સતાવ્યો તેણે સમજો કે મને નારાજ કર્યો. અને જેણે મને નારાજ કર્યો તેણે ખુદા તઆલાને નારાજ કર્યો.** દરેક મો'મિનના સીનામાં ૮૦ પર્દા હોય છે અને દરેક પર્દા પર ફરિશ્તો ઉભેલો હોય છે. જે શખ્સ કોઈ મુસલમાનને સતાવે છે તે એવો જ છે જેમ કે તેણે ૮૦ ફરિશ્તાઓને નારાજ કર્યા. *(અનીસુલ અરવાહ)*

જોયું તમે ! મુસલમાનને સતાવવાનું પરિણામ શું છે ? જેનાથી ફરિશ્તા નારાજ, જેનાથી રસૂલ નારાજ, જેનાથી અલ્લાહ નારાજ થાય તેનો અંજામ શું થશે ?! ખ્વાજા સાહબની તા'લીમ તો એ છે કે

મો'મિનને ન સતાવો ! પણ આપના ચાહક અને કહેવાતા દીવાના એવા જોયા કે **પોતાના સગાભાઈ સાથે નથી બનતી ! પોતાના પડોશી સાથે નથી બનતી ! એ તો ઠીક પણ માંબાપની પણ ખબર નથી લેતા ! અને બુઝુર્ગોના આશિક અને દીવાના બનીને ફરે છે !** તો એવા લોકોએ ખ્વાજા સાહબની મહોબ્બતને ખાતર સૌને ગમે તે ભોગે રાજી કરી લેવા જોઈએ.

## ગાળો બોલનારનો અંજામ !

આજે ઘણા લોકો વાતે વાતમાં માં બહેનની ગંદી ગાળો ઘરમાં શું મેહફિલમાં શું ગમે ત્યાં એવી રીતે બોલે છે કે તેને ખબર પણ નથી રહેતી કે પોતે ગાળ બોલ્યો છે ! ગાળ આપવાની ચર્ચા નીકળી તો હઝરત ખ્વાજા ઉષ્માની હારૂની رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું જેને ખ્વાજા સાહબે રજૂ કર્યુ કે, **"જે માણસ ગાળ આપે છે તે જાણે કે પોતાની માં તથા પુત્રીની સાથે ઝિના (વ્યભિચાર) કરે છે.** અને એ એવું કૃત્ય છે કે જાણે **મૂસા** علیہ السلام **ની સાથે લડાઈમાં ફિરઔનની મદદ કરવી.** પછી ફર્માવ્યું કે, "જે શખ્સ મુસલમાનને ગાળ આપે છે તેની દુઆ અમુક દિવસો સુધી કબૂલ નથી થતી. અને જો તૌબા કર્યા વિના મરી ગયો તો ગુનેહગાર (એટલે અઝાબનો) હક્કદાર ઠરે છે." *(અનીસુલ અરવાહ)*

હવે આપણા સમાજનું, આપણી મેહફિલોનું નિરીક્ષણ કરો કે કઈ મેહફિલ એવી છે, ક્યું મકાન એવું છે જ્યાં ગાળો નથી બોલાતી ?! (ઈલ્લા માશા અલ્લાહ !) કેટલી જાતિ તો ગાળ બોલવામાં પોતાની ઓળખ દર્શાવે છે ! કે અમે તો ગાળ બોલીએ તો જ ઓળખાઈએ ! આ કેવી મૂર્ખાઈ છે ! હે વાંચકો ! હવે તમને ખ્વાજા સાહબની મહોબ્બતનો વાસ્તો કે જો સાચે જ ખ્વાજા ગરીબ નવાઝના ચાહક, આશિક, દીવાના છો તો ગાળો બોલવાથી તૌબા કરી લો અને હવેથી કદી ગાળ ન બોલશો ! અને બાઅખ્લાક મુસલમાન બનશો.

## મુસીબત આવતાં હાય વોય કરનારાઓને ચેતવણી

ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ બાબતે ચર્ચામાં ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ علیہ وسلم થી રિવાયત કરી કે, **જે શખ્સ મુસીબતમાં હાય વોય કરે છે તેના પર ખુદા લઅનત કરે છે.** પછી ફર્માવ્યું કે, "જે શખ્સ મુસીબતમાં રૂદન કકળાટ (હાય વોય) કરે છે અને શોર મચાવે છે તો ૪૦ દિવસના ગુનાહ તેના માથે લખવામાં આવે છે અને ૧૦૦ વરસની તેની ઈબાદત ઝબ્ત કરવામાં આવે છે અને એ જ હાલતમાં તૌબા કર્યા વિના મરી જાય તો શૈતાનની સંગાથે હશે." *(અનીસુલ અરવાહ)*

ખ્વાજા સાહબના થકી એમના પીરો મુર્શિદના રજૂ થયેલ ઉપરોક્ત કથનો ફરી ધ્યાનથી વાંચો અને સંભલી જાવ, મુસીબતના સમયે સબ્ર રાખીને હાય વોય, બૂમરાણથી બચો.

## કોઈને ખાવા, પાણી આપવાની તથા પુત્રીની કાળજી લેવાની ફઝીલત

હઝરત ખ્વાજા સાહબ ફર્માવે છે કે હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, **જે વખતે માણસ કોઈ તરસ્યાને પાણી આપે છે તો એ જ ઘડીએ તેના સર્વ ગુનાહો બખ્શી દેવામાં આવે છે,** જાણે કે તે હમણાં જ માંના પેટથી પેદા થયો અને **વિના હિસાબે જન્નતમાં જશે** અને જો એ

જ દિવસે મરી જાય તો **શહીદ થઈને મૃત્યુ પામશે.**

પછી ફર્માવ્યું કે, જે શખ્સ **ભૂખ્યાને ખાવા ખવડાવે** તો ખુદાવંદ તઆલા તેની **હજાર હાજતો પૂરી કરે છે** અને દોઝખની **આગથી આઝાદ** કરે છે અને **જન્નતમાં એના માટે એક મહેલ** બનાવે છે.

પછી ફર્માવ્યું કે પુત્રીઓ ખુદાની ભેટ છે તો જે શખ્સ તેણીઓને ખુશ રાખે છે તો ખુદા વ રસૂલ તેનાથી ખુશ થાય છે. અને જે શખ્સને ખુદા તઆલા પુત્રીઓ આપે તેનાથી ખુદા ખુશ થાય છે અને જે **પુત્રીઓ પેદા થતાં ખુશ થાય તો** એ ખુશી **ખાનએ કા'બાની ૭૦ વાર ઝિયારત કરવાથી પણ અધિક ફઝીલતવાળી** છે. જે માં બાપ પોતાની પુત્રીઓ પર રહમ કરે છે તેમના પર ખુદા રહમ કરે છે. *(અનીસુલ અરવાહ)* ખ્વાજા સાહબના ચાહકે આ સર્વ બાબતો પર નિખાલસપણે અમલ કરવો જોઈએ.

## આપસમાં સલામ કરવાનો હુકમ

સલામ કહેવાના બારામાં ચર્ચા ચાલી તો ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "જ્યારે મજલિસથી ઉઠે તો સલામ કહે કેમ કે **સલામ કહેવી ગુનાહોનો કફ્ફારો** છે અને ફરિશ્તા તેના માટે **મગફેરત** માંગે છે. જે શખ્સ મજલિસથી ઉઠતી વખતે સલામ કહે છે તો તેના ઉપર ખુદા તઆલાની **રહમત** નાઝિલ થાય છે અને તેની નેકીઓ તથા જિંદગીમાં વધારો થાય છે." અને ફર્માવ્યું કે મેં ખ્વાજા યૂસુફ હસન ચિશ્તી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું કે, "જ્યારે કોઈ શખ્સ મજલિસથી ઉઠતાં સલામ કહે છે તેને **હજાર નેકીઓ** મળે છે અને તેની હજાર હાજતો પૂરી થાય છે અને ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે કે માંના પેટથી પેદા થયો. અને **એક વરસના ગુનાહ બખ્શે** છે અને **એક વરસની ઈબાદત** તેના આમાલનામામાં લખે છે અને **૧૦૦ હજ્જ તથા ઉમરા** તેના નામે લખે છે અને **રહમતના ૧૦૦ થાળ** તે બંદાના સર પર કુર્બાન કરે છે."

પછી ફર્માવ્યું હઝરત ઉષ્માન હારૂનીએ કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ફર્માવ્યું કે મેં ઈચ્છયું કે કોઈ એવો મોકો મળે કે રસૂલુલ્લાહ ﷺની મજલિસમાં જતાં તથા પરત થતી વેળા સલામમાં પહેલ કરું પરંતુ મોકો ન મળ્યો. હમેશાં રસૂલુલ્લાહ ﷺ જ સલામમાં પહેલ કરી આપતા. સલામ કરવી નબીઓની સુન્નત છે. *(અનીસુલ અરવાહ)*

આજે અજબનો માહોલ છે ! કે **સુન્નતે રસૂલ સલામને તો જાણે ભૂલવી દેવામાં આવી છે.** કોઈક સલામ કરનારો નીકળે તો જવાબ આપવામાં પણ કંજૂસાઈ કરવામાં આવે છે. સલામમાં કેટલી બરકતો છે તે તો ખ્વાજા સાહબના વર્ણન થકી આપે જોયું પણ ખ્વાજા સાહબની ચાહતના દમ ભરનારાઓ દુનિયાભરની વાતો કરશે પણ સલામ જેવી સુન્નત પર અમલ કરવામાં જાણે શરમ અનુભવશે !

## પેન્ટના પાયચા લાંબા રાખનારાઓને ચેતવણી !

આજકાલ તો પેન્ટના પાયચા (મોરી) એટલા લાંબા રાખવામાં આવે છે કે જમીનને સ્પર્શે પછીય ફૂટ અડધો ફૂટ લાબાં હોય છે અને યુવાનો તેને ઘસેડીને ચાલતા હોય છે ! અને રસ્તાભરની ગંદકીને સાફ કરતા ચાલે છે અને પોતે કપડાં નાપાક કરીને તેને પહેરી ફખ્ર કરતા હોય છે ! અમે પૂછીએ છીએ કે આ કોનું અનુકરણ છે ? આ તેઓનું અનુકરણ છે (ઈસાઈ યહૂદીઓનું) જેમણે હુઝૂર ﷺની દુશ્મની તથા ઈસ્લામની દુશ્મની ઈસ્લામના આગમનના દિવસથી આજ સુધી નિભાવી રાખી છે, **અને તમે તે જ**

**દુશ્મનોનું અનુકરણ કરો છો ! શરમાવ !** અને સાંભળો ખ્વાજા સાહબ શું દર્શાવે છે : ખ્વાજા સાહબ કહે છે કે શલવાર (પેન્ટ, લેંગો)ના પાયચા (મોરી) લાંબા રાખનારાઓના વિશે (હઝરત ઉષ્માન હારૂનીએ) ફર્માવ્યું, હઝરત અલી كرم الله وجهه الكريم થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે **શલ્વાર (લેંગો, પેન્ટ)ના પાયચા લાંબા કરવા મુનાફિકોની નિશાની છે.** અને જે શખ્સ પેન્ટ (લેંગા)ના પાયચા લાંબા કરે છે અને પગોની નીચે સુધી લટકાવે છે તો એવો શખ્સ ખુદા વ રસૂલનો નાફર્માંબરદાર હોય છે." અને ફર્માવ્યું કે, **"એવા શખ્સ પર દરેક ડગલે જમીન તથા આસ્માનના ફરિશ્તા લઅનત મોકલે છે.** અને તેના શરીરના **દરેક વાળના બદલામાં દોઝખમાં તેના માટે એક મકાન તૈયાર થાય છે.** *(અનીસુલ અરવાહ)*

હવે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمة الله عليهની ઝબાની ખૂદ ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليهનાં ફર્માનો સાંભળો અને તમારી જાતને પ્રશ્નો કરો કે તમે ક્યાં છો ?! તમારી પાસે કેવળ ઝબાની જ આશિકીનો દાવો છે કે તમારી વાતમાં કાંઈ દમ પણ છે ?! ખ્વાજા સાહબને પ્રિય એવી કઈ વાત તમારામાં છે ?

ખ્વાજા સાહબે ફર્માવ્યું કે ઈમામ ખ્વાજા અબુલ લૈષ સમરકંદીની તફસીરમાં લખ્યું છે કે, "દરરોજ બે ફરિશ્તા આસ્માનથી ઉતરે છે, એક કા'બાની છત પર ઉભા રહીને અવાજ આપે છે કે, "જે શખ્સ અલ્લાહ તઆલાનો **ફર્ઝ અદા નથી કરતો તે કદી અલ્લાહના હક્કોથી મુક્ત નથી થઈ શક્તો.** અને બે ફરિશ્તા હુઝૂર صلى الله عليه وسلمના રોઝા પર ઉભા રહીને અવાજ આપે છે કે સારી રીતે જાણી લો કે **જે શખ્સ નબીની સુન્નતો અદા નથી કરતો તે શફાઅતથી મેહરૂમ રહેશે."** પછી ફર્માવ્યું, વુઝૂ કરતી વેળા આંગળીને ખિલાલ કરવું સુન્નત છે. એકવાર આપથી ભૂલમાં આંગળીઓને ખિલાલ કરવાની સુન્નત છૂટી હતી તેના માટે આપ ખૂબ જ શર્મિંદા થતા અને કહેતા હતા કે હું કયામતમાં રસૂલુલ્લાહ صلى الله عليه وسلمને શું મોઢું બતાવીશ ?! *(દલીલુલ આરિફીન)*

**હે સુન્નીઓ ! હે ખ્વાજા સાહબના આશિકો ! સાંભળો છો !** આપ એટલા મહાન બાકરામત વલી કે હિંદના સુલ્તાન છે, હિંદના વલીઓના સરદાર છે, અનાસાગર જેવા મહાન તળાવને કૂજામાં ભરી લીધું, આપની પાવડીઓએ હવામાં ઉડીને અજયપાલ જોગીની પીટાઈ કરી તેને નીચે ઉતાર્યો, રાજાનાં ઊંટોને જમીનમાં જકડી દીધાં, ભલભલા જાદૂગરોના જાદૂ ફેઈલ થયા અને તેમને મુસલમાન કર્યા, આગમાં આપની જૂતીઓ ન સળગી, આપનું ખૂન કરવા આવનારો દુશ્મન આપની કરામતથી મુસલમાન થઈ જતો અને આપનો ગુલામ થઈ જતો. આપના ઈશારા પર રાજપાટ બદલાઈ જતાં, એવી અસંખ્ય કરામતોવાળા છતાં ભૂલથી એક સુન્નત છૂટવા પર રડી રહ્યા છે ! અને જિંદગીભર એ ભૂલ પર પસ્તાવો કરે છે બલ્કે પોતે શર્મિંદા છે કે રસૂલેપાક صلى الله عليه وسلمને શું મોઢું બતાવીશ ! જ્યારે આપની આશિકીનો દમ ભરનારા, આપના દીવાના હોવાના દાવેદારોને ન ફર્ઝ નમાઝનો ખયાલ છે ન રોઝાની ફિકર ! અને અન્ય સુન્નતો તો ઠીક પણ દાઢી જેવી મુબારક સુન્નતને જાણીબુઝીને દરરોજ ઘસી ઘસીને મોઢેથી કાઢીને ગટરોમાં ફેંકતા રહે છે તથા હરામ કમાઈ હરામ ધંધા વગેરે અસંખ્ય ગુનાહનાં કામો કરે છે છતાં કહે છે કે અમે ખ્વાજાના આશિક છીએ ! તેમણે એવો દાવો કરતાં પહેલાં ગંભીર બનીને આઈનામાં પોતાનો ચહેરો જોઈ લેવો જોઈએ. અને તૌબા કરી સાચા અર્થમાં આશિકે ખ્વાજા બનવું જોઈએ.

**બહેનો**એ પણ ખ્વાજા સાહબની સાચી મહોબ્બત હોય તો નમાઝ વગેરે ફર્ઝ તથા સુન્નતો પર અમલ કરવો અને સ્ત્રીએ માથાથી પગ સુધી **શરીર છુપાવવું ફર્ઝ** છે તેના વિશે ગંભીર બની પોતાને

છુપાવે તેવાં કપડાં પહેરવાં જોઈએ. આજે તો કહેવાતી ખ્વાજાની દીવાનીઓ ટુકડો સ્કાર્ફ માથા પર રાખી સર્વ શરીર જાહેર થાય એવા ટૂંકા, ફીટ, પારદર્શક ડ્રેસો પહેરી બજારો તો ઠીક ખૂદ **ખ્વાજાના દરબારમાં પિકનિકમાં આવી હોય તેમ બિન્દાસ્ત ફરે છે !** અને ઠેઠ દરગાહમાં કબર મુબારક સુધી મર્દો સાથે ભીચડાયને લાલચુ મુજાવરોની કૃપાથી ખ્વાજા સાહબની કબ્ર શરીફ પાસે પહોંચવા પ્રયત્ન કરે છે ! તેણી વિચારે કે મારા આ દીદારથી શું ખ્વાજા સાહબને તકલીફ નહીં થાય ! આપ રાજી થશે કે નારાજ ! અને જો નારાજ થશે તો મારું કઈ રીતે ભલુ થઈ શકે ?! માટે બહેનોએ પણ બાઅદબ, બાઈજ્જત બનીને શરીઅતની પાબંદ બનીને જીવન ગુજારવું જોઈએ.

## ખ્વાજા સાહબની નમાઝ માટે તાકીદ

અલ્લાહ તઆલાની નજીક **કોઈ ગુનોહ દુનિયા**માં અને **કોઈ દુશ્મન ક્યામતમાં એનાથી વધીને નથી** કે નમાઝને શરતો સાથે અદા ન કરવામાં આવે. પછી ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે, "હે દરવેશ ! નમાઝ દીનનો રુકન છે અને રુકન સ્તંભ હોય છે. જેથી જો સ્તંભ સલામત રહેશે તો ઘર પણ સલામત રહેશે. જ્યારે સ્તંભ નીકળી જશે તો દીવાલો તરત ગબડી પડશે. ઈસ્લામ તથા દીનના માટે નમાઝ સ્તંભના સ્થાને છે. જો નમાઝમાં ફર્ઝ, સુન્નત, રુકૂઅ તથા સજદાઓમાં ખામી આવશે તો ઈસ્લામ તથા દીનની હક઼ીક઼ત ખરાબ થઈ જશે. *(દલીલુલ આરિફીન)*

આ ઉપરાંત નમાઝ વિશે ઘણી જ તાકીદ તેને સહીહ કાયદા પ્રમાણે સહીહ રુકૂઅ સજદા સાથે પઢવા બાબતે ખ્વાજા સાહબના ફર્માનોમાં કરવામાં આવી છે. તો જે લોકો મહોબ્બતના દાવા સાથે પગપાળા અજમેર શરીફ જાય છે તો વળી ટ્રેનોમાં, મોટરોમાં જાય છે અને માર્ગમાં નમાઝો ત્યજી દે છે તેમજ ઘરે રહીને કે ચોરે ચોટે બેઠકો જમાવી ગપસપમાં રહીને કે ટી.વી.માં મગ્ન થઈને, દુકાનદારી તથા ધંધા પાણીમાં વ્યસ્ત રહેવામાં નમાઝો ત્યજી દે છે તેમણે ઉપરોક્ત વાતો ફરી ફરી ગંભીરતાથી વાંચીને તૌબા કરી લેવી જોઈએ અને નમાઝની તે પણ સહીહ રુકૂઅ સજદા સાથે પાબંદી કરવી જોઈએ.

## સુન્નતે નબવી અને ખ્વાજા સાહબ

ખ્વાજા સાહબ ફર્માવે છે કે, "તફસીરમાં લખ્યું છે કે કિયામતના દિવસે **પચાસ વિવિધ સ્થળોએ વિવિધ સવાલો** દરેક માણસને પૂછવામાં આવશે. **પ્રથમ સ્થળે ઈમાન** વિશે, જો એમાં ગુંચવાશે તો ત્યાંથી સીધો જહન્નમમાં રહવાના કરવામાં આવશે. ત્યાર પછી **બીજા સ્થળે નમાઝ** તથા ફર્ઝોના વિશે સવાલ થશે, જિમ્મેદારી નિભાવી હશે તો ભારમુક્ત થશે, નહીં તો ત્યાંથી જ જહન્નમમાં મોકલવામાં આવશે પછી **ત્રીજા સ્થળે સુન્નતે નબવી વિશે સવાલ થશે**, જો તેમાં ભારમુક્ત થશે તો ઠીક, નહીં તો હુઝૂર ﷺની ખિદમતમાં મોકલી દેવામાં આવશે કે, આ શખ્સ આપની ઉમ્મત છે જેણે સુન્નતને અદા કરવામાં ઉણપ વર્તી છે ! **ત્યારબાદ ખ્વાજા સાહબ ચોધાર આંસૂંએ રડી પડયા** અને આ શબ્દો જીભ મુબારક વડે અદા કર્યા કે અફસોસ ! છે તે શખ્સ પર જે કયામતના દિવસે હુઝૂર ﷺ સમક્ષ શર્મિંદો થશે તો કોની પાસે જશે ! *(દલીલુલ આરિફીન)*

બસ ! જેના શરીરમાં દિલ જેવી ચીજ હોય તે કહેવાતો ખ્વાજા સાહબનો ચાહક ઉપરોક્ત વાતો ફરી ફરી ગંભીર બનીને વાંચે અને પોતાને સુધારવાની કોશિશમાં લાગી જાય.

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

كُتِبَ عَلَيْكُمْ إِذَا حَضَرَ أَحَدَكُمُ الْمَوْتُ إِنْ تَرَكَ

خَيْرًا ۖ الْوَصِيَّةُ لِلْوَالِدَيْنِ وَالْأَقْرَبِينَ بِالْمَعْرُوفِ ۖ حَقًّا

عَلَى الْمُتَّقِينَ (١٨٠) فَمَنْ بَدَّلَهُ بَعْدَ مَا سَمِعَهُ فَإِنَّمَا إِثْمُهُ

عَلَى الَّذِينَ يُبَدِّلُونَهُ ۚ إِنَّ اللَّهَ سَمِيعٌ عَلِيمٌ (١٨١) فَمَنْ خَافَ

مِنْ مُوصٍ جَنَفًا أَوْ إِثْمًا فَأَصْلَحَ بَيْنَهُمْ فَلَا إِثْمَ عَلَيْهِ ۚ

إِنَّ اللَّهَ غَفُورٌ رَحِيمٌ (١٨٢) يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا كُتِبَ عَلَيْكُمُ

الصِّيَامُ كَمَا كُتِبَ عَلَى الَّذِينَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُونَ (١٨٣)

**તર્જુમો** : ફર્ઝ કરવામાં આવ્યું છે તમારા પર જ્યારે નજીક આવી જાય તમારામાંથી કોઈને મૃત્યુ, એ શર્તે કે છોડે કાંઈક માલ[૨૧૦], કે વસીયત કરે પોતાનાં માબાપના માટે તથા નજીકનાં સગાંઓના માટે ઈન્સાફની સાથે. આવું કરવું જરૂરી છે પરહેઝગારો પર. પછી જે બદલી નાખે આ વસીયતને સાંભળ્યા પછી તો એનો ગુનોહ એ જ બદલનારાઓ પર થશે. બેશક ! અલ્લાહ તઆલા સર્વ કાંઈ સાંભળનાર જાણનાર છે. અને જેને ભીતી હોય વસીયત કરનારાઓથી કોઈ તરફદારી કે ગુનાહની, પછી તે સુલેહ કરાવી આપે તેઓની વચ્ચે તો કાંઈ ગુનોહ નથી એના પર, બેશક ! અલ્લાહ તઆલા ગફુર રહીમ છે. હે ઈમાનવાળાઓ ! ફર્ઝ કરવામાં આવ્યા છે તમારા પર રોઝા[૨૧૧] જેવી રીતે ફર્ઝ કરવામાં આવ્યા હતા એ લોકો પર જેઓ તમારાથી અગાઉ હતા કે ક્યાંક તમે પરહેઝગાર બની જાવ[૨૧૨].

## તફસીર

**૨૧૦.** આ આયતે કરીમા થકી અરબસ્તાનના એક અધિક જાહિલાના રિવાજની સુધારણા કરવામા આવી. અરબોનો એ દસ્તૂર હતો કે મૃત્યુ વખતે પોતાના માલની વસીયત એવા લોકોના નામે કરી જતા જેમની સાથે તેમનો દૂરનો પણ સંબંધ ન હોતો, અને પોતાના બાતિલ ગુમાનમાં તેને સખાવત ગણતા. અને જો કોઈ વસીયત કર્યા વિના મૃત્યુ પામતો તો વારસો કેવળ ઔલાદ તથા પત્નીમાં વહેંચાઈ જતો, માબાપ તથા અન્ય સગાંઓ તદન મહેરૂમ રહેતાં. આ બંને સ્થિતિઓ ઉઘાડો જુલ્મ હતી જેથી કુર્આને હકીમે તેની ઈસ્લાહ કરી આપી. પરંતુ એક જ ઝટકે સર્વ પાછલા ચલણને વિખેરી નથી કાઢ્યું બલ્કે ક્રમે ક્રમે સુધારણા કરી જેથી કરીને તબીયતોમાં બેચેની પણ પેદા ન થાય અને સુધારણાનો મક્સદ પૂર્ણ થઈ જાય. એટલા માટે એ પહેલાં કે વારસાની વહેંચણીનો વ્યવસ્થિત તથા પરિપૂર્ણ કાનૂન લાગુ પાડવામાં આવે તેમને આ આયતોમાં વસીયતનો હુકમ આપવામાં આવ્યો અને એ કહેવામાં આવ્યું કે પોતાનાં માં બાપ તથા નજીકનાં સગાંઓ માટે વસીયત કરો અને દરેકને

તેના હક્કના પ્રમાણે હિસ્સો આપી દો. પરંતુ આટલા મહત્વના કામને પબ્લિકની મરજી તથા કેવળ તેઓની કૃપા તથા દયા પર છોડી શકાતુ ન હતું એટલા માટે થોડીક મુદત પછી સૂરએ નિસાઅમાં વારસાના હુકમો વિગતવાર વર્ણવી આપ્યા. હુઝૂરે અકરમ ﷺએ વસીયતના હુકમો તથા વારસાના હુકમોની સ્પષ્ટતા કરતાં બે કાયદા વર્ણન કર્યા છે : પ્રથમ કાયદો તો એ છે કે એ સંબંધીઓના માટે વસીયત કરવાની મનાઈ કરી આપી જેઓ વારસામાં ભાગીદાર નથી. બીજો કાયદો છે કે વસીયતને છોડેલા માલના ત્રીજા ભાગ સુધી સીમિત કરી આપી. ૧/૩ ભાગ સુધી પોતાના ગૈર વારસ સગાંઓ અથવા અન્ય મુસ્તહિક લોકો અથવા જાહેર પબ્લિકના લાભદાયી કામોમાં ખર્ચ કરી શકે છે. ઈસ્લામનો આ તે હિકમતભર્યો તથા સમતોલ નિઝામ (બંધારણ) છે જેના પર મુસલમાનોએ ગર્વ લેવો જોઈએ. અમુક લોકો હુઝૂર ﷺની લાગુ કરેલી આ પાબંદીઓને પોતાની કસમજને લીધે કુર્આનની વિરુધ્ધ કહીને માનવાથી ઈન્કાર કરવા લાગ્યા છે, પરંતુ જો તેઓ થોડુક ધ્યાન કરે તો તેમને જણાઈ જશે કે જો એ પાબંદીઓ ઉઠાવી લેવામાં આવે તો આપનુ વારસાનું બંધારણ બાળકોનો ખેલ બનીને રહી જાય.

(અધિક સંશોધનના માટે હકીર (લેખક)ની સંપાદિત કિતાબ સુન્નતે ખયરુલ અનામ, પેજ–૨૫૭ થી ૨૭૩નો અભ્યાસ કરો. એમાં સર્વ શંકા કુશંકાઓનો જવાબ મૌજૂદ છે.)

**૨૧૧.** صیام (સિયામ) બહુવચન છે, એનું એક વચન صوم (સુમ) છે.

શબ્દકોશમાં **الامساك عما تنا زع اليه النفش** નો અર્થ છે : એ ચીજથી દૂર રહેવું જેની પ્રતિ નફસ આર્કષિત થતું હોય. અને શરીઅતમાં સુમ (રોઝા) કહે છે : માણસ ઈબાદતની નિય્યતે સુબ્હ સાદિકથી ગુરૂબ આફતાબ સુધી ખાવા પીવા તથા સંભોગથી રોકાયેલો રહે. આ હુકમ હિજરતના બીજા વર્ષે નાઝિલ થયો. આગલી ઉમ્મતો પર પણ રોઝા ફર્ઝ હતા, જો કે તેની સંખ્યા તથા સ્થિતિ અલગ હતી.

**૨૧૨.** રોઝાનો ઉચ્ચ હેતુ તથા એ સખ્ત ઈબાદતનું ફળ એ છે કે તમે મુત્તકી (રબથી ડરનાર) તથા પાકબાઝ બની જાવ. રોઝાનો હેતુ કેવળ એ નથી કે આ ત્રણેવ વાતોથી પરહેઝ કરો બલ્કે મકસદ એ છે કે તમામ કુકર્મો તથા બુરા કાર્યોથી માણસ સંપૂર્ણપણે રોકાઈ જાય. તમે તરસે તડપી રહ્યા હોઉ, તમે ભૂખથી બેચૈન થઈ રહ્યા હોઉ, તમને કોઈ જોઈ રહ્યું પણ નથી, ઠંડા પાણીની બોટલ તથા સ્વાદિષ્ટ ખાવા પાસે રાખ્યું છે, પરંતુ તમે હાથ લંબાવવાનું તો ઠીક પણ તમે આંખ ઉઠાવીને એ તરફ જોવાનું પસંદ નથી કરતા. એનું કારણ એ કે એ ચીજો તમારા રબના હુકમથી તમે ત્યજી દીધી, તો તે ચીજો જેને તમારા રબે હમેશાં હમેશાં માટે હરામ કરી આપી છે (ચોરી, લાંચ, વ્યભિચાર, અપ્રમાણિક્તા વગેરે) જો મુરાકેબો મજબૂત થઈ જાય તો શું તમે તેમાં પડી શકો છો ? હરગિઝ નહીં ! મહિનાભરની આ પ્રેક્ટિસનો મકસદ એ જ છે કે તમે વરસના બાકી ૧૧ મહિના પણ અલ્લાહથી ડરીને એ જ પ્રમાણે પસાર કરી દો. જે લોકો રોઝા તો રાખી લે છે પરંતુ જૂઠ, ગીબત, બદનઝરી વગેરેથી નથી બચતા તેઓના વિશે હુઝૂર ﷺએ સ્પષ્ટ શબ્દોમાં ફર્માવ્યું : **(અર્થ)** : જેણે જૂઠુ બોલવાનું અને એના પર અમલ કરવાનું નથી છોડયું અને તેણે ખાવાપીવા છોડી દીધું તો અલ્લાહ તઆલા નજીક તેની કોઈ કદર નથી.

**વ્યાજની બુરાઈ** : તિબ્રાનીએ અવસતમાં અમ્ર બિન રાશિદ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે વ્યાજના ૭૨ દરવાજામાં સૌથી નાનો દરવાજો (ગુનો) આદમીનું પોતાની માં સાથે ઝિના કરવાના બરાબર છે અને બધાથી બુરુ વ્યાજ એ છે કે ઈન્સાન પોતાના ભાઈના માલની તરફ હાથ લાંબો કરે (વ્યાજમાં મુસલમાન ભાઈનો માલ લે). *(મુકાશફતુલ કુલૂબ)*

દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

### ★ હદીષ : ૫૧ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه ફર્માવે છે. ફર્માવ્યું નબી ﷺએ કે અલ્લાહનો દસ્તે કરમ ભરેલો છે[૧] જેને ખર્ચ ઓછો નથી કરી શક્તો. તેનું અતા કરવાનું રાત દિવસ ચાલુ છે[૨]. વિચારો તો ખરા કે જ્યારથી આસ્માન તથા જમીન બનેલું છે ત્યારથી કેટલું ખર્ચ કર્યું પરંતુ એ ખર્ચ થવાથી તેના દસ્તે કરમમાં કોઈ કમી ન થઈ. તેનો અર્શ પાણી પર હતો[૩]. તેના તાબામાં ત્રાજવુ છે જેને ઊંચુ તથા નીચુ કરે છે[૪]. *(મુસ્લિમ, બુખારી)*

અને મુસ્લિમની રિવાયતમાં છે કે અલ્લાહનો દસ્તે કરમ ભરેલો છે. ઈબ્ને નુમૈરે مَلْأٰ ફર્માવ્યું અને ફર્માવ્યું سحاءથી રાત તથા દિવસની કોઈ ચીજ કમ નથી કરતી. તેમનાથી જ રિવાયત છે નબી ﷺથી ફર્માવે છે : કાફિરોના બાળકોના વિશે પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું કે રબ જાણે તેઓ શું અમલો કરે છે. *(મુસ્લિમ, બુખારી)*

### ★ સમજૂતી ★

૧. અલ્લાહ ઘણો ગની છે એના સમર્થનમાં આ આયત છે : وَاِنْ مِّنْ شَیْءٍ اِلَّا عِنْدَ نَا خَزَآئِنُهٗ નહીં તો અલ્લાહ તઆલા હાથથી પણ પાક છે અને તેના ભરાવાથી પણ પાક છે.

૨. એનું દષ્ટાંત એણે પોતાની અમુક મખ્લૂકમાં પૂરું પાડેલ છે જેમ કે સમુદ્રનું પાણી, સૂર્યનો પ્રકાશ, આપણો ઈલ્મ ખર્ચ કરવાથી નથી ઘટતો. જન્નતના રિઝકની પણ એ જ સ્થિતિ થશે. તો પછી રબ તઆલાના ખજાનાઓનું શું પૂછવું ! જેથી હદીષ સ્પષ્ટ છે એના પર કોઈ વાંધો નથી.

૩. એની તફસીર પહેલાં આવી ગઈ કે અર્શ તથા પાણીની વચમાં કોઈ આડ ન હતી.

૪. એટલે કે લોકોનું રિઝક તથા તેમનાં અમલો અલ્લાહ તઆલાના કબ્જામાં છે એમાં વધારો ઘટાડો કરતો રહે છે. અથવા કૌમોની તક્દીરો તેના કબ્જામાં છે, કોઈને પાડે છે કોઈને ઉઠાવે છે.

૫. એટલે કે જો તેઓ યુવાન થઈને કાફિર થાત તો તેઓ જહન્નમી છે અને મો'મિન થાત તો જહન્નમી છે. યાદ રાખશો કે કાફિરોનો મૃત્યુ પામેલાં બાળકોના વિશે ઉલમાના વિવિધ ફર્માનો છે : (૧) તેઓ જન્નતી છે કારણ કે ફિતરત પર પેદા થયાં. (૨) તેઓ જહન્નમી છે પોતાના માંબાપના તાબા હેઠળ હોવાથી. (૩) તેઓ એઅરાફમાં રહેશે કેમ કે તેમની પાસે શરઈ ઈમાન કે કુફ્ર નથી. (૪) તેમાં મૌન અપનાવો કેમ કે દલીલો વિવિધ પ્રકારની છે. (૫) તેઓ મોટાં થઈને જેવાં થાય તેવો જ હુકમ તેમના પર લાગુ થશે, એટલે કાફિર થાય જેથી જહન્નમી છે, અથવા મો'મિન થાય જેથી જન્નતી છે. આ હદીષ અંતિમ કૌલ (કથન)ની દલીલ છે. મિર્કાતમાં છે : સહીહ એ છે કે તેઓ જન્નતી છે અને હુઝૂર ﷺનું આ ફર્માન એ આયતોના નુઝૂલ અગાઉનું છે જેમાં ફર્માવવામાં આવ્યું કે "વિના વાંકે અમે કોઈને અઝાબ નથી આપતા." અમુકે એવું પણ ફર્માવ્યું કે તેઓ જન્નતી તો છે પણ મો'મિન જન્નતીઓના ખાદિમો તરીકે રહેશે.

**મુસલમાનોની તકલીફ દૂર કરવાનો ફાયદો**

ફર્માને નબવી છે, **મેં એક એવા વ્યક્તિને જન્નતમાં ચાલતાં ફરતાં જોયો છે જેણે મુસલમાનોના રસ્તામાંથી એક એવા ઝાડને કાપી નાખ્યું હતું જે તેમને તકલીફ આપ્યા કરતું હતું.** *(મુકાશફતુલ કુલૂબ)*

شفا شریف شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

***વિભાગ : ૧૯***

## નબીએ કરીમ ﷺની નમ્રતા

જાણવું જોઈએ કે હોદ્દાની બુલંદી અને મર્તબાની ઉચ્ચતા હોવા છતાં સરવરે કોનો મકાં ﷺ તમામ લોકોમાં અત્યંત નમ્રતા કરનાર હતા અને ઘમંડ આપના નજીકથી પસાર પણ થતો ન હતો. આ સિલસિલામાં હકીકતના ઈચ્છુકના માટે આ જ દલીલ પૂરતી છે કે, અલ્લાહ તઆલાએ આપને અધિકાર આપ્યો હતો કે, નબી બાદશાહ બનવા ઈચ્છો છો કે નબી અબ્દ (બંદા) ? ત્યારે આપે નબી અબ્દ બનવાનું પસંદ કર્યું. હઝરત ઈસ્રાફીલ علیہ السلام એ તે વખતે બારગાહે રિસાલતમાં અર્ઝ કરતાં ખુશખબરી સંભળાવી હતી કે, આપની આ આજીજીના કારણે અલ્લાહ તઆલાએ એ ફૈંસલો કરી દીધો કે કિયામતના દિવસે સમગ્ર માનવજાતના સરદાર હશો. સર્વ પ્રથમ આપ મુબારક કબરમાંથી બહાર તશરીફ લાવશો અને ગુનેહગારોની સર્વ પ્રથમ શફાઅત★ આપ જ કરશો.

ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અમારામાંથી ફકીહ અબુલ વલીદ બિન અવ્વાદ رحمۃ اللہ علیہએ કુરતબામાં પોતાના દૌલતખાના (મકાન) પર હિજરી સન ૫૦૭માં પોતાની સનદના સાથે હદીષ બયાન કરી. તેઓ ફર્માવે છે કે, તેમનાથી હદીષ બયાન કરી હાફિઝ અબૂ અલીએ, તેમનાથી અબૂ ઉમરે, તેમનાથી ઈબ્ને અબ્દુલ મો'મિને, તેમનાથી દાસાએ, તેમનાથી ઈમામ અબૂ દાઊદે, તેમનાથી અબૂબક્ર બિન અબી શયબાહએ, તેમનાથી અબ્દુલ્લાહ બિન નુમૈરે, તેમણે મઅસરથી, તેમણે અબી અલ્અમબસથી, તેમણે અબી મરઝૂદથી, તેમણે અબી ગાલિબથી અને તેમણે અમી અમામહ رحمۃ اللہ علیہથી રિવાયત કરી કે, એક વખતે રસૂલ ﷺ મુબારક લાકડીનો ટેકો લગાડી અમારી પાસે તશરીફ લાવ્યા. અમે તેમનો આદરસત્કાર કરવા માટે ઉભા થયા. તો ફર્માવ્યું, અજમીઓના જેમ ઉભા ન થાવ જેઓ આપસમાં એક બીજાનો હદથી આગળ વધી આદર સત્કાર કર્યા કરે છે. તેના સાથે જ ફર્માવ્યું કે, હું પણ અલ્લાહ

---

*★ નબી કરીમ ﷺ શફીયુલ્મુઝનબીન છે. કુર્આને કરીમે આ બાબતની ખૂબ ચર્ચા કરી અને સરવરે કોનો મકાં ﷺએ આ કાર્યની એટલી વખત જાહેરાત કરી છે કે, હદીષોનું દફતર ભરાઈ જાય. આવી આયત પોતાના અર્થમાં સ્પષ્ટ છે અને મુબારક હદીષો, "મુતવાતિર" અને મુત્કાષિર (લગાતાર) છે પરંતુ ખરાબ થાય તે દુશ્મની અને ઈર્ષાનું કે ઈમામુલ વહાબિયા મૌલ્વી મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વીને આમાંથી કોઈ પણ નજરે ન પડયું અને જે રીતે ચામાચિડિયુ ચમકતા સૂર્યના પ્રકાશનો ઈન્કાર કરે છે તેવી જ રીતે નબી કરીમ ﷺની આ વિશિષ્ટતાનો ઈન્કાર કરી તે વારંવાર આ પ્રમાણે લખે છે : **(૧)** આસ્માન અને જમીનમાં કોઈ કોઈનો એવો સિફારશી (ભલામણ કરનાર) નથી કે તેને માને અથવા તેને પુકારે ત્યારે કાંઈક ફાયદો અથવા નુકસાન પહોંચે. (તકવિયતુલ ઈમાન મત્બૂઆ અશરફ પ્રેસ) **(૨)** જે કોઈ કોઈને પોતાનો હિમાયતી (મદદગાર) સમજે ભલે એ જાણીને કે તેના કારણથી ખુદાની નજદીકી પ્રાપ્ત થાય છે, જેથી તે પણ મુશરિક છે અને જૂઠો અને અલ્લાહનો નાશુક્રો છે. (પેજ–૩૨) **(૩)** અલ્લાહના ત્યાંનો મામલો મારા અધિકારથી બહાર છે. ત્યાં હું કોઈનો બચાવ કરી શક્તો નથી અને કોઈનો વકીલ નથી બની શક્તો. (પેજ–૭૬) **(૪)** રસૂલની ઈચ્છાથી કાંઈ જ થતું નથી. (પેજ–૧૦૭) અલ્લાહ તઆલા તેમની પૈરવી કરવાવાળાને હિદાયત આપે. (આમીન)*

તઆલાનો એક બંદો છું જેવી રીતે બીજા બંદા ખાય★ છે તેવી રીતે હું પણ ખાઉં છું અને જેવી રીતે બીજા બેસે છે તેવી જ રીતે હું પણ બેસું છું.

નબી કરીમ ﷺ ગધેડા પર સવારી પણ કરી લેતા હતા અને પોતાના સાથે સવારી પર બીજાઓને પણ બેસાડી લેતા હતા. ગરીબ રોગીઓની સેવા કરતા અને ગરીબોની સભાઓમાં બેસી જતા હતા. ગુલામોની દા'વત પણ કબૂલ કરી લેતા અને પોતાના સહાબાઓથી અધિક બેઠક રાખતા હતા અને મજલિસમાં તેમના વચ્ચે જ્યાં જગ્યા મળતી આપ તે જ જગ્યાએ બેસતા, તેમાં કોઈ શરમ અનુભવતા ન હતા.

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારી પ્રશંસામાં એવી રીતે અતિશ્યોક્તિ ન કરવી જેટલી ઈસા علیہ السلامની નસારાઓએ કરી (એટલે મને ખુદા અથવા ખુદાનો બેટો ન કહેવો) હું તો ખુદાનો બંદો છું. મારા વિશે એ જ કહેવું કે તે અલ્લાહ તઆલાના બંદા અને તેના રસૂલ છે.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે, એક મૂર્ખ ઔરત બારગાહે રિસાલતમાં હાજર થઈ અને કહેવા લાગી કે, મારે આપનાથી એક કામ છે. આપે ફર્માવ્યું, અય ફલાણાનાં વાલિદા ! બેસી જાવ. મદીના મુનવ્વરામાં જ્યાં પણ તમારું કામ હશે હું તેને કરીશ. (ઈન્શાઅલ્લાહુ તઆલા !) જ્યાં સુધી તે ઔરતની હાજત પૂરી ન થઈ તે બેસી રહી અને ત્યાં સુધી રસૂલુલ્લાહ ﷺ પણ તે જ જગ્યાએ રહ્યા.

હઝરત અનસ رضی اللہ عنہ પણ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺ ગધેડા પર સવારી પણ કરી લેતા હતા અને ગુલામોની દા'વત પણ કબૂલ કરી લેતા હતા, તેમાં કોઈ ખચકાટ કરતા નહીં. જે દિવસે બનૂ કુરૈઝા કત્લ થયા તે દિવસે આપ એવા ગધેડા પર સવાર હતા જેના પર ખજૂરોની રસ્સીઓનું છાલકું હતું. અને જવની રોટી અથવા રંગ બદલેલી ચરબીથી રાંધેલી રસોઈ પર પણ આપને બોલાવવામાં આવતા ત્યારે ઈન્કાર કરતા નહીં.

તેમનાથી જ રિવાયત છે કે, રસૂલ ﷺએ જૂની કાઠી પર સવાર થઈ હજ્જ કરી હતી. જેના પર લીટીવાળુ કપડું પડેલું હતું અને જેની કિંમત ચાર દિરહમ પણ ન હતી. આ સમયે આપે દુઆ ફર્માવી હતી : "અય અલ્લાહ ! તું આને હજ્જની નેકી કરનાર (પાપ મુક્ત) બનાવી આપ જે કોઈને દેખાડવા અથવા સંભળાવવા માટે ન હોય." આપની નમ્રતાની હાલત એ હતી કે, જ્યારે મક્કા મુકર્રમામાં વિજયી લોકોની જેમ દાખલ થઈ રહ્યા હતા ત્યારે સવારી પર નમ્રતાથી પોતાનું મુકદ્દસ માથુ એટલી હદ સુધી ઝુકેલું હતું કે ઘુંટણને અડી જતું હતું.

કુર્બાન જાવ આપની નમ્રતા પર ! જ્યારે કે ફર્માવ્યું કે, મને યૂનુસ બિન મતી علیہ السلام પર ફઝીલત (મહત્તા) ન આપો અને અંબિયાએ કિરામ علیہم السلامમાંથી એકને બીજા પર ફઝીલત ન આપો અને મૂસા علیہ السلام થી આગળ ન વધારો. ઈબ્રાહીમ علیہ السلام થી અમે રશ્કના વધુ હક્કદાર છીએ. પછી ફર્માવ્યું કે, જેટલી તકલીફો યુસુફ علیہ السلامને જેલખાનામાં ઉઠાવવી પડી, જો મારો તેનાથી સામનો થતો તો દાઈએ અજલને લબ્બૈક કહી ઉઠતો. (મરણ પામતો) તે શખ્સે સંબોધન વખતે આપના માટે ખૈયરુલ્બરિય્યા (જગતના શુભેચ્છક) શબ્દનો

★ *આ નમ્રતાના શબ્દો છે. મોટાઓનું નમ્રતાપૂર્વક કાંઈક ફર્માવવું એ તેમની ઈજ્જત તથા મહાનતાની દલીલ છે પરંતુ નાનો તેને સનદ બનાવી જો મોટા માટે તે જ શબ્દોનો પ્રયોગ કરવાનું શરૂ કરી આપે ત્યારે તે ગુસ્તાખી અને બેદઅબી છે. બાદશાહ કૌમને કહે કે, હું તમારો નોકર છું, તો તેના માટે યોગ્ય છે. પરંતું કૌમ તેને નોકર કહે તો બદ્તમીઝ અને ગુસ્તાખ છે. [જેથી જેઓ આવી વાતોને દલીલ બનાવીને* ***હુઝૂરને પોતાના જેવા સામાન્ય માનવી સમજવા લાગે છે તેઓ ગુસ્તાખે નબી છે*** *જેની નોંધ લેશો અને એવા લોકોથી દૂર રહેશો. -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ઉપયોગ કર્યો ત્યારે આપે ફર્માવ્યું કે, આના હક્કદાર હઝરત ઈબ્રાહીમ علیہ السلام છે. **આપના આ સઘળા ઈર્શાદો નમ્રતાના આધારે છે, નહીં તો એ ભરોસાપાત્ર વાત છે કે, આપ તમામ અંબિયાએ કિરામ علیہم السلامથી અફઝલ (શ્રેષ્ઠ) છે. હઝરત આઈશા સિદ્દીકા, હસન અબૂ સઈદ ખુદરી અને કેટલાયે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની રિવાયતોમાં આપની (શ્રેષ્ઠતાઓ) અફઝલિયત વર્ણન થયેલી છે.**

કેટલાક સહાબાએ કિરામની રિવાયતોમાં આપની નમ્રતાના વિશે એ પણ છે કે આપ ઘરના કામોમાં પણ મગ્ન થઈ જતા. પોતાના કપડાં સાફ કરી લેતા. બકરી દોહતા, કપડાંને થિંગડાં લગાડી દેતા, જુતાનું સમારકામ કરી લેતા, પોતાનાં અંગત કામ કરતા, ઘરનો બંદોબસ્ત કરતા, ઊંટ ખૂદ બાંધી દેતા, ઊંટોની આગળ ચારો નાખી દેતા, ગુલામના સાથે બેસી ખાવાનું ખાઈ લેતા, એથી વધીને તેમના સાથે આટો ગુંદી લેતા અને બજારમાંથી પોતાની ખરીદેલી વસ્તુઓ પોતે ઉઠાવી લાવતા.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે, મદીનાની દાસીઓમાં જો કોઈ આપની મદદની ઈચ્છુક થતી, ત્યારે આપ તેની મદદ કરતા. જ્યાં તે લઈ જવા ઈચ્છતી ત્યાં તશરીફ લઈ જતા અને તેની હાજત પૂરી કરીને પાછા ફરતા. એક શખ્સ બારગાહે રિસાલતમાં હાજર થયો ત્યારે તે કાંપવા લાગ્યો. રહમતે દો આલમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, ખાતરી રાખો કે હું કોઈ દુનિયાનો બાદશાહ તો નથી, હું તો એક કુરૈશી ઔરતનો પુત્ર છું જે સુકૂ માંસ ખાતી હતી.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે, હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના સાથે બજારમાં ગયો. આપે સલવારના માટે કાપડ ખરીદયું. રકમ ગણવાવાળાથી ફર્માવ્યું કે, કિંમત ચૂકવી દો. પછી કાંઈક વધારે આપી દો. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ આ સમગ્ર બયાન કરી ફર્માવ્યું કે, તે દુકાનદાર રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمના મુબારક હાથને ચુંબન કરવા માટે લપકયો ત્યારે આપે મુબારક હાથ પાછળ હટાવી લીધો અને ફર્માવ્યું, આ અજમવાળાનું આચરણ છે, તેઓ પોતાના બાદશાહોનો આવો સત્કાર કરતા હતા. હું કોઈ બાદશાહ તો નથી ! પછી હું તમારામાંનો એક વ્યક્તિ છું★. તે પછી આપે કાપડ ઉઠાવી લીધું. હું ઉઠાવી લેવા આગળ વધ્યો ત્યારે આપે ઈર્શાદ ફર્માવ્યો, "માલિક પોતાની ચીજને ઉઠાવી લેવાનો વધુ હક્કદાર છે."

★ *આ વાત પણ આપની આજીજી નમ્રતા તથા ઈન્કેસારી દર્શાવવા માટે છે. આવી વાતોને લઈને* ***દેવબંદીઓ હુઝૂરને આપણી જેવા માણસ અને તે પણ આપણી જેવા સામાન્ય (મામૂલી) માણસ સમજાવવા લાગે છે !*** *તેમણે સમજવું જોઈએ કે તમારા મોલ્વીઓ લખાણને અંતે "સરાપા ગુનેહગાર, નીચ, ફકીર, હકીર" લખે છે તો તમો તેમને પણ "સરાપા ગુનેહગાર, નીચ, ફકીર, હકીર" કેમ કહેતા નથી ?! અને તેઓને અલ્લામા અને ફહહામા કહો છો ?! સારાંશ કે રસૂલને આપણી જેમ માનવા સમજવા એ આપની તૌહીન છે તથા કુર્આન–હદીષનાં રસૂલની તા'ઝીમ માટેનાં ફર્માનોની વિરુધ્ધ છે તથા કુફ્ર છે.* ***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

## હિકાયત

**રિવાયત છે કે સૈયેદેના હઝરત નૂહ علیہ السلام જ્યારે તોફાનના દિવસોમાં રજબના મહિનામાં કશ્તી પર સવાર થયા તો આપે ખૂદ પણ રોઝા રાખ્યા અને પોતાના સાથીઓને પણ રોઝો રાખવાનો હુકમ આપ્યો તો એની બરકતથી કશ્તી છ મહિના ચાલતી રહી અને આશૂરાના દિવસે 'જૂદી' પહાડ પર રોકાયી. અને જ્યારે કશ્તીથી ઉતર્યા તો આપે તથા આપના સાથીઓએ રોઝો રાખ્યો અને અલ્લાહ કરીમનો શુક્ર અદા કર્યો.** *(માષબત મિન સુન્નહ્, પેજ–૧૨૬)*

## હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
### એટલે
# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## મોજા ઉપર મસહનું વર્ણન

જે માણસે મોજા પહેર્યા હોય તે અગર વુઝૂમાં પગ ધોવાને બદલે મોજા ઉપર મસહ કરે તો જાઈઝ છે.

**મસ્અલો** : જેના ઉપર ગુસ્લ ફર્ઝ છે તે મોજાઓ ઉપર મસહ નથી કરી શકતો.

**મસ્અલો** : મસહ કરવા માટે કેટલીક શરતો છે : **(૧)** મોજા એવા હોય કે જેનાથી ઘુંટીઓ ઢંકાએલી રહે. એનાથી વધુ ઊંચા હોવા જરૂરી નથી અને જો એક બે આંગળી જેટલા ઓછા હોય તો પણ મસહ થઈ શકે છે, એડી ખુલ્લી ન હોવી જોઈએ.

**(૨)** પગો સાથે બરાબર વળગેલા હોય કે પહેરીને સહેલાઈથી ખૂબ હરી ફરી શકાય.

**(૩)** ચામડાના હોય અથવા ફક્ત તળિયું ચામડાનું હોય અને બાકીનો ભાગ બીજી કોઈ જાડી ચીજનો જેમ કે કિરમચ વગેરે.

**મસ્અલો** : હિંદ પાકિસ્તાનમાં ખાસ કરીને ઉન અને સુતરના જે મોજા પહેરવામાં આવે છે એના ઉપર મસહ જાઈઝ નથી જેથી એને ઉતારી પગ ધોવા ફરજ છે.

**(૪)** વુઝૂ કરીને પહેર્યા હોય. જો વુઝૂ વિના મોજા પહેર્યા હતા તો તે ઉપર મસહ કરી શકતો નથી.

**મસ્અલો** : તયમ્મુમ કરીને મોજા પહેર્યા છે તો તેના ઉપર મસહ જાઈઝ નથી.

**(૫)** જનાબતની હાલતમાં પહેર્યા ન હોય અને ન તો પહેર્યા પછી જનાબતના ગુસલની હાજત ઉપસ્થિત થઈ હોય.

**(૬)** મુદ્દતની અંદર હોય અને એની મુદ્દત મુકીમ (સ્થાયી) માટે એક દિવસ એક રાત છે. જ્યારે મુસાફર માટે ત્રણ દિવસ અને ત્રણ રાત છે.

**મસ્અલો** : મોજા પહેર્યા પછી પહેલી જ વાર જે હદષ (નાપાકી) થઈ તે વખતથી મસહની મુદ્દત ગણવામાં આવશે. દા.ત. સવારના સમયે વુઝૂ કરીને મોજા પહેર્યા અને ઝહોર વખત હદષ (નાપાકી) થયું (જેનાથી વુઝૂ તૂટી જતું હોય તેવી બાબત) તો ઝહોરથી મસહની મુદ્દત ગણાશે એટલે મુકીમ (સ્થાયી) માટે આવતી કાલની ઝહોર સુધી મસહ કરે, અને મુસાફરી ચોથા દિવસની ઝહોર સુધી.

**(૭)** બે માંથી કોઈપણ પગનો મોજો નાની ત્રણ આંગળીઓ બરાબર ફાટેલો ન હોય. એટલે ચાલવામાં ત્રણ આંગળી જેટલું શરીર ખુલતુ ન હોવું જોઈએ.

**મસ્અલો** : મોજો ફાટી ગયો અથવા સિલાઈ ખુલી ગઈ અને આમ પહેરેલી હાલતમાં ત્રણ આંગળ જેટલો ભાગ ખુલતો નથી પણ ચાલતી વેળા ખુલી જાય છે તો મસહ જાઈઝ નથી. એટલે કે ફાટેલા મોજામાં ત્રણ આંગળથી ઓછો પગ ખુલે તો મસહ જાઈઝ અને ત્રણ આંગળ કે તેથી વધુ ખુલે તો નાજાઈઝ છે.

**મસ્અલો** : ઘૂંટીઓથી ઉપરના ભાગે ગમે તેટલા મોજા ફાટેલા હોય તો કંઈ વાંધો નહીં, મસહ થઈ શકે છે. ઘૂંટીઓથી નીચેના ભાગ માટે ફાટવાનાં હુકમો, કાનૂનો લાગુ પડશે.

**મસહની રીત** : હાથને પાણીવાળા ભીંગવીને જમણા હાથની ત્રણ આંગળીઓ જમણા પગના મોજા ઉપર પગની પાટલીના છેડેથી પીંડી તરફ ખેંચવી, ઓછામાં ઓછી ત્રણ આંગળ જેટલું ખેંચવું

વધુ પેજ નં. ૩૭ પર..

# ફતવા વિભાગ

-કાર્યાલય

## વેપાર સંબંધી એક સવાલ

શું ફર્માવે છે કે દીનના ઉલમા અને શરીઅતના મુફતીઓ નીચેના મસ્અલામાં કે ઝૈદે એક હિંદુને તિજારત (વેપાર) કરવા માટે પૈસા આપ્યા. તો તેણે શરાબની તિજારત કરી જેમાં ઝૈદ પણ સામેલ છે. પણ ઝૈદ ફક્ત રૂપિયામાં સામેલ છે શરાબ વેચવામાં સામેલ નથી. પણ શરાબના વેપારમાં જે નફો થાય છે તેમાં ઝૈદ અને હિંદુ બરાબરના ભાગીદાર છે. તો શું ઝૈદના માટે તે નફો લેવો જાઈઝ અને દુરુસ્ત છે કે નહીં ? કુર્આન હદીષની રોશનીમાં જવાબ ઈનાયત ફર્માવી શુક્રિયાનો મોકો આપશો.

**પ્રશ્નકર્તા** : *મુહમ્મદ નાઝિર હુસૈન સુંદરપુરી*

**જવાબ** : ઉપરના મસ્અલામાં ઝૈદના હિંદુને વેપાર માટે અડધા નફા પર પૈસા આપવા તે શિર્કતે ઈનાન છે. શિર્કતે ઈનાન એને કહે છે કે બે શખ્સો કોઈ ખાસ પ્રકારની તિજારતમાં ભાગીદારી કરે. પરંતુ તેમાંનો એક બીજાનો ઝામિન ન હોય. પરંતુ બંનેવ એકબીજાના વકીલ થશે. *(બહારે શરીઅત, ભાગ–૧૦, પેજ–૨૮)*

અને શિર્કતે ઈનાન મર્દ ઔરત અને મુસ્લિમ કાફિર વચ્ચે પણ થઈ શકે છે. (બહારે શરીઅત, ભાગ–૧૦, પેજ–૨૮) સાથે સાથે તેમાં એમ પણ થઈ શકે છે કે કામ એક જ કરે અને નફો બંનેવ લે. જેમ કે રદુલ મુહતાર, આલમગીરીના હવાલાથી બહારે શરીઅત, ભાગ–૧૦, પેજ–૨૯ પર છે કે અગર બંને એવી ભાગીદારી કરે કે માલ બંનેનો રહેશે પરંતુ કામ બેમાંથી એક જ કરશે અને નફો બંનેવ લેશે. અને નફાની વહેંચણી માલના હિસાબે થશે અથવા બરાબર લેશે. યા કામ કરવાવાળો વધારે લેશે તો જાઈઝ છે.

તો માલૂમ પડયું કે ઝૈદની હિંદુ સાથે ભાગીદારી કરબી મુબાહ અને રવા છે. રહી વાત શરાબની તિજારત માટે પૈસા આપવાની તો ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નઝદીક શરાબની લે–વેચ મુસલમાન માટે હરામ પરંતુ હિંદુના માટે હલાલ છે. ઉપરના મસ્અલામાં શરાબની ખરીદી અને વેચાણ હિંદુ કરી રહેલ છે તો ભાગીદારી જાઈઝ અને દુરુસ્ત છે.

જેમ કે હિદાયહ આખેરૈન ભાગ–૩, પેજ–૮ પર છે કે જ્યારે મુસ્લિમે નસરાનીને શરાબ વેચવાનો કે ખરીદવાનો હુકમ આપ્યો અને તેણે તેમ કર્યું તો ઈમામે આ'ઝમની નજીક જાઈઝ છે.

બહરુર્રાઈક, ભાગ–૬, પેજ–૮૪ પર છે, ''અગર ઝિમ્મી કાફિરને શરાબની ખરીદી કે વેચાણનો હુકમ આપ્યો તો સહીહ છે.'' એટલે કે વકીલ બનાવવું અને વકીલનો સોદો ઈમામે આ'ઝમની નઝદીક જાઈઝ છે. **પરંતુ એમાં કોઈ શંકા નથી કે શરાબની તિજારતથી (જે મુસલમાન માટે નાજાઈઝ અને હરામ છે) હાંસલ થયેલ નફો શરાબની ખબાષતથી રંગાયેલ છે એટલા માટે ઝૈદ પર જરૂરી છે કે નફો સદકો કરી આપે.**

ફત્હુલ કદીર, ભાગ–૬, પેજ–૭૫ પર છે કે મુસલમાન પર જરૂરી છે કે ષમન (નફો) સદકો કરી આપે. કેમ કે તે તેમાં નાપાકી બેસી જાય છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે **જે ચીજ હરામ થઈ ગઈ તેની ખરીદ અને વેચાણ તથા તેનો નફો ખાવો સર્વ હરામ થઈ ગયું.**

કિફાયહ અલલ હિદાયહ, ભાગ–૬, પેજ–૭૫ પર છે. અલ્લામા જલાલુદીન ખવારઝમી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે ઈમામે આ'ઝમની

નજદીક અગર પૈસા ભલાઈના (સાફ કમાઈના) છે તો તેના માટે (ખર્ચ કરવા) હલાલ છે અને જો શરાબની કમાઈના છે તો સદકો કરી આપે, એટલા માટે કે તેમાં ખબાષતનો શક છે. હુઝૂર ﷺના ફર્માનના કારણે કે **જે ચીજ પીવી હરામ તેને ખરીદવી, વેચવી તથા તેનો નફો પણ હરામ.**

બહરુર્રાઈક શરહે કન્ઝુદ્દ દકાઈકમાં, ભાગ–૬, પેજ–૮૪ પર છે : શરાબના નફાને સદકો કરી આપે જયારે કે વકીલે તેના માટે સોદો કર્યો હોય, તેમાં ખબાષત ભળી જવાના કારણે.

ખુલાસો એ કે **ઝૈદની શરાબના વેપારમાં ભાગીદારી મુબાહ પરંતુ તેનો નફો હરામ અને ખબાષતના કારણે સદકો કરવો વાજિબ.**

**લખનાર** : મુફતી મુહમ્મદ અબુલહસન કાદરી મિસ્બાહી.

**અનુવાદક** : (મૌલાના) તૌસિફ રઝા, હસનઅલી દયાદરવી *(દા.ઉ. કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

## વાળો કાળા કરનારા ચેતશે ?!

**સવાલ** : વાળોમાં સ્ત્રી તથા પુરૂષે કાળી મેંદી લગાડવી અથવા કોઈ રીતે કાળા કરવું કેવું ?

**જવાબ** : જેહાદ સિવાય સામાન્ય સંજોગોમાં વાળોને કાળા કરવા હરામ તથા ગુનોહ છે, ચાહે કાળી મેંદી વડે કાળા કરે કે કોઈ અન્ય કેમિકલ વગેરેથી. હદીષ શરીફમાં છે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : (અર્થ) : આખર જમાનામાં કેટલાક લોકો થશે જેઓ કાળો ખિઝાબ કરશે જાણે કે જંગલી કબૂતરનાં બચ્ચાં, (જે સામાન્યતઃ કાળાં હોય છે) તેઓ જન્નતની ખુશ્બૂ સુંઘશે નહીં. અબૂ દાઊદ શરીફ, પેજ–૫૭૮, ભાગ–૨ માં છે : (અર્થ) : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : વાળોને કોઈ ચીજ વડે બદલો અને કાળા રંગથી બચો. (મુસ્લિમ શરીફ, પેજ–૧૯૯, ભાગ–૨, કિતાબુલ લિબાસુ વલ ઝીનત, અબૂ દાઊદ શરીફ, પેજ–૫૭૮, ભાગ–૨માં છે હુઝૂર ﷺએ ફર્માવે છે જે કાળો ખિઝાબ કરશે તેની તરફ અલ્લાહ તઆલા કયામતના દિવસે રહમતની નજર કરશે નહીં. *(કન્ઝુલ ઉમ્માલ, પેજ–૬૭૧, ભાગ–૬)* આકાએ દો આલમ ﷺએ ફર્માવ્યું : (અર્થ) જે કાળો ખિઝાબ કરશે અલ્લાહ તઆલા કયામતના દિવસે તેનું મોઢું કાળુ કરશે. (હવાલો ઉપર મુજબ) હુઝૂર ﷺએ ફર્માવ્યું (અર્થ) : પીળો ખિઝાબ ઈમાનવાળાઓનો છો અને લાલ ઈસ્લામવાળાઓનો અને કાળો ખિઝાબ કાફિરનો. (હવાલો ઉપર મુજબ) એના સંબંધે પુષ્કળ હદીષો છે. વધુ વિગતવાર અભ્યાસ માટે આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની કિતાબ મુબારક 'હક્કુલ અયબિ ફી હુર્મતિ તસ્વીદિશ્શૈબ'નો અભ્યાસ કરો. રદ્દુલ મુહતારમાં છે :–

**قوله و یکره بالسواد ای لغیر الحرب قال فی ---**

*(પેજ–૪૨૨, ભાગ–૬)* ફતાવા હિંદિયામાં છે :–

**اتفق المشائخ رحمهم الله تعالیٰ ان الخضاب---**

*(પેજ–૩૫૯, ભાગ–૫)* ફતાવા રઝવિય્યહ્‌માં છે : સહીહ મઝહબમાં કાળો ખિઝાબ જેહાદની હાલત સિવાય તદ્દન હરામ છે જેના હરામ હોવા માટે સહીહ હદીષો આવેલી છે. *(ભાગ–૯, પેજ–૩૦, નિસ્ફ અવ્વલ)* એમાં છે : કાળો ખિઝાબ હરામ છે. સ્ત્રી તેની અધિક મોહતાજ છે કે પતિની નજરમાં શણગાર સજે તો જયારે તેણીને આ બાબત અલ્લાહની બનાવટમાં ફેરફાર કરવાને સબબે હરામ તથા લઅનતનો સબબ ઠર્યો તો પુરૂષ પર એથીય વિશેષ (હરામનો) એ હુકમ થશે. *(પેજ–૧૯૧, ભાગ–૯, નિસ્ફ આખર)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ લખનાર** : (મુફતી) મુહમ્મદ સિદીક આલમ કાદરી મુન્ઝરી (૨૩–ઝિલ હજ્જ–૧૪૨૬)

**અલ્જવાબ સહીહ** : **(૧)** (મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી **(૨)** (મુફતી) મુહમ્મદ અબરાર અહમદ અમજદી બરકાતી

*(હવાલો : ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા–૧૧, ઓઝાગંજ)*

કાર્યાલય

# નબી ﷺ ની સુન્નત અને આધુનિક વિજ્ઞાન

## મિસ્વાક અને ગળુ

**Tonsils** (ગળાના કાકડા)ના બીમારોને જ્યારે બાકાયદા મિસ્વાકનો ઉપયોગ કરાવવામાં આવ્યો તો એવા બીમારો ઘણા જ જલ્દી સાજા થઈ ગયા.

એક ભાઈ ગળાની ગાંઠો વધવાથી પરેશાન હતા તેમને તૂત (એક મીઠા ફળ)નું શરબત અને મિસ્વાક વાપરવા કહેવામાં આવ્યું. એટલે શરબત પીવા માટે અને તદ્દન તાજુ મિસ્વાક વાપરવા કહેવામાં આવ્યું અને મિસ્વાકના ટુકડા કરીને તેને પાણીમાં ઉકાળીને ગરગરા કરાવવામાં આવ્યા તો બીમારને તરત જ ફાયદો થઈ ગયો.

## એક વિચિત્ર કેસ

એક બીમારને તકલીફ એ હતી કે તેની ગરદનમાં દર્દ, ગળામાં દર્દ અને સોજો, ક્રમે ક્રમે અવાજમાં કમી, પછી દિમાગી યાદશક્તિમાં કમી, માથુ ચકરાવું વગેરે બીમારીઓમાં સપડાયેલો હતો. બ્રેઈન સ્પેશ્યાલિસ્ટ તથા અન્ય જનરલ ફિઝિશયન ડોકટરોના ઘણા ઈલાજ કરાવ્યા પણ ફેર ન પડયો.

તેના ઈલાજના માટે મિસ્વાક કાપીને તેને ઉકાળીને તેના ગરગરા કરાવવામાં આવ્યા અને સતત મિસ્વાકનો ઉપયોગ કરવાનું કહેવામાં આવ્યું અને ગરદનની બહારના ભાગે દાઢીની નીચે ફુલેલા ભાગ પર દવાઓનો લેપ કરવામાં આવ્યો તો ઘણો ફાયદો થયો.

તેના ગળાની ગ્રંથિઓ અસર પામી હતી જેથી તેની સમગ્ર શરીર પર અસર પડી હતી. પછી તેનો ઈલાજ કરવામાં આવ્યો તો બીમાર સાજો થઈ ગયો.

## મિસ્વાક અને મોઢાનાં ચામઠાં

અમુક મોઢાના ચામઠાં ગરમીના કારણે અને એસિડમય ચીજોના કારણે પડે છે અને એમાં એક પ્રકાર એવો પણ છે જેમાં ખાસ પ્રકારના જંતુઓ ફેલાઈ જાય છે. એના માટે તાજા મિસ્વાકને મોઢામાં ઘસો અને તેના રસને મોઢામાં રાખી મોઢામાં ખૂબ ફેરવો. આ રીતથી કેટલાયે બીમારો સાજા થઈ ગયા.

## મિસ્વાક અને દાંતોનું પીળાપણુ

મોટા ભાગે લોકો દાંત પીળા પડી જવાની શિકાયત કરે છે. દાંતોથી સફેદીનું કવચ ઉતરી જાય છે. તો મિસ્વાકના નવા નવા રેસા દાંતોના પીળાપણાને દૂર કરવા લાભદાયી છે.

## મિસ્વાક અને જંતુઓ

મિસ્વાક એન્ટિસેપ્ટિક છે. જ્યારે પણ તેને મોઢામાં વાપરવામાં આવશે તો એ અંદરનાં જંતુઓનો નાશ કરી આપે છે જેનાથી નમાઝી અસંખ્ય બીમારીઓથી બચી જાય છે. ત્યાં સુધી કે અમુક જંતુઓ કેવળ અને કેવળ મિસ્વાકમાં રહેલા એન્ટિસેપ્ટિક તત્વના કારણે જ મરે છે.

## મિસ્વાક અને દિમાગ

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નું કથન છે કે, ''મિસ્વાકથી દિમાગ તેજ થાય છે.'' અસલમાં મિસ્વાકમાં ફોસ્ફરસ હોય છે. સંશોધનના પ્રમાણે જે જમીનમાં કેલ્શ્યમ અને ફોસ્ફરસની અધિક્તા હશે ત્યાં પીલુડીનું ઝાડ વિશેષ જોવા મળે છે. એટલા માટે કબ્રસ્તાનની માટીમાં માનવ હાડકાંના સડવાથી એ તત્વો અધિક થાય છે જેથી ત્યાં પીલુડીનાં ઝાડ પણ વિશેષ હોય છે. અને દાંતોના માટે કેલ્શ્યમ તથા ફોસ્ફરસ મહત્વનો ખોરાક છે અને ખાસ કરીને પીલુડીના મૂળમાં આ ચીજો સામાન્યતઃ હોય છે. અનુભવમાં એ વાત સામે આવી છે કે એ પીલુડીના મિસ્વાકને તાજુ તથા નરમ હાલતમાં ચાવવામાં

આવે તો તેની અંદરથી એક કડવો તથા તેજ રસ નીકળે છે, એ જ રસ મિસ્વાકની અંદર જંતુઓના ઉછેરને રોકે છે અને દાંતોને બીમારીઓથી બચાવે છે. એટલા માટે એ વાત મહત્વની છે કે પીલુડીની મિસ્વાકના રેસા કટ કરતા રહો જેથી નવા રેસા વપરાય અને તેનો કડવો તેજ રસ તંદુરસ્તી માટે વાપરવા યોગ્ય રહે.

### લીમડો, બાવળ

બાવળ તથા લીમડાના ફાયદાઓથી કોણ વાકેફ નથી પણ હું અહીં કનીર (એક કડવુ ઝાડ) મિસ્વાકનો ઉલ્લેખ કરીશ. એટલે કનીર બે પ્રકારની હોય છે : લાલ ફૂલોવાળી અને સફેદ ફૂલોવાળી. અને બંનેવ સામાન્યતઃ પાર્કો તથા બાગોમાં જોવા મળે છે. બાગના માળીઓથી માલૂમાત કરવાથી એનાં મિસ્વાક મેળવી શકાય છે.

એક ભાઈએ પોતાના દાંતોના ઈલાજના માટે દસ હજાર દિરહમ ખર્ચ કર્યા. એ ભાઈ અરબસ્તાનથી સંબંધ ધરાવતા હતા. છેવટમાં જ્યારે તેને કનીર તથા પીલુડીની મિસ્વાકનો ઉપયોગ કરાવવામાં આવ્યો તો તે ભાઈ તદ્દન સાજા થઈ ગયા. તબીબો તથા ખૂદ હું (મૂળ લેખક) પોતે લાંબા અરસાથી મસાના દર્દીઓને કનીરની મિસ્વાકનો ઉપયોગ કરાવી રહ્યો છું અને લાઈલાજ બીમારો તેનાથી સાજા થાય છે.

મિસ્વાકને પ્રથમ પાણીના ગ્લાસમાં બોળી રાખો પછી તેને ચાવી ચાવીને રેસાદાર બનાવો અને દાંતો પર ઉપરથી નીચે અને નીચેથી ઉપર મિસ્વાક કરો.

કનીરની મિસ્વાક જો કે કડવી હોય છે, પરંતુ દાંતોની બીમારીઓના માટે ખૂબ જ લાભદાયી છે. એમાં એવાં તત્વો જોવા મળે છે જે દાંતોને મજબૂત, ચમકદાર અને મસાની બીમારી દૂર કરવાના માટેનો અકસીર ઈલાજ છે.

## મર્દે ખુદાની બરકતથી પહાડ ચમકી ઉઠયો !

કાર્યાલય

સૈયેદેના હઝરત ઈસા રૂહુલ્લાહ علیہ السلام એકવાર એક પહાડ પાસેથી પસાર થયા તો જોયું કે પહાડથી નૂરનાં કિરણો નીકળી રહ્યાં છે ! તો આપે બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, ઈલાહી ! પહાડને ઈજાઝત આપ કે તે મારી સાથે વાત કરે !

આટલું કહેતાં જ પહાડે અર્ઝ કરી, હે રૂહુલ્લાહ ! (علیہ السلام) તમે શું ચાહો છો ? તો આપે પૂછયું કે આ તારી ચમક દમક કેવી છે ? પહાડે અર્ઝ કરી કે મારી અંદર એક મર્દે ખુદા (અલ્લાહનો વલી) છે જેની બરકતથી આ સર્વ ચમક દમક જોવા મળે છે. પછી આપે બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં અર્ઝ કરી કે, મૌલા ! એ મર્દે ખુદાને મારી સમક્ષ હાજર કર.

તો પહાડ ફાટી ગયો અને એમાંથી એક હસીનો જમીલ બુઝુર્ગ જાહેર થયા. એ બુઝુર્ગે કહ્યું કે હું સૈયદના હઝરત મૂસા علیہ السلامની કોમમાંથી છું. મેં ખુદા તઆલાથી એ દુઆ માંગી હતી કે મારી ઉમર એટલી લાંબી થાય કે હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનો મુબારક સમય પામી શકું, જેથી હું પણ તેમની ઉમ્મતમાં દાખલ થઈ શકું. જેથી છસો વરસથી હું આ પહાડમાં રોકાયેલો છું.

સૈયેદેના હઝરત ઈસા علیہ السلامએ અર્ઝ કરી, ઈલાહી ! શું પૃથ્વીના પટ પર તારી નજીક આ શખ્સથી પણ કોઈ મહાન બુઝુર્ગ છે ? તો અલ્લાહ جل جلالهએ ફર્માવ્યું કે, હે ઈસા ! (علیہ السلام) ઉમ્મતે મુહમ્મદિયહ્‌ની **જે વ્યક્તિ રજબના મહિનામાં એક દિવસનો રોઝો રાખશે તો મારી નજીક આ શખ્સથી પણ અધિક બુઝુર્ગ હશે.**

*–(નુઝહતુલ મજાલિસ, પેજ–૧૩૦)*

बज़्मे बुज़ुर्गां

# હઝરત શારેહે બુખારી

## મહાન ઉલમાની દૃષ્ટિએ

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી**

*(હાલ : ખતીબો ઈમામ મસ્જિદે મક્કા બોલ્ટન, યુ.કે)*

ફકીહે મિલ્લત હઝરત મુફતી શરીફુલ હક્ક઼ સાહબ رحمۃ اللہ علیہ હિ.સ. ૧૩૪૦/ઈ.સ. ૧૯૨૧ના રોજ ઘોસી જિ. આઝમગઢ (યુ.પી.)માં પેદા થયા. આપના વંશનો ક્રમ કેટલાક વાસ્તાઓથી હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہની સાથે જઈને મળે છે. આપની સદનસીબી કે આપને તે સમયના અખંડ ભારતના મહાન ઈલ્મો ફઝલના શહેનશાહોથી ફયૂઝયાબ થવાનો મોકો મળ્યો. પ્રારંભિક અરબી કિતાબોથી લઈને હિદાયહ્ તિર્મિઝી શરીફ સુધી સુધી દર્સે નિઝામીની કિતાબો મુબારકપુર હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના સાન્નિધ્યમાં પઢી અને હિ.સ. ૧૩૬૧માં મદરસા મન્ઝરે ઈસ્લામ બીબીજી મસ્જિદ બરેલી શરીફમાં મુહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન મૌલાના અબુલ ફઝલ મુહમ્મદ સરદાર અહમદ ચિશ્તી કાદરી رحمۃ اللہ علیہની પાસે સિહાહ સિત્તાહ પઢીને દૌરએ હદીષની તકમીલ કરી. હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہના આ બંને શાગિર્દો હાફિઝે મિલ્લત અને મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન તેઓ છે જેઓનો ઈલ્મી તથા રૂહાની ફયઝ ન કેવળ હિંદ તથા પાક. બલ્કે દુનિયાના વિવિધ દેશોમાં જોવા મળે છે. મુફતી સાહબ એ બંનેના ફયઝાનના સંગમ છે, તે ઉપરાંત વિવિધ મહાન ઉલમાથી ફયઝયાબ થયા.

ફકીહે મિલ્લત હઝરત મુફતી શરીફુલ હક્ક઼ બરકાતી અમજદી رحمۃ اللہ علیہ એક મુસ્તનદ ફક઼ીહ, બુખારી શરીફના શારેહ, બેહતરીન મુનાઝિર, મુરીદોના પીરે તરીકત અને હજારો શાગિર્દોના ઉસ્તાદ હતા. મોટા મોટા બુઝુર્ગોએ જેમના પર એઅ્તેમાદ કર્યો, જેમની ઈલ્મી ખિદમતોમાં ૭૦ હજારથી વધુ ફતાવા અને બુખારી શરીફની શર્હે નુઝહતુલ ક઼ારી શર્હે "બુખારી"ની નવ જિલ્દો ક઼ૌમને અતા ફર્માવી જેને લઈને એમના ઈલ્મી ફિક઼્હી રૂહાની કારનામાઓના લીધે મુંબઈમાં રઝા એકેડમીના ઝેરે એહતેમામ એક મજમાઅમાં જેમને "ચાંદીથી વજન કરવામાં આવ્યા અને ઓલમાએ કિરામ, બુઝુર્ગો, મુસન્નિફોએ એમની સવાનેહ "શારેહે બુખારી" નામથી ૧૧૦૦ પેજીસની મોટી કિતાબના રૂપમાં લખીને તેમની ઈઝ્ઝત અફઝાઈ કરવામાં આવી. અલ્લાહ તઆલાએ અને બ તુફૈલ રસૂલ صلی اللہ علیہ وسلم આ દુનિયામાં એઅ્ઝાઝ અને ઈકરામ અતા ફર્માવ્યો. આ હદીષે મુબારકા આવા ફકીહોની શાન સમજવા માટે કાફી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવ્યું : "અલ્લાહ તઆલા જેના સાથે ભલાઈ કરવા ચાહે છે તેને દીનની સમજ અતા ફર્માવે છે."

શું સરસ કહ્યું છે ડો. શકીલ આ'ઝમી સાહબે કે :

**तेरे ईल्मी कारनामें बेख्शेंगे तुज़ को दवाम**
**आबे ज़र्री से लिख्खेगा कल मोअर्रिख तेरा नाम**
**तूने नस्ले नौ को बख्शा है शुऊरे ईल्मो फन**
**है तेरी ज़ाते गिरामी लाईके सद एहतेराम**

*–(મક઼ાલાતે શારેહે બુખારી, પેજ–૩)*

ફક઼ીહે મિલ્લત હઝરત અલ્લામા મુફતી શરીફુલ હક્ક઼ رحمۃ اللہ علیہનો જન્મ ઈ.સ. ૧૯૨૧માં યુ.પી. રાજ્યના જિ. આઝમગઢના કસ્બા ઘૌસીમાં થયો. પ્રાથમિક શિક્ષણ પોતાના કસ્બા ઘૌસીમાં જ પ્રાપ્ત કર્યું. આપ ઈ.સ. ૧૯૩૫માં યુ.પી.ના કસ્બા મુબારકપુરમાં જલાલતુલ ઈલ્મ હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ ની બારગાહમાં હાજર થયા. ત્યાં લગભગ આઠ વર્ષ સુધી જ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યારબાદ મેરઠ યુ.પી.માં હઝરત સદરુલ ઉલમા હઝરત અલ્લામા સૈયદ ગુલામ જીલાની શારેહે બુખારી

મેરઠી رحمۃ اللہ علیہ ની બારગાહમાં હાજરી આપી. પછી વિવિધ મદ્રસા અને દારૂલ ઉલૂમોમાં મુદર્રિસ, શૈખુલ હદીષ તેમજ મુફતી તરીકે ખિદમતો આપી. આપની છેવટની જિંદગી **હિન્દુસ્તાનની મહાન સુન્ની અરબી યુનિવર્સિટી અલ જામેઅતુલ અશરફિયા (મુબારકપુર, યુ.પી.)**માં સદર મુફતી તરીકે પસાર થઈ. અને બુખારી શરીફનું અજોડ વિવરણ (શરહ) પણ ત્યાંથી જ લખ્યું. ઈ.સ. ૨૦૦૦ની સાલમાં એંસી (૮૦) વર્ષની ઉમરે આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. સુન્ની જગતને એક મહાન ફકીહ આલિમ ગુમાવ્યાનો અફસોસ બાકી રહી ગયો. اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ

હઝરત શારેહે બુખારી વિવિધ ખૂબીઓના માલિક હતા જેની પ્રશંસા હિન્દુસ્તાનના મહાન ઉલ્માએ કરી છે. તેમાંથી અમુકને દર્શાવવા પ્રયત્ન કરૂં છું જેથી વાંચક વર્ગને હઝરતની મહાન શખ્સિયતને ઓળખવામાં મદદ રૂપ થાય :–

**(૧)** આ'લા હઝરત અઝીમુલ બરકત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના મહાન શાર્ગિદ તથા ખલીફા હઝરત **અલ્લામા મુફતી બુરહાને મિલ્લત બુરહાનુલ હક્ક઼ સાહેબ જબલપુરી** رحمۃ اللہ علیہ એ હઝરત શારહે બુખારીને લખેલ એક પત્રમાં કે જે ઈ.સ. ૧૯૭૭ માં લખ્યો હતો, જેમાં નીચે દર્શાવેલ ઈલ્કાબોથી આપને યાદ કરે છે :–

''મારા પ્રિય માનપાત્ર મુફતી શરીફુલ હક્ક઼ ઈજ્જતદાર, તમારી બુઝુર્ગી તેમજ ઈજ્જતમાં વધારો થાય.'' અને આ જ હઝરતે પોતાના બીજા પત્રમાં જે તેમણે હઝરત શારેહે બુખારીને ૧૧ રમઝાન હિજરી ૧૩૯૨ માં લખ્યો હતો તેમાં લખે છે કે, ''ઉચ્ચ દરજ્જાના માલિક, મુફતી, મૌલાના શરીફુલ હક્ક઼ની બારગાહમાં, તમારો શરફ અને બુઝુર્ગી વધે.'' ઉપરાંત આ જ પત્રમાં હઝરતે લખેલી કિતાબોની પ્રશંસા પણ કરી છે.

**(૨)** આ જ પ્રમાણે તે વખતના મહાન આલિમ મુફતી તેમજ બુઝુર્ગ **મુજાહિદે મિલ્લત હઝરત અલ્લામા હબીબુર્રહમાન ઓરીસવી** رحمۃ اللہ علیہ એ પણ શારેહે બુખારીની પ્રશંસા કરી છે : જ્યારે શારેહે બુખારીને આંખની બિમારી થઈ ત્યારે ઈલાજ માટે અલ્હાબાદ ગયા ત્યાં હઝરત મુજાહિદે મિલ્લતની મુલાકાત લઈ દુઆની દરખાસ્ત કરી કે આપ મારા માટે દુઆ કરો ! તો હઝરત મુજાહિદે મિલ્લતે દુઆ કરી, ''યા અલ્લાહ ! عزوجل તેમને (શારેહે બુખારીને) તંદુરસ્તી, સલામતી તથા શિફા અતા કર, તેઓ ઈસ્લામની શિક્ષણ, ફતાવા (તસ્નીફ), સંપાદન કાર્ય ક્ષેત્રે ખિદમત કરી રહ્યા છે અને તેઓની આંખને (શારેહે બુખારીની) મારી આંખની રોશની અતા ફર્માવ !''

**(૩)** એક વખત ખાનકાહે મારેહરા મુતહ્હરાના **સજ્જાદાનશીન હઝરત અહસનુલ ઉલમા સૈયદ મુસ્તફા હૈદર હસન મારહરવી** رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, ''ત્રણ વ્યકિતને ઘણા તજાુરબા (અનુભવ) પછી અપનાવવા જોઈએ : (૧) મુફતી (૨) વકીલ (૩) ડોકટર, જેમાં આપણા મુફતી તો શરીફુલ હક્ક઼ સાહબ رحمۃ اللہ علیہ છે !''

**(૪)** પાકિસ્તાનના પ્રખર આલિમ હઝરત અલ્લામા મનસાતાબક્ષ કશોરી સાહેબે ૧૯૭૭માં એક પત્ર લખ્યો હતો, જેમાં શારેહે બુખારી સાહેબને ''ઉસ્તાઝુલ ઉલમા'' તેમજ ''ફઝીલતુલ અલ્લામા'' જેવા અલ્કાબોથી યાદ કર્યા. વધુમાં લખે છે કે ''અલ્લામા મુફતી શરીફુલહક અમજદી સાહેબ તમારો ફૈઝ ચાલુ રહે. તમે અમારા પાક પૂર્વજોનામાંથી એક છો. અલ્લાહ તબારક વ તઆલા અહલે સુન્નત પર તમારો સાયો લાંબો કરે.''

**(૫)** અલ–મીઝાન (ઉર્દૂ–માસિક) મુંબઈથી નીકળતુ હતું, ત્યારે તેમાં અમુક ભૂલો છપાઈકામમાં જણાઈ તો હઝરત શારેહે બુખારી સાહેબે એક પત્ર અલમીઝાન અંકના નિગરાં (સંચાલક) હઝરત **અલ્લામા સૈયદ મોહંમદ મદની મિયાં** સાહેબ

(શાહઝાદએ મોહદ્દિષે આઝમે હિંદ رحمۃ اللہ علیہ )ને લખી છપાયેલ ભૂલો તરફ તેમનું ધ્યાન ખેંચ્યું. તો હઝરત **અલ્લામા સૈયદ મોહમ્મદ મદની મિયાં** સાહેબે હઝરત શારહે બુખારી સાહેબનો આભાર માનતાં એક પત્ર લખ્યો. તે પત્રમાં હઝરત સૈયદ મોહમ્મદ મદની મિયાં સાહેબે હઝરત મુફતી શરીફુલ હક્ક઼ સાહેબ માટે જે કંઈક લખ્યું છે તે લખાણ પ્રત્યેક વાંચકને હઝરત શારહે બુખારી સાહેબની અજોડ શખ્સિયતથી પ્રભાવિત કરી તેઓ માટે માત્ર સારા ઉમદા શબ્દો લખવા બોલવા તરફ દાવત આપે છે. હવે નીચેનું લખાણ દિલનાં બારી બારણાં ખોલીને વાંચો :–

અલ્લામા શૈખ સૈયદ મોહંમદ મદની મિયાં સાહેબ લખે છે કે, "નિઃશંક ! મને અગાઉ ભૂલથી ચેતવવામાં માત્ર તમારી જ મુબારક ઝાત છે. નિઃશંક ! અલ્લાહ તઆલાએ તમોને જે ઉચ્ચ દીની તથા ઈલ્મી સ્થાન અર્પણ કર્યું છે તેની તમોએ રિઆયત (લેહાઝ) કરી દીની તથા શરઈ ખૈરખ્વાહી અદા કરી છે. હું તમારો ઘણો આભાર માનું છું. અલ્લાહ તઆલા તમોને લાંબી જિંદગી, લાંબી તંદુરસ્તી, ઉચ્ચ મર્તબો અને સંપૂર્ણ કબૂલિયત અતા કરે. નિઃશંક ! આપ હદીષ કે, "ઉલમા અંબિયાના વારિસ છે" તેના તમો સાચા મિસ્દાક (હકદાર) છો અને હું (મોહમ્મદ મદની મિયાં) હમેશાં તમારી દુઆઓનો મોહતાજ છું." *(૨૩–નવેમ્બર, ૧૯૭૮)*

હઝરત શારહે બુખારીના ઈન્તેકાલની હાલત વર્ણન કરતાં હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબ જણાવે છે કે **હઝરતનો ચેહરો ખૂબ જ રોશન હતો અને હજારો લોકોએ દફન કરતા સુધી તેમના નૂરાની ચેહરાની ઝિયારત કરી હતી.** ફજરની નમાઝ પઢયા બાદ દારુલ ઈફતામાં જ ઝિક્ર ફિક્ર સાથે દીની દર્સગાહ જામેઆ અશરફિયામાં વિસાલ ફર્માવ્યો હતો.

પ્રિય વાંચકો ! ઉપર દર્શાવેલ મહાન ઉલમાનાં કથનોની રોશનીમાં એ વાત પુરવાર થઈ કે હઝરત શારહે બુખારી رحمۃ اللہ علیہ પોતાના દૌરના અજોડ, મહાન અને સાચા દીનના ખાદિમ હતા. અલ્લાહ તઆલા તેમની ખિદમતોને કબૂલ ફર્માવે, જન્નતમાં ઉચ્ચ દરજાત અતા ફર્માવે, અને આપણ સૌને તેમની બારગાહમાં બા અદબ રહી તેમનો રૂહાની ફૈઝ હાંસલ કરવાની તૌફીક અતા કરે–આમીન. *(સંપૂર્ણ)*

કાર્યાલય

## માહે રજબની ફઝીલત

નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે, "રજબ અલ્લાહનો મહિનો છે અને શાબાન મારો મહિનો છે અને રમઝાન મારી ઉમ્મતનો મહિનો છે.

રજબની ફઝીલત બાકીના મહિનાઓ પર એવી છે જેવી કે મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم ની ફઝીલત બાકી અંબિયાએ કિરામ પર છે અને રમઝાન શરીફની ફઝીલત બાકી મહિનાઓ પર એવી છે જેવી અલ્લાહ તઆલાની ફઝીલત તમામ બંદાઓ પર છે.

*–(બારા માહકે ફઝાઈલ)*

## રજબ શરીફના રોઝાની ફઝીલત

રજબ એક મહાન શાનવાળો મહિનો છે, એમાં અલ્લાહે નેકીઓને ડબલ કરી છે. જે માણસ રજબના એક દિવસનો રોઝો રાખે છે તો જાણે તેણે વરસભરના રોઝા રાખ્યા છે. અને જે કોઈ રજબના સાત દિવસના રોઝા રાખે તો તેના પર દોઝખના સાત દરવાજા બંધ કરવામાં આવે છે. અને જે કોઈ તેના આઠ દિવસના રોઝા રાખે તો તેના માટે જન્નતના આઠ દરવાજા ખોલી દેવામાં આવે છે. અને જે માણસ રજબના ૧૦ દિવસના રોઝા રાખે તો અલ્લાહ કરીમથી જે ચીજનો સવાલ કરે તો તેને આપશે. અને જો કોઈ રજબના ૧૫ દિવસના રોઝા રાખે તો આસ્માનથી એક મુનાદી (પોકારનાર) એલાન કરશે કે તારા પાછલા ગુનાહો માફ થઈ ગયા અને હવે નવેસરથી અમલ શરૂ કર ! અને જે અધિક રોઝા રાખશે તેને અલ્લાહ કરીમ અધિક આપશે.

*(મા ષબત મિન સુન્નહ, પેજ–૧૨૬, બહવાલા : બારા માહકે ફઝાઈલ)*

નૂરાની હસ્તીયાં

# પીરે તરીક઼ત હઝરત મૌલાના ક઼ારી મુહમ્મદ મુસ્લેહુદ્દીન સિદ્દીક઼ી

رحمۃ اللہ علیہ

રજૂકર્તા : **જનાબ મુહમ્મદ ઈકબાલ ક઼ાદરી**
બઝમે રઝા–ખારાદર (મેમન ખિદમત કમિટી–કરાચી)

## જન્મ તથા તા'લીમ

હઝરત મૌલાના ક઼ારી મુહમ્મદ મુસ્લેહુદ્દીન સિદ્દીકી ક઼ાદરી رحمۃ اللہ علیہનો જન્મ મુબારક ૧૧ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૩૩૬ (૨૭–૧૨–૧૯૧૭ ઈ.સ.) પીરના રોજ સુબ્હ સાદિકના સમયે શહેર કંદહાર શરીફ, જિ. નાંદ હૈદ્રાબાદ રાજયમાં થયો. પ્રારંભિક તા'લીમ પોતાના વતનમાં જ થઈ. ૧૪ વરસથી ઓછી ઉમરમાં કુર્આન હિફઝ કર્યું. વધુ તા'લીમ અર્થે મુબારક જિ. આઝમગઢ પહોંચ્યા. તે સમયે હાફિઝે મિલ્લત હઝરત મૌલાના અબ્દુલ અઝીઝ સાહબ رحمۃ اللہ علیہ દારુલ ઉલૂમ મુઈનિયા અજમેર શરીફથી ફારિગ થઈને મુબારકપુરમાં સદર મુદર્રિસીનના હોદ્દા પર બિરાજમાન થઈ ચૂક્યા હતા. ત્યાં આઠ વરસ સુધી તા'લીમ હાંસલ કરી. જો કે તે વખતે આપની દસ્તારબંદી એટલા માટે ન થઈ શકી કે ઈ.સ. ૧૯૪૨માં ગાંધીજીએ ભૂખ હડતાલ શરૂ કરી રાખી હતી જેના કારણે મદ્રસાઓ પણ બંધ રહ્યા, ટ્રેનો પણ ગબડાવી દેવામાં આવી અને લાઈનો પણ ઉખેડી કાઢવામાં આવી હતી. આવ–જા ખૂબ જ મુશ્કેલ થઈ ચૂકી હતી. ત્યારે સંજોગોવસાત હઝરત ઘરે ગયા હતા. આ ક્રમ ઘણા મહીનાઓ સુધી ચાલુ રહ્યો. આપના વાલિદ સાહબે આપને ફરી મુબારકપુર જવા ન દીધા એ અરસામાં આપની શાદી પણ થઈ ગઈ. ત્યારબાદ રોજીની ચિંતા ઉભી થઈ. સંજોગોવસાત તે દિવસોમાં હુઝૂર હાફિઝે મિલ્લત મુબારકપુરથી અમુક વહિવટી મતભેદોના કારણે જામિઆ અરબિયા–નાગપુર તશરીફ લઈ આવ્યા હતા. ત્યાં પહોંચી દૌરાએ હદીષની પરિપૂર્ણતા કરી ત્યારબાદ ઈ.સ. ૧૯૪૩માં દસ્તારબંદી થઈ.

## હાફિઝે મિલ્લતનો ફયુઝ

આપ ખૂદ હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ના બારામાં જણાવે છે કે આપનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો કેમ કે એક હેતાળ બાપથી વિશેષ મહોબ્બત કરનાર હતા અને અમારા માટે સર્વ કાંઈ હતા. મને એ વાત પર ફખ્ર છે કે તેમણે અમુક પ્રસંગોએ મને કહ્યું છે કે, "મુસ્લેહુદ્દીન ! તું મારો બેટો છે !" હઝરતના હુકમથી નાગપુર જામેઅ મસ્જિદમાં ખતીબો ઈમામની ખિદમતમાં રહ્યો, ત્યાં પાંચ વરસો પૂરાં કર્યાં સાથોસાથ અંજુમને ઈસ્લામિયા હાઈસ્કૂલમાં નવમી તથા દસમી કલાસને અરબી વિષય પઢાવવાનો પ્રસંગ પણ બનતો રહ્યો, અને કાયમી ધોરણે જામિઆ અરબિય્યામાં મુદર્રિસ થઈ ગયો.

આઝાદી સાથે ભારત પાક.ના ભાગલા પડયા ત્યારે સંજોગો ઘણા જ કઠીન થઈ ગયા હતા. એ ભાગલાથી થોડાક અગાઉ વાલિદ સાહબ બીમાર હોવાને કારણે આપ હૈદ્રાબાદ ગયા હતા. પછી સંજોગોને જોતાં વાલિદ સાહબના હુકમથી હૈદ્રાબાદમાં જ લગભગ દોઢ વરસ ખિતાબત તથા તદરીસની ખિદમત અંજામ આપતા રહ્યા. છેવટે ઈ.સ. ૧૯૪૯માં દરિયાઈ જહાઝ થકી પાકિસ્તાન જતા રહ્યા.

## આપના ઉસ્તાદો

દારુલ ઉલૂમ અશરફિયા મુબારકપુરમાં તા'લીમ

દરમ્યાન આપના ઉસ્તાદોમાં તો સૌથી બુઝુર્ગ હઝરત હાફિઝે મિલ્લત મૌલાના અબ્દુલ અઝીઝ મુબારકપુરી رحمۃ اللہ علیہ જ હતા જેમનું ખાસ ધ્યાન અને તર્બિયતે ખાસનો શરફ આપને હમેશાં અને પુષ્કળ પ્રમાણમાં મળ્યો. એ ઉપરાંત હઝરત મૌલાના મુહમ્મદ સુલૈમાન ભાગલપુરી, મૌલાના ષનાઉલ્લાહ આઝમી વગેરે.

## બયઅત તથા ખિલાફત

આપ તાલિબે ઈલ્મીના જમાનામાં હુઝૂર હાફિઝે મિલ્લત عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان ના વસીલાથી ઘોસી પહોંચ્યા હતા અને ત્યાં હઝરત સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલીખાં (લેખક : બહારે શરીઅત)થી બયઅત થયા હતા. આપને ખિલાફત હઝરત સદરુશ્શરીઅહ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان થી મયસ્સર થઈ હતી તે ઉપરાંત કુતબે મદીના હઝરત અલ્લામા મૌલાના ઝિયાઉદ્દીન મદની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان તથા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુસ્તફા રઝાખાં عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان થી પણ ખિલાફત હતી.

## આપની ખૂબીઓ

આ ટૂંકા લેખમાં એનું વર્ણન શક્ય નથી. સારાંશ સર્વ ખૂબીઓના સંગમ હતા. જય્યદ આલિમે દીન તથા મહાન ખતીબ, જબરદસ્ત આશિકે રસૂલ, શરીઅતના પાબંદ પીરે તરીકત હતા. આપે પાકિસ્તાનમાં ખિતાબત તથા તદરીસની રીતે દીનો મિલ્લતની ખૂબ જ ખિદમત અંજામ આપી. દારુલ ઉલૂમ અમજદિયા–કરાચીમાં છેવટ સુધી ખિદમત કરતા રહ્યા. આપે આઠવાર હજ્જો ઝિયારતનો શરફ હાંસલ કર્યા હતો. આપનો વિસાલ ૬૭ વરસની વયે ૭ જમાદીઉષ્ષાની હિ.સ.૧૪૦૩ ઈ.સ. ૨૩–૩–૧૯૮૩માં થયો. હુઝૂર તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા અખ્તરરઝા અઝહરીમિયાં مدظلہ العالی એ આપના સંબંધે ફર્માવ્યું કે, "અલ્લાહના ખાસ બંદાઓને એ વિશિષ્ટ માન હાંસલ છે કે તેઓ મૃત્યુ પામ્યા પછી પણ જીવંત રહે છે. *(હવાલો : તઝકેરએ મૌલાના કારી મુહમ્મદ મુસ્લિહુદ્દીન સિદ્દીકી કાદરી رحمۃ اللہ علیہ –કરાચી)*

પેજ નં. ૩૧ નું ચાલુ....

બોસો રોઝા તોડનાર ન હોવાના સંબંધે કુલ્લી કરવાને દાખલારૂપે રજૂ કરવું કે જેવી રીતે પાણીથી કુલ્લી કરવાથી રોઝો તૂટતો નથી એ જ પ્રમાણે મોઢાથી બોસો લઈ લેવાથી પણ રોઝો તૂટશે નહીં. બંનેવની ઈલ્લત (સબબ) એ છે કે બંનેમાં રોઝા તોડનાર ચીજો (ખાવુ પીવું અને સંભોગ)નો અર્થ જોવા નથી મળ્યો.

કદી કદી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم દૃષ્ટાંતો રજૂ કરવાની સાથોસાથ હુકમોનો ઉલ્લેખ એટલા માટે કરી આપતા હતા કે કાબેલિયતવાળા સહાબીઓને દૃષ્ટાંતોના થકી ઈજતેહાદ કરવાનો તરીકો આવડી જાય. બારગાહે રિસાલતની કામયાબતરીન તર્બિયતથી ફય્ઝયાબ થનારા સહાબાએ કિરામે રિસાલતના યુગ પછી નવા ઉપસ્થિત થનારા મસાઈલમાં બેધડક ઈજતેહાદ તથા કયાસથી કામ લીધું અને પોતાના શાગિર્દો તથા સાથીઓને કાયેદસર રીતે ઈજતેહાદની તા'લીમ પણ આપી જેનો ક્રમ ફિકહના સંપાદન તથા સ્પષ્ટપણે, વિભાગોવાર, પ્રકરણો સાથે અને મસાઈલ કાઢવાના નિયમો ઉસૂલને નિશ્ચિત કરવા સુધી પહોંચ્યો અને શરઈ એહકામના ઉસૂલ તથા શાખાકીય મસ્અલો (ફુરૂઅ)નો મહાન ખજાનો ઈજતેહાદના જ સબબે ગયબના પર્દાથી અસ્તિત્વની દુનિયામાં આવ્યો.

જો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના મુબારક સમયમાં ઈજતેહાદની કેળવણી ન આપવામાં આવી હોત તો ઈજતેહાદના શરીઅત મુજબના માર્ગો નિશ્ચિત કરવા લગભગ મુશ્કેલ હોત. બીજા શબ્દોમાં એ કે રિસાલતકાળમાં સહાબીઓનું ઈજતેહાદ કરવું ઈજતેહાદનું શરઈ દલીલ હોવાની ઈલ્મી સાબિતી પણ છે અને બાદવાળાઓ માટે ઈજતેહાદના કાયદા તથા શરતોનો કિંમતી દસ્તાવેજ પણ છે. *(જામે નૂર, દિલ્હી, ઈજતેહાદ વ તકલીદ નંબર, એપ્રિલ–૨૦૦૭)*

## કહેવાતા અહલે હદીષો જાણી લે !

# રિસાલત કાળમાં ઈજતેહાદનું અસ્તિત્વ

**અઝ : હઝરત અલ્લામા મૌલાના મુફ્તી**
**મેહમૂદ અખ્તર કાદરી-મુંબઈ**
**અનુવાદક હઝરત મૌલાના ગુલામ યાસીન નૂરાની**
**મિસ્બાહી ટંકારવી** *(હાલ, મુબારકપુર, યુ.પી.)*

અલ્લાહના કલામ અને નબવી હદીષોની રોશનીમાં મુજતહિદ ઈમામો رضوان الله تعالى عليهم اجمعين નું 'કયાસ' તથા 'ઈજતેહાદ' ફર્માવવું એક 'ઈજમાઅ' થયેલ મસ્અલો છે, છતાં તેને બાતિલ (ખોટો) ઠરાવવું અને બુરી બિદઅત તથા ગુમરાહી ઠરાવવું એ એવા લોકોનું કામ છે જઓ ઈબ્ને તૈમિયહ્ તથા ઈબ્ને કૈય્યિમ જેવા લોકોના કથનો પર અકીદો (ઈમાન) ધરાવે છે અને એવી આંધળી "તકલીદ" કરે છે જાણે કે તેમની નજીક તેમનાં કથનો કતઈ નસો (કુર્આની દલીલ)નો દરજ્જો ધરાવે છે ! બલ્કે ક્યારેક તેમનાં કથનોને આધારે નસ્સે કતઈ (કુર્આની દલીલો)ને રદ કરતાં પણ ખચકાતા નથી. આ લોકો કહેવાતા અહલે હદીષ, ગૈર મુકલ્લિદો સીધા સાદા, ઓછા ઈલ્મવાળા સહીહુલ અકીદા સુન્ની મુસલમાનોને બહેકાવવા તથા ભટકાવવા માટે એ જૂઠ તથા આક્ષેપથી રજમાત્ર પણ નથી શરમાતા અને કહે છે કે, "મુજતહિદ ઈમામોનો ઈજતેહાદ બિદઅત તથા પાયાહિન છે, કુર્આન તથા સુન્નત (હદીષ)થી ન તેની ઈજાઝત છે ન તો રિસાલતકાળ તથા સહાબાના યુગમાં એનું દૃષ્ટાંત મળે છે." ગૈર મુકલ્લિદોના આ દાવાની પોલ ખોલવાના માટે તેમજ સહીહુલ અકીદા મુસલમાનોના દિલી ઈત્મિનાન તથા અકીદાની મજબૂતી તથા અડગતા માટે અહીં અમે દલોલોથી સાબિત કરીશું કે રિસાલતકાળમાં પણ અમુક સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين ને ઈજતેહાદની ઈજાઝત હતી, અને તેમણે જરૂરતના સમયે ઈજતેહાદ તથા કયાસ કર્યો જેના પર હુઝૂર صلى الله عليه وسلم એ થપકો આપવા કે નારાજગી દર્શાવવાને બદલે તેમનું સમર્થન કર્યું તથા ટેકો આપ્યો અને કયાસમાં ખતા થવાના સંજોગોમાં તેનો નિર્દેશ કર્યો અને સહાબાએ કિરામને કયાસથી જરાય મના ન કર્યું.

સામાન્યતઃ એવું ધારવામાં આવે છે કે ઈજતેહાદ તથા કયાસનો પ્રારંભ રિસાલતકાળ પછીથી થયો છે, રિસાલતકાળમાં ન ઈજતેહાદ થયો હતો ન તો ઈજતેહાદની જરૂરત હતી, કેમ કે તે વહીના નુઝૂલ (ઉતરાણ)નો દૌર હતો અને સહાબાએ કિરામ સર્વે હુકમો તથા મસાઈલને કિતાબુલ્લાહ તથા હદીષોના ખુલાસાઓ થકી જાણી લેતા હતા તો તેમને કયાસ તથા ઈજતેહાદની જરૂરત જ શું હતી !

આ ખયાલ એ હદ સુધી તો સહીહ છે કે ઈજતેહાદની જરૂરત રિસાલતકાળ પછી ઉભી થઈ અને ઈજતેહાદ કરનારાઓએ એ હોદ્દાને બાકાયદા ઉમદા રીતે નિભાવ્યો પણ ખરો, એટલે સુધી કે ભવિષ્યમાં પેદા થનાર મસાઈલમાં તેમણે મુસલમાનોને સંપૂર્ણપણે ઈજતેહાદથી બાદ પણ કરી આપ્યા. પરંતુ એવું સમજવું કે રિસાલતકાળમાં ઈજતેહાદની કોઈ એતબારથી જરૂરત હતી જ નહીં, ન તો ઈજતેહાદ થયો, **આ એક કપોળ કલ્પિત ખયાલ છે**, હકીકત સાથે તેને કોઈ જ સંબંધ નથી.

હા ! આ પ્રસંગે એ પ્રશ્ન થઈ શકે છે કે **ઈજતેહાદ તથા કયાસના માટે** કિતાબ તથા સુન્નતની ભરપુર મઅરેફત (જાણકારી) એક **પાયાની શરત** છે. "મુસલ્લમુષ્ષબૂત"માં છે :–

**(અર્થ)** : કિતાબુલ્લાહની ઈબારત (લખાણ) તથા ભાવાર્થ તથા હુકમને જાણવું તેમજ રસૂલની હદીષનો અર્થ તથા સનદને જાણવું ઈજતેહાદની શરતોમાંથી છે, જેથી

મુજતહિદનો ઈજતેહાદ કોઈ મન્સૂસ હુકમ (કુર્આની દલીલથી સાબિત હુકમ)ની વિરુધ્ધ ન જાય. જેથી રિસાલતકાળમાં ઈજતેહાદની ગુંજાઈશ ન હોવી જોઈએ કેમ કે રસૂલુલ્લાહ ﷺ નું જાતે પોતે લોકો સમક્ષ મૌજૂદ હોવું નસ (દલીલ)ના સ્થાને છે કે સર્વ શરીઅતના હુકમોનો હલ આપના થકી હાંસલ થઈ શક્તો હતો. તો જો આપની મૌજૂદગીમાં કયાસ કે ઈજતેહાદની ઈજાઝત આપવામાં આવે તો એક મોટો ફસાદ (ખરાબી) એ ઉપસ્થિત થાય કે હુકમોને પહેચાનવાના નિકટતમ તથા અતિ મજબૂત ઝરીયાને ત્યજીને એવા તરીકાને અધિકાર આપવામાં આવે જેમાં ખતાનો અવકાશ પણ મૌજૂદ છે.

આ પ્રશ્ન પર સામાન્ય વિચારણા પછી એ હકીકત ઉઘડીને સામે આવી જાય છે કે રિસાલતકાળમાં ઈજતેહાદની ઈજાઝત આપવામાં એ ખરાબીનો ખતરો એ સંજોગોમાં હોતો જ્યારે કે ખતાની ગુંજાઈશ બાકી રહી જાય. અને એ વાત માનવું યોગ્ય નથી કે વહીનો સિલસિલો ચાલુ હોય અને ઈજતેહાદની ખતા પર ચેતવણી ન કરવામાં આવે.

તદ્ઉપરાંત વહી એહકામની મઅરેફતના માટે મજબૂત તરીન ઝરીયો ત્યારે છે જ્યારે કે વહીની મઅરેફતનો મોકો હોય અને હુકમ પૂછનારા સહાબી બારગાહે રિસાલતમાં હાજર હોય. પરંતુ જો સહાબી બારગાહે રિસાલતથી એટલા દૂર હોય કે મસ્અલો પૂછવાનો તેમને મોકો ન મળે તો તેઓના માટે મજબૂત તથા નિકટતમ ઝરીયો કયાસ તથા ઈજતેહાદ જ છે અને ખતાની ગુંજાઈશ નુકસાનકર્તા નથી.

એ વાત પણ નોંધપાત્ર છે કે રિસાલતકાળના ઈજતેહાદોમાં ફસાદ (ખરાબી)ના ખતરાથી સુરક્ષાની સાથોસાથ સહાબાએ કિરામની ઈજતેહાદી તર્બિયત (કેળવણી)નો મહાન ફાયદો પણ અસરકર્તા છે, જેના પરિણામે ફિક્હનું ભાવિ અતિશય ઉજ્જવળ થઈ ગયું. એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ લાયકાતવાળા સહાબાએ કિરામને ખાસ સંજોગોમાં ઈજતેહાદની ઈજાઝત આપી રાખી હતી. જેમ કે મઆઝ ઈબ્ને જબલ, હઝરત અબૂ મૂસા અશ્અરી અને હઝરત અમ્ર ઈબ્ને આસ رِضْوَانُ اللهِ تَعَالَىٰ عَلَيْهِمْ اَجْمَعِيْنَને સ્પષ્ટપણે ઈજાઝત આપી. *(ઉસૂલુસ્સરખસી, ભાગ-૨, પેજ-૧૩૦)*

**સહાબીઓનો ઈજતેહાદ** : અમારી જાણ પ્રમાણે સહાબાએ કિરામની ઈજતેહાદી તર્બિયત (ઈજતેહાદ કરવાની કેળવણી) ત્રણ વિભાગમાં વહેંચી દેવામાં આવી હતી : (अ) મુશાવેરત (ब) જરૂરતના સમયે ઈજતેહાદ (क) નુસૂસે અહકામની તાવીલ.

એમાંથી દરેકનું નીચે વિગતવાર વર્ણન કરવામાં આવે છે :–

**(अ) મશાવેરત** : રસૂલુલ્લાહ ﷺ અસ્હાબે રાય સહાબાથી અમુક એવી બાબતોમાં મશ્વરો કરતા હતા જેનાથી શરીઅતનો હુકમ પણ સંબંધિત હોય છે. કુર્આને હકીમમાં આ મશ્વેરાનો હુકમ આ પ્રમાણે આપવામાં આવ્યો : **وشاورهم فى الامر** કુર્આને હકીમનો આ હુકમ એ વાતની દલીલ છે કે મશાવેરતના સમયે સહાબાએ કિરામને પોતાના કયાસ તથા ઈજતેહાદની રોશનીમાં મશ્વરો આપવાનો સંપૂર્ણ અધિકાર પ્રાપ્ય હતો. એ અલગ વાત છે કે એ મશ્વરાઓમાંથી કોઈ એકને અગ્રિમતા આપીને બાકીનાને ખતા અથવા ગૈર ઉલા (અફઝલ નહીં) ઠરાવવામાં આવતો.

જેમ કે બદરના કેદીઓના બારામાં રસૂલુલ્લાહ ﷺ થકી હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہને પૂછવામાં આવ્યું કે આ કેદીઓના બારામાં આપનું શું મંતવ્ય છે ? હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہએ અર્ઝ કરી કે આપની કૌમ તથા કબીલાના લોકો છે, મારું મંતવ્ય એ છે કે તેમને ફિદિયો લઈને છોડી

દેવામાં આવે એનાથી મુસલમાનોને શક્તિ પણ મળશે, અને આશ્ચર્યની વાત નથી કે અલ્લાહ તઆલા તેમને ઈસ્લામ નસીબ કરે. હઝરત ઉમરને પૂછતાં તેમણે અર્ઝ કરી કે, નહીં ! ક઼સમ એ જાતની જેના સિવાય કોઈ મઅબૂદ નથી ! મારું એ મંતવ્ય નથી જે અબૂબક્રનું છે, યા રસૂલલ્લાહ ! ﷺ આ કુફ્રના સરદારો અને આગેવાનો છે, મારું મંતવ્ય એ છે કે તમે એમના પર અમને નક્કી કરી આપો તો અલીને અક઼ીલ પર નિશ્ચિત કરો કે તેની ગરદન મારે, મને મારા ફલાણા સગા માટે નિયુક્ત કરો કે હું તેની ગરદન મારી દઉં. તો રસૂલુલ્લાહ ﷺ એ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہનો ક઼ૌલ પસંદ ફર્માવ્યો, એટલે કે ફિદિયો લેવાની જ વાત નિશ્ચિત થઈ, અને જ્યારે ફિદિયો લેવામાં આવ્યો તો આ આયતે કરીમા નાઝિલ થઈ :–

**ماكان لنبى ان يكون له أسرىٰ حتى يثخن فى الارض (الى قوله تعالى) حلالا طيبا۔**

"કોઈ નબીને લાયક નથી કે કાફિરોને જીવતા કેદ કરે જ્યાં સુધી જમીનમાં તેમનું લોહી ખૂબ ન વહાવે." *(અન્ફાલ–૬૭)*

એ જ પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે જ્યારે મુસલમાન મદીનામાં આવ્યા તો એકત્ર થઈને નમાઝનો અંદાજો લગાડી લેતા હતા, નમાઝો માટે અઝાનો આપવામાં આવતી ન હતી. એક દિવસે સહાબાએ કિરામે એના અનુસંધાનમાં મશ્વરો કર્યો તો અમુકે કહ્યું કે ઈસાઈઓના શંખની જેમ શંખ બનાવી લો. અમુકે કહ્યું, યહૂદીઓના બ્યૂગલની જેમ બ્યૂગલ બનાવો. ત્યારે હઝરત ઉમરે કહ્યું કે, કોઈને નમાઝનું એલાન કરવા માટે શા માટે નિશ્ચિત નથી કરતા ? એના પર હુઝૂર ﷺએ ફર્માવ્યું : **يابلال قم فناد بالصلوة** "હે બિલાલ ઉઠો ! પછી આપે નમાઝની અઝાન આપી." *(બુખારી, ભાગ–૧, પેજ–૮૫, મુસ્લિમ, ભાગ–૧, પેજ–૧૬૪)*

આ મશાવેરતમાં હઝરત ઉમરે પોતાના ઈજતેહાદ વડે યહૂદી તથા નસારા (ઈસાઈ)નો એલાનનો તરીકો સ્વીકારવાનું નાપસંદ કર્યું અને નમાઝના એલાનનો મશ્વરો પણ પોતાના ઈજતેહાદ વડે આપ્યો. વળી હુઝૂર ﷺએ એને પસંદ પણ ફર્માવ્યો.

**(બ) જરૂરતના સમયે ઈજતેહાદ :** સહાબાએ કિરામને કોઈ સફરમાં અથવા કોઈ અન્ય જગાએ જ્યાં રસૂલુલ્લાહ ﷺ હાજર ન હોતા ત્યાં તાત્કાલિક ઈજતેહાદની જરૂરત ઉભી થતી, કેમ કે દૂર પહોંચ્યા પછી ત્વરિત નિર્ણય લેવાનો હોવાને કારણે તેમને હુઝૂર ﷺના દરબારમાં રજૂઅ કરવાનો મોકો મળી શક્તો ન હતો, એટલા માટે સહાબાએ કિરામને એવા સંજોગોમાં ઈજતેહાદની ઈજાઝત હતી. જેમ કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہને યમનના વાલી અને ક઼ાઝી નિયુક્ત કરતી વખતે ઈર્શાદ ફર્માવ્યો :–

**(અર્થ)** : "જ્યારે તમારી પાસે કોઈ કેસ આવશે તો કઈ રીતે ફેંસલો કરશો ? તેમણે કહ્યું, કિતાબુલ્લાહથી. ફર્માવ્યું કે, જો કિતાબુલ્લાહમાં ન પામો તો ? અર્ઝ કરી કે, રસૂલુલ્લાહ ﷺની સુન્નતથી. ફર્માવ્યું કે જો સુન્નતમાં પણ ન પામો તો ? અર્ઝ કરી કે, ખૂદની રાયથી ઈજતેહાદ કરીશ અને એમાં ગફલતને દખલ દઈશ નહીં. મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ (દાદના રૂપે) મારી છાતી પર હાથ થપકાર્યો અને ફર્માવ્યું કે, "અલ્લાહનો શુક્ર છે કે જેણે રસૂલુલ્લાહ ﷺના કાસિદને તે તૌફીક આપી જેનાથી અલ્લાહનો રસૂલ રાજી છે." *(તિર્મિઝી, ભાગ–૧, પેજ–૧૫૯, અબૂ દાઊદ, પેજ–૧૬, બાબુલ ઈજતિહાદ)*

હવે નીચેના લખાણમાં જરૂરતના પ્રસંગોએ સહાબાએ કિરામના ઈજતેહાદનાં અમુક દૃષ્ટાંતો

રજૂ કરીએ છીએ :–

**(૧)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે ગઝવાએ અહઝાબના દિવસે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે કોઈ પણ અસ્રની નમાઝ ન પઢે પણ કબીલા બની કુરૈઝામાં. તો હજી માર્ગમાં જ હતા એવામાં અસ્રનો સમય થઈ ગયો. એમનામાંથી અમુકે કહ્યું કે અમે બની કુરૈઝામાં પહોંચીને જ નમાઝ પઢીશું. અમુકે કહ્યું કે અમે અહીં જ નમાઝ પઢીશું, હુઝૂરે અકરમ ﷺની મુરાદ એ ન હતી કે બની કુરૈઝાથી પહેલાં જો સમય આવી જાય તો પણ ન પઢશો. જ્યારે એ વાત રસૂલ ﷺથી વર્ણન કરવામાં આવી તો આપે કોઈને ટોકયા નહીં. *(બુખારી, ભાગ–૨, પેજ–૫૯૧, કિતાબુલ મગ઼ાઝી)*

જે સહાબાએ કિરામે માર્ગમાં નમાઝ ન પઢી હતી તેમનો ઈજતેહાદ એ હતો કે અહીં 'નેહી' (મનાઈ) હક઼ીક઼ત પર અવલંબિત છે જેથી સમય છૂટી જવામાં કોઈ વાંધો નથી. અને સમય કરતાં મોડુ કરીને નમાઝ પઢવાની જે 'નેહી' આવેલ છે એ "પ્રથમ નેહી" છે અને આ "નેહી બીજી" છે, અને "બીજી નેહી" ને "પ્રથમ નેહી" પર અગ્રિમતા હોય છે, સમજો કે આ 'નેહી' એક નિશ્ચિત સમયના માટે નસ્ખ (રદ થયેલ) છે. અને તે સહાબાએ કિરામ જેમણે માર્ગમાં જ અસ્રની નમાઝ અદા કરી લીધી હતી તેમનો ઈજતેહાદ હતો કે અહીં 'નેહી' (મના કરવું) હક઼ીક઼ત પર આધારિત નથી, બલ્કે બની કુરૈઝાની તરફ ઝડપભેર આગળ વધવા પ્રતિ નિર્દેશ છે.

આ મતભેદ પર માહિતગાર થયા બાદ સરકારે દો આલમ ﷺએ કોઈની પણ ટીકા ન કરી. એ એના પર દલીલ છે કે મુજતહિદ પર કોઈ ગુનોહ નથી, ચાહે સહીહ કરનાર હોય કે ખતા પર હોય. બલ્કે તે બંનેવ ઈજતેહાદમાંથી કોઈ એકનો ઈન્કાર ન કરવું એ એ વાતની દલીલ છે કે મુતજહિદે પોતાના ઈજતેહાદ પ્રમાણે અમલ કરવો વાજિબ છે, ભલે ને તેના ઈજતેહાદમાં ખતા ઉપસ્થિત થાય. કેમ કે ક઼ાયદાના પ્રમાણે આ પ્રસંગના બંને ઈજતેહાદોમાંથી જરૂર એક જ સવાબ (સહીહ) હશે અને બીજો ખતા પર. પણ કેમ કે એ હુકમ ખાસ મોકા માટે જ હતો અને એ મોકો બાકી ન રહ્યો એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ કોઈની ઈજતેહાદી ખતાને પ્રદર્શિત કરવું જરૂરી પણ ન સમજ્યું. જેથી અહીં એ પ્રશ્નને પણ સ્થાન નથી કે હુઝૂરે કોઈની ખતાને પ્રદર્શિત કેમ ન કરી ?!

**(૨)** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે : બે માણસો સફરમાં ગયા. નમાઝનો સમય આવી ગયો અને તેમની પાસે પાણી પણ ન હતું જેથી તેમણે પાક માટી વડે તયમ્મુમ કરીને નમાઝ અદા કરી લીધી. પછી નમાઝનો સમય બાકી હતો એ દરમ્યાન જ પાણી ઉપલબ્ધ થઈ ગયું તો એમનામાંથી એ કે વુઝૂ કરીને નમાઝ દોહરાવી લીધી અને બીજાએ ન દોહરાવી. પછી હુઝૂર ﷺની બારગાહમાં હાજર થઈને પ્રસંગ કહી સંભળાવ્યો. તો જેમણે વુઝૂ કરી દોહરાવી ન હતી એમને આપ ﷺએ ફર્માવ્યું : "તેં સુન્નત પામી લીધી અને તારી નમાઝ સહીહ રહી." અને જે સાહબે વુઝૂ કરીને નમાઝ દોહરાવી લીધી હતી તેમને ફર્માવ્યું, "તમને બમણો સવાબ છે."

આ હદીષમાં એક સહાબીએ એવો ઈજતેહાદ કર્યો કે તયમ્મુમ કરીને નમાઝ અદા કરી લીધા પછી એ જ નમાઝના સમયમાં પાણી મળી જતાં વુઝૂ કરીને નમાઝ દોહરાવવાની નથી. કેમ કે તયમ્મુમની આયત મુત્લક છે, કે એમાં નમાઝ અદા કર્યા પછી પાણી મળવા કે ન મળવાની કોઈ શર્ત નથી.

બીજા સહાબીને એ શંકા ગઈ કે તયમ્મુમનું જાઈઝ હોવું પાણી ન મળવાની સ્થિતિમાં છે. જેથી એમાં એ અવકાશ પણ છે કે નમાઝના પૂરા સમયમાં પાણી ન મળવાની સ્થિતિમાં તયમ્મુમ છે, એટલા માટે સાવધાનીનો તકાઝો એ છે કે નમાઝને દોહરાવી

લેવામાં આવે.

રસૂલુલ્લાહ ﷺએ પ્રથમને સહીહ ઠરાવવાની સાથોસાથ બીજાને પણ માન્ય રાખ્યું. એના પરથી જાણવા મળ્યું કે મુજતહિદને જ્યારે દલીલથી સ્પષ્ટ પરિણામ ન મળે તો સાવચેતીનું પાસુ અપનાવે. અને એ પણ જણાયું કે મુજતહિદને જો ડબલ કામ કરવું પડે તો ડબલ સવાબનો એના લીધે તે હક્કદાર થયો કે તેણે બંને અમલો એક જ નિય્યત સાથે કર્યા હતા. દરેક ઈન્સાન માટે તે જ છે જેની તેણે નિય્યત કરી.

**(૩)** હઝરત અમ્માર ઈબ્ને યાસર رضی اللہ عنہما ફર્માવે છે, હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہની ખિદમતમાં એક શખ્સ હાજર થયો અને અર્ઝ કરી, હું જનાબતની હાલતમાં પાણી ન પામુ તો શું કરું ? મેં હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہને કહ્યું કે, હે અમીરુલ મો'મિનીન ! શું તમને યાદ નથી ?! કે તમે અને હું સફરમાં હતા (અને આપણને બંનેવને જનાબત લાગુ થઈ) તમે નમાઝ ન પઢી અને હું માટીમાં ખૂબ લોથપોથ થયો પછી નમાઝ અદા કરી લીધી. મેં હુઝૂર ﷺથી એનું વર્ણન કર્યું તો આપે ફર્માવ્યું, ''તમારા માટે આટલું પૂરતુ હતું, પછી હુઝૂરે પોતાના બંનેવ મુબારક હાથો જમીન પર માર્યા અને તેના પર ફૂંક મારી તેને મોઢા તથા હાથો પર ફેરવી લીધા. *(બુખારી, ભાગ-૧, પેજ-૪૮, મુસ્લિમ, ભાગ-૧, પેજ-૧૬૧, અબૂ દાઊદ, ભાગ-૧, પેજ-૫૩, તહાવી, ભાગ-૧, પેજ-૬૭)*

આ હદીષથી સ્પષ્ટ થાય છે કે રસૂલુલ્લાહ ﷺના મુબારક સમયમાં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین કયાસ તથા ઈજતેહાદ કરતા હતા. હઝરત ઉમર رضی اللہ عنہ એ ગુમાન સાથે રોકાઈ રહ્યા કે તયમ્મુમ કેવળ વુઝૂનું નાયબ છે, જનાબતના માટે જાઈઝ નથી. અને હઝરત અમ્માર બિન યાસર رضی اللہ عنہએ એ કયાસ કર્યો કે વુઝૂના બદલે વુઝૂના પ્રકારનું તયમ્મુમનો હુકમ છે અને ગુસલના બદલામાં ગુસલના જ પ્રકારનું તયમ્મુમ હશે. (જેથી આખુ શરીર માટીમાં લોથપોથ કર્યુ.)

જેથી એના કારણે આખા શરીર માટે ઘસી લીધી. પરંતુ સરકાર ﷺએ એના પર પકડ નથી કરી. એના પરથી સ્પષ્ટ તથા જાહેર થાય છે કે મુજતહિદનો ઈજતેહાદ જે સવાબ (સહીહ) તથા દુરુસ્ત ન હોય તેની ટીકા કરવામાં ન આવે અને એ ઈજતેહાદ પર અમલ કરવાથી દોહરાવવાની પણ જરૂરત નથી. *(ફત્હુલબારી, ભાગ-૧, પેજ-૩૩, અશ્અતુલ લમ્આત, ભાગ-૧, પેજ-૨૬૩)*

ઉપરોક્ત હદીષની શરહમાં ઈમામ ઈબ્ને હજર અસ્કલાની ફર્માવે છે : ''આ હદીષથી એ ફાયદો થયો કે રસૂલુલ્લાહ ﷺના મુબારક સમયમાં પણ સહાબાએ કિરામનો ઈજતેહાદ થયો છે.'' *(ફત્હુલબારી, ભાગ-૧, પેજ-૩૦૩)*

(ક) **અહકામની નસો (દલીલો)ની તાવીલઃ** ઈજતેહાદની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે **અર્થ** : ઝન્ની (ગુમાનવાળા) શરઈ હુકમની પ્રાપ્તિમાં ફકીહનું સંપૂર્ણ કોશિશ કરવું ઈજતેહાદ છે. *(મુસલ્લમુષ્ષબૂત મઅ ફવાતિહુર્રહમૂત, પેજ-૬૦૩)*

આ વ્યાખ્યાથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે શરઈ અહકામ (હુકમો)ના સંબંધે અમુક કુર્આની નસો (દલીલો)ની તાવીલ તથા ખાસ અર્થ કરવા એ પણ ઈજતેહાદમાં સામેલ છે.

હવે એ જોવાનું છે કે રિસાલતકાળમાં સહાબાએ કિરામ થકી આવા પ્રકારના ઈજતેહાદો અસ્તિત્વમાં આવ્યા છે કે નહીં ?!

જ્યારે કે તેમને તફસીલ (વિગત) તથા તાવીલ પૂછવાના મોકાઓ મયસ્સર હતા, છતાં પણ તેમને ત્યાં નસો (દલીલો)ની તાવીલોના દાખલા જોવા મળે છે, તેનું એક કારણ એ પણ હતું કે તેમને અતિ પ્રશ્નો કરવાથી રોકી દેવામાં આવ્યા હતા. જેમ કે રબ તઆલાનો ઈર્શાદ છે :-

يايها الـذيـن اٰمنوالا تسئلوا من اشياء ان تبدلكم تسؤكم۔

"હે ઈમાનવાળાઓ ! એવી વાતો ન પૂછો જે તમારા પર જાહેર કરી દેવામાં આવે તો તમને બુરી લાગે."

જેથી એ હઝરાત જરૂરતના સમયે તાવીલ તથા (આયતનો) ખાસ અર્થ કરવો વગેરેમાં ઈજતેહાદનો અમલ ચાલુ રાખતા હતા. અને એનો એક હેતુ એ પણ હતો કે ઈજતેહાદી લાયકાતોને કામે લગાડવાની તેમને નિપૂણતા પ્રાપ્ત થઈ જાય. અને આ કામમાં તેમની સંપૂર્ણ તર્બિયત (કેળવણી) પણ થઈ જાય. કેમ કે અમુક તાવીલોનું સહીહ હોવું (સમર્થન) બારગાહે રિસાલતથી થઈ જતી અને અમુકની ખતા જાહેર કરી દેવામાં આવતી અને અમુકને તેના હાલ પર છોડી દેવામાં આવતી, જે સહીહના ગૃપમાં આવતી.

અહીં નીચેના લખાણમાં હવે અમે સહાબાએ કિરામથી શરઈ હુકમોના વિશે નસો (દલીલો)ની અમુક તાવીલોના દષ્ટાંતો રજૂ કરીએ છીએ, એ દષ્ટાંતોથી એ પણ જણાઈ જશે કે કુર્આની નસો (દલીલો)માં સહાબાએ કિરામની ઈજતેહાદી તાવીલોમાંથી કોને બારગાહે રિસાલતમાંથી સહીહ હોવાનું સમર્થન મળ્યું અને કોને ખતા ઠરાવી દેવામાં આવી.

**(૧)** હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ ફર્માવે છે, "ગઝવએ ઝાતે સલાસિલની એક ઠંડી રાત્રે મને એહતેલામ થઈ ગયો. મને ડર લાગ્યો કે ક્યાંક ગુસ્લ કરવાથી જાન ન ખોઈ બેસું જેથી તયમ્મુમ કરીને મારા સાથીઓને નમાઝ પઢાવી દીધી. લોકોએ આ વાતનો હુઝુર ﷺને ઉલ્લેખ કર્યો.

આપે ફર્માવ્યું, હે અમ્ર ! તમે જનાબતની હાલતમાં તમારા સાથીઓને નમાઝ પઢાવી આપી? મેં ગુસ્લ ન કરવાનું કારણ રજૂ કર્યું અને અર્ઝ કરી કે અલ્લાહ તઆલાનો આ ઈર્શાદે ગિરામી મેં સાંભળ્યો છે : ولا تقتلوا انفسكم ان الله كان بكم رحيما

"તમારી જાનોને હલાક ન કરો, બેશક ! અલ્લાહ તમારા પર મહેરબાન છે." તો હુઝૂરે અકરમ ﷺએ સ્મિત ફર્માવ્યું અને કાંઈ કહ્યું નહીં. *(અબૂ દાઊદ, ભાગ-૧, પેજ-૫૬)*

એટલે કે અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہએ આયતે કરીમા ولا تقتلوا انفسكمને સામાન્ય સંજોગોમાં લાગુ પાડીને તયમ્મુમનું જાઈઝ હોવાનો મસ્અલો કાઢયો અને રસૂલુલ્લાહ ﷺએ આ કાઢવાને તથા ઈજતેહાદને રદ ન કર્યો બલ્કે સ્મિત ફર્માવ્યું. અને આ ઈજતેહાદ તથા મસ્અલો કાઢવુ સહીહ હોવાનું સમર્થન તથા સહીહ ઠરાવવું છે.

આ હદીષથી તદ્દન સ્પષ્ટપણે સાબિત થઈ જાય છે કે રિસાલતકાળમાં ઈજતેહાદ જાઈઝ હતો. જેમ કે આ હદીષની શરહમાં ઈમામ ઈબ્ને હજર અસ્કલાની ફર્માવે છે : "અને આ હદીષ પુરવાર કરે છે કે નબી ﷺના જમાનામાં ઈજતેહાદ જાઈઝ હતો."

**(૨)** હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે અમે એક સફરમાં ગયા તો અમારામાંથી એક શખ્સને પથ્થર વાગવાથી માથામાં ઘા થઈ ગયો, પછી તેને એહતેલામ થઈ ગયો. તો તેણે સાથીઓને પૂછયું કે, શું તમે લોકો મારા માટે તયમ્મુમની ઈજાઝત પામો છો ? તે લોકોએ કહ્યું કે અમે તમારા માટે તયમ્મુમની ઈજાઝત નથી પામતા, તમે પાણી માટે શક્તિમાન છો. જેથી તેમણે ગુસ્લ કર્યું જેના કારણે તેમનું મૃત્યુ થઈ ગયું.

જ્યારે અમે હુઝૂરે અકદસ ﷺની ખિદમતમાં હાજર થયા તો આપને આ બનાવની ખબર આપવામાં આવી. આપે ફર્માવ્યું;

"તેમને ખુદા ગારત કરે ! તેમણે એને મારી નાખ્યો. જ્યારે જાણતા ન હતા તો પૂછી કેમ ન

લીધું ? કેમ કે અજ્ઞાનતાનો ઈલાજ પૂછી લેવું જ છે. એના માટે તયમ્મુમ પૂરતુ હતું અને પોતાના ઘા પર કપડુ લપેટીને તેના પર હાથ ફેરવી લેત અને બાકીનું શરીર ધોઈ નાખત." *(અબૂ દાઊદ, ભાગ-૧, પેજ-૫૬)*

જે લોકોએ ઝખ્મી સહાબીને ગુસલનો હુકમ આપ્યો હતો તેમણે આયતે કરીમા فلم تجدوا ماء فتيمموا صعيدا طيبا "તમે પાણી ન પામો તો પાક માટી વડે તયમ્મુમ કરો."નો મતલબ પોતાના ઈજતેહાદ થકી એ કાઢયો કે આયતના જાહેરી શબ્દોનો અર્થ એ છે કે તયમ્મુમ જાઈઝ થવા માટે પાણી ન મળવું શર્ત છે, અને જ્યાં સુધી પાણી મૌજૂદ છે તો તેમને તયમ્મુમની ઈજાઝત નથી મળી શક્તી. એ ઈજતેહાદનું પરિણામ એ જ નીકળ્યું કે لم تجدوا ماءًનો એ જ અર્થ ઘટાવીને ઝખ્મી સહાબીને ગુસ્લનો હુકમ આપી દીધો.

રસૂલુલ્લાહ ﷺએ એ તાવીલને રદ કરી આપી કે પાણી ન હોવાની સાથે જ તયમ્મુમનું જાઈઝ હોવું ખાસ નથી, બલ્કે જો પાણી મૌજૂદ હોય પણ વાપરવામાં મરી જવાનો કે બીમાર થઈ જવાનો ખતરો પણ છે તો પણ તયમ્મુમ જાઈઝ છે.

એટલે કે لم تجدوا ماءًથી શાબ્દિક અર્થ મુરાદ નથી, પાણી પર શક્તિમાન ન હોવું મુરાદ છે, ચાહે તેનું કારણ એ હોય કે પાણી ઉપલબ્ધ નથી અથવા એ કે પાણીના ઉપયોગથી સખત બીમારી અથવા મૃત્યુનો ખતરો છે. જેમ કે હઝરત અમ્ર ઈબ્ને આસે પણ એ જ સમજ્યું હતું, અને હુઝૂરે પોતાના તયમ્મુમ વડે એનું સમર્થન પણ કર્યું. સહાબાએ કિરામથી આ પ્રકારના ઈજતેહાદોના દષ્ટાંતો હદીષોની કિતાબોમાં શોધ કરવાથી પુષ્કળ પ્રમાણમાં એકત્ર કરી શકાય છે.

સહાબીઓની ઈજતેહાદી તર્બિયતના અનુસંધાનમાં ખૂદ રસૂલુલ્લાહ ﷺની તે હદીષો પણ રજૂ કરી શકાય છે જેમાં શરીઅતના અહકામ (હુકમો)નું બયાન ઈજતેહાદના અંદાજમાં કરવામાં આવેલ છે. એના અનુસંધાનમાં બે હદીષો સાબિતી રૂપે વર્ણન કરીએ છીએ :–

**(૧)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે જહીના કબીલાની એક સ્ત્રીએ રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરી કે મારી માંએ હજ્જની નઝર માની હતી પણ તેણી હજ્જ ન કરી શકી અને તેનો ઈન્તેકાલ થઈ ગયો તો શું હું તેણીની તરફથી હજ્જ કરી શકું છું ? તો સરકારે ફર્માવ્યું : "તેણી તરફથી હજ્જ કરો ! બતાવો કે જો તમારી માં પર કોઈ કરજ હોત તો શું તમે તેને અદા ન કરત ? તો અલ્લાહનો ફરીઝો અદા કરો કે (અન્યો કરતાં) અદા કરવામાં અલ્લાહનો હક્ક઼ જાહેર છે." *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૨૫૦)*

હજ્જે બદલની અદાયગી વાજિબ હોવા વિશે રસૂલુલ્લાહ ﷺએ દેવા (કરજ)ને દાખલા રૂપે પેશ કર્યું કે જે કામ આપણી જિમ્મેદારીમાં આવે તેને અદા કરવું અનિવાર્ય છે, જેમ કે લોકોનું દેવું. તો અલ્લાહનું જ દેવું (કરજ) બંદાઓ પર છે તેને અદા કરવું એથી વિશેષ મહત્વનું છે.

**(૨)** હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે એક દિવસ મેં આવેશમાં આવી રોઝાની હાલતમાં બોસો લઈ લીધો. પછી રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજરી આપી અને અર્ઝ કરી કે આજે મારાથી એક ઘણી જ મોટી વાત થઈ ગઈ છે કે રોઝાની હાલતમાં મેં બોસો લઈ લીધો. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "તમે બતાવો કે જો રોઝાની હાલતમાં પાણી વડે કુલ્લી કરી લેત તો શું થાત ? મેં અર્ઝ કરી, એમાં કોઈ વાંધો નથી. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તો એમાં શું (વાંધો ?)" *(તહાવી કિતાબુસ્સોમ, ભાગ-૧, પેજ-૩૪૪)*

વધુ પેજ નં. ૨૪ પર..

# અલ્લાહ પછી સૌથી મહાન હુઝૂર ﷺની ઝાત જ છે !

## બઅદ અઝ ખુદા બુઝુર્ગ તુઈ કિસ્સા મુખ્તસર

મસ્નવીએ રૂમી

રજૂકર્તા : હઝરત મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાળા (હાલ : બોલ્ટન, યુ.કે.)

હઝરત મૌલાના રૂમી رحمۃ اللہ علیہ ઈસ્લામી તસવ્વુફના એક મહાન આલિમ હતા. આપનું નામ મુહમ્મદ અને લકબ 'જલાલુદ્દીન' હતો. આપ ઈસ્વી સન ૧૨૦૭માં ખુરાસાનના એક શહેર બલ્ખમાં પેદા થયા હતા. આપના દાદા સાહબ હઝરત હુસૈન બલ્ખી رحمۃ اللہ علیہ તે સમયના પ્રતિષ્ઠાવાન આલિમ હતા. તે સમયના મોટા મોટા બાદશાહો પણ આપનો ખૂબ જ આદરમાન (અદબ) કરતા હતા. હઝરત મૌલાના રૂમી رحمۃ اللہ علیہ પ્રાથમિક દીની શિક્ષણ આપના વાલિદ સાહબ શૈખુલ ઓલમા હઝરત મૌલાના શૈખ બહાઉદ્દીન رحمۃ اللہ علیہથી લીધું હતું. ૧૮–૧૯ વર્ષની વયે આપ વાલિદ સાહબ સાથે તુર્કસ્તાનના એક શહેર કોનીયા ગયા, જ્યાં મહાન સૂફી બુઝુર્ગ હઝરત શમ્સુદ્દીન તબરેઝ رحمۃ اللہ علیہ પાસે રહી તસવ્વુફનું ઈલ્મ (જ્ઞાન) મેળવ્યું. તે સમયે તુર્કસ્તાનનો આ પ્રદેશ રૂમ તરીકે ઓળખાતો હતો એ સંબંધને કારણે આપને રૂમી તરીકે ઓળખવામાં આવે છે.

હઝરત શમ્સુદ્દીન તબરેઝી رحمۃ اللہ علیہના સંસર્ગમાં રહી આપને એ શાન (ઈલ્મ) પ્રાપ્ત થઈ કે જેનાથી રૂહાની જગતમાં આપનું સ્થાન ઉચ્ચતા આંબી ગયું.

રૂહાની શાનના આ મહાર્થી વિદ્વાનનો ૧૭ મી ડિસેમ્બર ૧૨૭૩માં કુનીયા ખાતે ઈન્તેકાલ થયો ત્યારે આખું રાષ્ટ્ર શોકમાં ઘેરાયેલું હતું. આપની આજીવનની મહેનતની કમાઈ જેને 'મષ્નવી' કહેવામાં આવે છે, જેમાં ૨૪૦૦૦થી અધિક પંક્તિઓનો સમાવેશ થાય છે. જેનું ખાસ કરીને દુનિયાની દરેક મુખ્ય ભાષાઓમાં ભાષાંતર થયેલ છે. આપની આ 'મષ્નવી' શરીફમાં કલામે પાકની સૂરતે કહફની આ આયત : قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ વિશે કહે છે કે, ઉપરોક્ત આયતે કરીમાને અણસમજુ લોકો ફક્ત શબ્દાર્થમાં જ લઈ ખોટું અર્થઘટન કરી હઝરત નબીએ કરીમ ﷺને પોતાના જેવા જાણી સમાનતાનો દાવો કરે છે. અલ્લાહ તઆલાએ કયા મોકા પર, કયા હેતુથી અને કયા કારણે આ પ્રમાણે ફર્માવ્યું છે તે તેઓ જાણતા નથી.

એ અણસમજ સામાન્ય જનોના સમાનતાના દાવાનું ખંડન કરતાં આપ પદ્ય (કવિતા)માં ફર્માવે છે કે :–

**ગુફ્ત શાંન માં યાં બશર ઉ શાં બશર**

''અણસમજુ લોકો કહે છે કે, આપણે અને અંબિયા علیہم السلام બધા જ બશર (માનવ) છીએ.''

**મા વ ઉ શાંન બસ્તહ અંદ દર ખ્વાબ ખુર**

''આપણે અને તેઓ ખાવા, પીવા, ઊંઘવા વિ.માં સરખા છીએ.''

**હમસરી બા અંબિયા (علیہم السلام) બરદાશ્તન**

''પોતાને અંબિયા (علیہم السلام)ના બરાબર સમજવું.''

**અવલિયારા હમ શું ખુદ પિન્દાસ્તન**

''અને એ જ પ્રમાણે અવલિયા અલ્લાહ رحمۃ اللہ علیہને પોતાના સમાન જાણવું.''

**તું ખયાલે જાહિલાંનો નાકિસાં**

''આ સમજ, તુચ્છ અજ્ઞાન લોકોની છે.''

**હસ્ત બાશદ ગચ્યો ગુમરાહી ઝિયાં**

''જે રાહથી ભટકાવનાર અને નુકસાન કર્તા છે.''

**કારે પાકારાં કિયાસ અઝ ખુદ મગીર**

''અલ્લાહ તઆલાના મકબૂલ બંદાઓની બાબતો (મામલા)ને પોતાના જેવી ન સમજ.''

**ગર ચે બાશદ દર નવીશ્તન શેરો શીર**

"જો કે લખાણમાં શેર (સિંહ) અને શીર (દૂધ)ની જોડણી એક સરખી છે."

**શૈર આંઅસ્ત આં કે આદમ રા દરદ**

"પરંતુ સિંહ (શેર) તે પશુ છે કે જે મનુષ્યને ફાડી ખાય છે."

**શીર આં અસ્ત આં કે આદમ મી ખુરદ**

"અને દૂધ (શીર) તે પદાર્થ છે કે જેને મનુષ્ય આરોગે છે."

**હરદો સૂરત ગર બહમ માનદ રવાસ્ત**

"વહેણમાં બંનેવ પ્રવાહી (પાણી) રંગ રૂપ એક જેવો છે."

**આબે તલખો, આબે શીરીન રા સફાઅતસ્ત**

"એક પાણી ખારુ છે, જ્યારે બીજું પાણી મીઠું છે."

**હર દો ગુલ ખુરદહ ઝંબુરો નહલ**

"ભમરો અને મધમાંખી બંનેવ ફૂલને ચૂસે છે."

**લયક શુદ ઝાં નેશ વ ઝીં દીગર અસલ**

"ભમરાના ઘરમાંથી ડંખ મળે છે અને મધમાંખીના પૂડામાંથી મધ મળે છે."

**હર દો ગો આહુ ગિયહ ખુરદંદો આબ**

"હિંદુસ્તાન અને ચીન બંનેવ દેશોમાં હરણ ઘાસ ખાય છે, પાણી પીએ છે."

**ઝીં યકે સુરગીં દિગર આં મુશ્ક નાબ.**

"હિંદુસ્તાનના હરણથી લીંડી અને ચીનના હરણથી કસ્તૂરી (મુશ્ક) પ્રાપ્ત થાય છે."

**હર દો નય ખુરદંદ અઝ યક આબ ખુર**

"શેરડી અને વાંસ બંનેવ એક જ જગ્યાએ થાય છે, દેખાવમાં બંનેવ એક સરખા છે."

**આં યકે ખાલી વ આં પુર અઝ શકર**

"વાંસ ખાલી (પોલો) હોય છે, જ્યારે શેરડીમાંથી ખાંડ બને છે."

**ગર બ સૂરત આદમી ઈન્સાન બુદે**

"જો માત્ર સૂરત (મુખાકૃતિ)થી જ માનવને માનવ કહેવામાં આવે."

**અહમદો ﷺ બુઝહલ હમ યકસાં બુદે**

"તો હુઝૂર ﷺ અને અબૂ જહલ બંને એક સરખા હોત."

**અહમદ ﷺ વ બુજહલ દર બુતખાના રફ્ત**

"હુઝૂર ﷺ અને અબૂ જહલ બુતખાના (કા'બા શરીફ)માં ગયા"

**મી શુદન તા આં શુદન ફર્કસ્ત રફ્ત**

"પરંતુ હુઝૂર ﷺ અને અબૂ જહલના જવામાં ઘણો મોટો ફેર છે."

**ઉ દર આયદ સર નેહદ ઉરા બુતાં**

"હુઝૂર ﷺ જયારે બુતખાનામાં (કા'બા શરીફ)માં દાખલ થયા તો મૂર્તિઓએ આપ ﷺને સજદો કર્યો."

**ઈ દર આયદ સર નેહદ ચું ઈશાન**

"અબૂ જહલે જઈને મૂર્તિઓને પોતે સજદો કર્યો."

**આં ચુના કઝ નૂર રૂયે મુસ્તફા ﷺ**

"હુઝૂર ﷺના નૂરાની ચહેરાનો પ્રકાશ"

**સદ હઝારાં નવએ ઝુલ્મત શુદ ઝિયાઅ**

"હજારો અંધકારોને રોશન કરતું હતું અને કરે પણ છે."

**શાહે દીનરા મનીગર અય નાદાન લતીન !**

હે નાદાનો ! હુઝૂર ﷺ પણ આપણી જેમ માટીમાંથી જ બનેલા છે અને આપણા જેવા જ છે એવું કદી વિચારશો નહીં કારણ કે :–

**કીં નઝર કર્દસ્ત ઈબ્લીસે લઈન !**

ઈબ્લીસે (શયતાને) હઝરત આદમ علیہ السلامને માટીથી બનેલા જોઈને સજદો ન કર્યો અને આદમ علیہ السلامની આંતરિક ખૂબી પર નઝર ન કરી !

મષ્નવી શરીફમાં મૌલાના રૂમી رحمۃ اللہ علیہ આવાં અનેક દષ્ટાંતો આપ્યાં છે આ બધી મઅરેફતની વાતો છે. જે લોકો હુઝૂર ﷺને પોતાના મિષ્લ પોતાના જેવા સમજે છે તે મિષ્લ તો શું મિષાલની પણ મિષાલ

આપી શક્તા નથી.

દા.ત. : ''સૂરતે બશર'' અને ''મિષ્લે બશર'' શાબ્દિક (શબ્દ) પ્રયોગોમાં બશર (માનવ) સામ્યતા છે. માનવ માટીમાંથી બનેલો છે. મુખાકૃતિ, શિક્કલ–સૂરતમાં ભલે સામ્યતા દેખાતી હોય ! તે છતાંયે દરેકમાં વિવિધતા છે. વળી એકબીજાના માન મર્તબા કક્ષામાં પણ ઘણુ અંતર છે.

હિરા, માણેક, પન્ના, પીરોજ, પોખરાજ, નીલમ, આરસપહાણ કે અન્ય સામાન્ય પથ્થરો બધા પથ્થરો જ છે. અરે ! કા'બા શરીફની દિવાલોના પથ્થર અને હરમ શરીફની ફર્શના પથ્થર પણ પથ્થર જ છે. 'હજરે અસ્વદ' અને રૂકને યમાની પણ પથ્થર જ છે છતાંયે બધા એક જેવા નથી.

બગદાદી કાયદામાં દર્શાવવામાં આવેલા અરબી અટ્ઠાવીસ મૂળાક્ષરો વડે જ કુર્આન શરીફ લખાયેલું છે છતાંએ બગદાદી કાયદાના અક્ષરો અને કલામે પાકના ''હુરૂફે મુકત્તેઆત'' અલિફ–લામ–મીમ, યા–સીન, અલીફ–લામ–રા, કાફ–હા–યા–એન–સુવાદ, હા–મીમ વિગેરેને પોતાની અક્કલ, ઈલ્મ, સમજ પ્રમાણે એના અર્થ વર્ણવી શક્તા નથી.

એ જ રીતે કુર્બે નબુવ્વત અને કુર્બે વિલાયતમાં પણ ફર્ક છે (કુર્બ : અલ્લાહ તઆલાની નઝદીકી) અવલિયા અલ્લાહના મરતબા (શ્રેણી, દરજ્જા)માં પણ ફર્ક છે.

શાબ્દિક અર્થમાં સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ સૌ એક સરખા છે પરંતુ મરતબા (શ્રેણી)માં તફાવત છે, બદરી સહાબા (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ) જેમણે બદરની જંગમાં ભાગ લીધો તેઓ અન્ય સહાબાએ કિરામની સરખામણીમાં મરતબામાં શ્રેષ્ઠ છે. બદરી સહાબા رَضِیَ اللّٰہُ عَنہ પર અશરએ મુબશ્શરહ (દસ ખુશનસીબ સહાબા જેમને હુઝૂરે ﷺ જન્નતી હોવાની બશારત આપી), અને એ દસ સહાબા (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ) પર ચારેય ખલીફાઓ (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ)ને મરતબામાં બુઝુર્ગી હાંસલ છે, અને એ ચારેવમાં હઝરત સિદ્દીકે અકબર رَضِیَ اللّٰہُ عَنہ ને શ્રેષ્ઠતા નસીબ છે.

એ જ પ્રમાણે :–

**تِلْکَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَھُمْ عَلٰی بَعْضٍ અર્થ :** ''અમે રસૂલોમાં એકને બીજા પર શ્રેષ્ઠતા આપી છે.'' *(પારા–૩, આયત–૧)*

આમ હોદ્દાની દૃષ્ટિએ બધા નબીઓ બરાબર છે પરંતુ પ્રતિષ્ઠા અને શ્રેણીમાં તફાવત છે. નબી કરતાં નબીએ મુરસલ અફઝલ છે. અને નબીએ મુરસલ કરતાં નબીએ ઉલુલ અઝમ અફઝલ છે. અને અંબિયા ઉલુલ અઝમ કરતાં હુઝૂર પુરનુર ﷺ અફઝલ છે.

**હદીષ શરીફ** : હુઝૂર ﷺએ ફર્માવ્યું, જો અલ્લાહ તઆલા મને પૈદા ન કરતે તો જમીન અને આસ્માનોને પૈદા ન કરતે.

જો હઝરત મૂસા علیہ السلام અને હઝરત ઈસા علیہ السلام મારા જમાનામાં હોત તો તે પણ મારી પયરવી (અનુસરણ) કરત.

મને મારા રબ તઆલા સાથે એક સમય એવો મળે છે કે, જ્યાં ન કોઈ ફરિશ્તા પહોંચે છે કે ન કોઈ નબીયે મુર્સલ. (عَلَیْھِمُ السَّلَامُ)

**સદ હઝારા હમચુની અશ્બાહ બીન**

''આવા હજારો દાખલા છે.''

**ફર્કે શાન હફ્તાદ સાલાહ રાહ બીન**

''કે જેમનામાં બેહદ તફાવત છે.''

હુઝૂર પુરનુર ﷺની બુઝુર્ગી, મર્તબો, કમાલાત, કુર્બે ઈલાહીને કોઈપણ પહોંચી શક્તું નથી. અલ્લાહ ﷻ પછી હુઝૂર ﷺની ઝાતે ગીરામી સૌથી મહાન છે અને રહેશે. અમે તો માત્ર એટલું જ કહી શકીએ કે : **બઅદ અઝ ખુદા બુઝુર્ગ તુઈ કિસ્સા મુખ્તસર** ''અલ્લાહ તઆલા પછી હુઝૂર ﷺની ઝાતે મુબારક સૌથી મહાન છે.''

મુજદિદ સૈયદી મુર્શિદી આ'લા હઝરત ફર્માવે છે;

**લેકિન 'રઝા'ને ખત્મે સુખન ઈસ પે કર દિયા ખાલિક કા બંદા, ખલ્ક કા આકા કહું તુઝે**

# ઐતિહાસિક ઈમાની ફેંસલો

★ સંપાદક ★

જનાબ 'જિગર' નબીપુરી–લંડન

પરવરદિગારે આલમે કુર્આન શરીફમાં પોતાના પ્યારા હબીબ ના અખ્લાકો (શિષ્ટાચાર)ની પ્રશંસા આ પ્રમાણે કરી છે :–

**સારાંશ** : "અય નબી! તમારા અખ્લાક઼ (શિષ્ટાચાર) સર્વથી ઉંચા અને શ્રેષ્ઠ છે." *(સૂરએ ક઼લમ, આ. ૪, પા. ૨૯)*

ઉચ્ચ અને આદર્શ અખ્લાકો જેવા કે નમ્રતા, ઈમાનદારી, પરહેઝગારી, અમાનતદારી, વફાદારી, ઉદારતા, સુજાઅત, સખાવત, શર્મો હયા, સબ્રો–ઈસ્તેકામત, બિરાદરી, ગરીબપરવરી વિગેરેમાં આપની દઢતા એવી હતી કે, દઢતાના મેદાનમાંથી આપનો ક઼દમ કદી પાછો હટયો નથી, જેના કારણથી પ્રભાવિત થઈને આપને અરબ લોકો 'અમીન' અને 'સાદિક' કહેતા હતા.

આપ ﷺનો ઈર્શાદ છે કે, સારાંશ : "હું નબી એટલા માટે મુકર્રર કરવામાં આવ્યો છું કે, અખ્લાક઼ોને અંતિમ દરજ્જા સુધી પહોંચાડી દઉં."

આમ જન કલ્યાણ અને સમાજની ઉન્નતિ માટે અલ્લાહ તઆલાએ તેના સર્વ શ્રેષ્ઠ નબી હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺને આ દુનિયામાં મોકલ્યા;, જેમના હુકમોનું પાલન અને અનુસરણ, દરેક મુસલમાનને માટે ફર્ઝ કરવામાં આવ્યું અને એનું ઉલ્લંઘન કરનારા અને અસ્વીકૃતિ કરવાવાળાઓને ઈસ્લામમાંથી અલગ મૂકી દીધા છે.

અલ્લાહ તઆલાનો હુકમ થયો કે :–

قُلْ اَطِيْعُوا اللّٰهَ وَالرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْكٰفِرِيْنَ۔

**સારાંશ** : "તમે ફર્માવી દો કે અલ્લાહ અને રસૂલનો હુકમ માનો, પછી જો તેઓ મોઢું ફેરવે તો અલ્લાહને કાફિર પસંદ પડતા નથી." *(સૂરએ આલે ઈમરાન, આ. ૩૨, પા. ૩)*

ઈતિહાસ સાક્ષી પૂરે છે કે, આજથી સવા ચૌદસો વરસો પૂર્વે જ્યારે અલ્લાહ તઆલાના સર્વ શ્રેષ્ઠ નબી ﷺની આ ધરતી પર પધરામણી થઈ અને આપના નૂરાની કદમોએ આ અંધકારમય આલમને પ્રકાશિત કરી દીધો ત્યારે જગતમાં એક આશ્ચર્ય ચકિત પરિવર્તન આવી ગયું હતું, ચારેકોર પ્રેમ–વફાનાં ફૂલ મહેંકતાં થઈ ગયાં હતાં. અલ્લાહ તઆલાની વહદાનિયત (અલ્લાહ એક હોવાની માન્યતા) અને પયગંબરી દિવ્ય કાર્યના ચાહકોનો જોતજોતામાં એક સમૂહ તૈયાર થઈ ગયો હતો તેઓના રોજિંદા જીવનનું પરિવર્તન દુનિયા અને આખેરતને માટે ભલાઈનું સાધન બની ગયું હતું. આ તે લોકો હતા જેઓએ હુઝૂર પુરનુર ﷺના હુકમોનું પાલન કર્યું હતું.

અને જે લોકોએ આપના હુકમોનો અનાદર કર્યો હતો તેમની દુનિયા અને આખેરત પણ બરબાદ થઈ ગઈ હતી. તેમાંનો આ એક પ્રેરક પ્રસંગ જીવનમાં ઉતારવા જેવો છે.

બે વ્યક્તિઓમાં કોઈ મામલામાં ખેંચતાણ થઈ. તેમાં એક વ્યક્તિ યહૂદી હતી અને બીજી વ્યક્તિ ફક્ત જાહેરમાં જ મુસલમાન હતી. આશ્ચર્યની વાત એ નથી કે એક યહૂદી હતો અને બીજો મુસલમાન ! પણ નવાઈની વાત તો એ હતી કે યહૂદીનું કહેવું હતું કે, "જે પોતાની જાતને મુસલમાન કહેતો હતો તે આ ખેંચતાણ (ઝઘડા)માં પોતાના પયગંબરને મધ્યસ્થી (ઈન્સાફ માટે) માનવાને બદલે અમારા ધર્મગુરૂ કઅબ બિન અશ્રફને મધ્યસ્થી માનવાની કેમ જીદ કરે છે ? આમાં આ મુસલમાન (કહેવાતા)ની કોઈ ચાલ છે ! અને ચાલનો ભેદ એ છે કે, કઅબ બિન અશ્રફ એક બેઈમાન રિશ્વતખોર

છે એને રિશ્વત આપીને પોતાની તરફેણમાં ફેંસલો કરાવવાની એની નેમ છે. એટલે મેં મારા એ ધર્મગુરૂ કઅબ બિન અશરફ પાસે ફેંસલો કરાવવાની ના પાડી અને કહ્યું કે, આ ફેંસલો તમારા પૈગબંર સાહબ પાસે કરાવીએ અને તારે એ વાત માન્ય રાખવી જોઈએ. મને વિશ્વાસ છે કે તમારા પયગબંર સાહબ જે ફેંસલો કરશે તેમાં કોઈ શંકા નહીં હોય અને તને પણ તે માન્ય હશે. આમ એ મારી વાતમાં રાજી થયો.

બંનેવ જણ હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પાસે આવ્યા. હુઝૂરે બંનેવ પક્ષોની હકીકત સાંભળી. યહૂદી હક્ક પર હતો એટલે આપ ﷺ એ યહૂદીની તરફેણમાં ફેંસલો આપ્યો. બંનેવ જણ બહાર આવ્યા. યહૂદી ઘણો જ ખુશ હતો કારણ કે એની સાથે બરાબર ઈન્સાફ થયો હતો. પરંતુ કહેવાતા મુસલમાને (મુનાફિકે) પડેલા ચેહેરે બબડતાં બબડતાં બહાર આવી યહૂદીને કહ્યું, મને આ ફેંસલો મંજૂર નથી ! ચાલ આપણે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ પાસે જઈએ તેઓ જે ફેંસલો કરશે તે મને મંજૂર હશે.

યહૂદી એકદમ ચોંકી ગયો ! એ વિચારતો હતો કે આ બેવકૂફ (મુનાફિક) સુપ્રિમકોર્ટ (પયગંબર સાહબ)ના ફેંસલાની અવગણના કરી હાઈકોર્ટમાં (હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ પાસે) જવાનું કહે છે !! યહૂદીએ એ કહેવાતા મુસમલમાન (મુનાફિક)ની વાત પર કોઈ વાદ વિવાદ ન કર્યો અને એની બેવકૂફીને માન્ય રાખી હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ પાસે જવા મંજૂરી આપી. યહૂદીની લાગણીનો ઉછાળો કહી રહ્યો હતો કે, હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ જે ફેંસલો આપશે તે પયગંબર સાહબ ﷺના ફેંસલાથી ઉપરવટ નહીં જ હોય.

બંનેવ જણ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના ઘરે પહોંચ્યા. દરવાજા પર થયેલ અવાજ સાંભળી આપે ઘરની બહાર આવી બંનેવ વ્યક્તિઓને આવવાનું કારણ પૂછયું. જે કાંઈ બન્યું હતું તે યહૂદીએ બધી હકીકત કહી દીધી. તે પછી એ પણ બતાવ્યું કે તેઓ બંનેવ હઝરત પયગંબર ﷺ પાસે ગયા હતા જેમણે આ બાબતે મારી તરફેણનો ફેંસલો આપ્યો છે જે મને મંજૂર છે પરંતુ આ મહાશયને એ માન્ય નથી એટલે મને તમારી પાસે ફેંસલો કરવા લઈ આવ્યો છે.

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ એ (તે મુનાફિકને) પૂછયું, શું આ બાબતનો ફેંસલો થઈ ચૂક્યો છે ?! યહૂદીએ કરેલી વાતને મુનાફિક પાસે સમંતિ મેળવવા સંબોધન કર્યું.

મુનાફિકે કહ્યું, હા ! યહૂદીએ જે હકીકત જણાવી છે તે સાચી છે. હુઝૂર ﷺએ એની તરફેણમાં ફેંસલો આપ્યો છે.

મુનાફિકની વાત સાંભળી હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ કહ્યું કે, ઠીક છે ! હમણા જ એનો પણ ફેંસલો કરી દઉં છું ! એમ કહી મકાનની અંદર જઈ થોડીક સેકંડોમાં બહાર આવ્યા ત્યારે તેમના હાથમાં ખુલ્લી તલવાર હતી. કોઈ પણ જાતના ખચકાટ કે વિલંબ વિના આંખના પલકારામાં મુનાફિકની ગરદન ધડથી જુદી કરી બોલ્યા કે, "જે મારા આકાએ રહમત ﷺના ફેંસલાની અવગણના કરે તેના માટે આ ફેંસલો છે !"

જંગલમાં ફેલાતી આગની જેમ ગણત્રીની ઘડીઓમાં આ વાત આખા મદીના શરીફમાં ફેલાઈ ગઈ કે, હઝરત ઉમર رضی اللہ عنہએ એક મુસલમાનને કત્લ કરી નાંખ્યો. મરનાર મુનાફિકના સગા સંબંધીઓએ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના વિરુધ્ધ ખૂનનો દાવો પણ માંડી દીધો કે મરનાર મુનાફિક ન હતો પણ એક સાચો મુસલમાન હતો, એક મુસલમાનનું ખૂન કરવામાં આવ્યું છે.

હઝરત નબીએ પાક ﷺ તરફથી કોઈ ફૈસલો થાય તે પહેલાં અલ્લાહ તઆલાએ વહી મારફત તે નામના મુસલમાનની મુનાફિકત (દંભી) હોવાનો પર્દો ફાશ કરી દીધો અને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના ફૈસલાને સમર્થન આપ્યું અને કયામત સુધી મુસલમાનોને સાવધાન કરી દીધા કે, જે મારા હબીબ ﷺના ફૈસલાની આનાકાની કરે તે કદાપી મુસલમાન નથી. એટલે ઈર્શાદે બારી તઆલા થયો કે :–

فَلَاوَرَبِّكَ لَايُؤْمِنُوْنَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَايَجِدُوْافِيْٓ اَنْفُسِهِمْ حَرَجاً مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوْا تَسْلِيْمًا

**સારાંશ** : "તો અય મહબૂબ ! તમારા રબની કસમ ! તેઓ મુસલમાન નથી (ઈમાન લાવ્યા છે એમ કદી ન માનજો) કે જ્યાં સુધી તેઓ તેમના પોતાના ઝઘડાઓમાં તમને મધ્યસ્થી (ચુકાદો આપવાવાળા) ન બનાવે અને પછી જે કાંઈ ચુકાદો (ફૈસલો) તમે આપે એને વિના સંકોચે સ્વીકારી લે." *(સૂરએ નિસાઅ, આયત–૬૫)*

આ આયતના ઉતરાણ પછી મદીના શરીફનો શોરબકોર (કુતૂહલ) ઠંડો પડી ગયો. અને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہનો ફૈસલો પ્રમાણભૂત ઠર્યો. અને સર્વેને સ્પષ્ટ થઈ ગયું કે હઝરત નબીએ પાક ﷺનું અનુસરણ અને હુકમનું પાલન તેમના માટે ફર્ઝ થઈ ગયું. નબી, રસૂલ, અલ્લાહ તઆલાના પ્રતિનિધિ છે, એમની ફર્માંબરદારી અલ્લાહની ફર્માંબરદારી (હુકમનું પાલન) છે, કારણ કે એમનું દરેક કૃત્ય અલ્લાહ તઆલાના જ હુકમ પ્રમાણે થાય છે. مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ **સારાંશ** : "જેણે રસૂલના હુકમનું પાલન કર્યું તેણે અલ્લાહના હુકમનું પાલન કર્યું." *(સૂરએ નિસાઅ, આયત–૮૦, પારા–૫)*

**કી મુહમ્મદ ﷺસે વફા તૂને તો હમ તેરે હૈં**
**યે જહાં ચીઝ હૈ ક્યા લોહો કલમ તેરે હૈં**

પેજ નં. ૧૫ નું ચાલુ....

જ. પરંતુ સુન્નત એ છે કે પીંડી સુધી લઈ જવું અને એ જ રીતે ડાબા હાથથી ડાબા પગના મોજા ઉપર કરવું.

**મસ્અલો** : મસહમાં બે ફર્ઝો છે : **(૧)** દરેક મોજાનો મસહ હાથની નાની ત્રણ આંગળીઓ બરાબર હોય. **(૨)** મસહ મોજાની પીઠ ઉપર હોય.

**મસ્અલો** : મસહમાં ત્રણ બાબતો સુન્નત છે : **(૧)** હાથની પૂરી ત્રણ આંગળીઓના પેટથી મસહ કરવો. **(૨)** આંગળીઓને ખેંચી પીંડીઓ સુધી લઈ જવું. **(૩)** મસહ કરતી વેળા આંગળીઓ ખુલ્લી રાખવી.

**મસ્અલો** : અંગ્રેજી બૂટ જોડાઓ ઉપર મસહ જાઈઝ છે, શરત એ કે ઘૂંટીઓ ઢંકાયેલી હોય. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : પાઘડી, બુરખા, નિકાબ (પર્દો) ઓઢણી, હાથના ગ્લોઝ (હાથના મોજા) ઉપર મસહ જાઈઝ નથી.

## જે બાબતોથી મસહ તૂટે છે તે :-

**(૧)** જે બાબતથી વુઝૂ તૂટી જાય છે તેનાથી મસહ પણ તૂટી જાય છે. **(૨)** મસહની મુદ્દત પૂરી થઈ જવાથી પણ મસહ તૂટી જાય છે. આ સંજોગોમાં ફક્ત ધોઈ લેવાથી ચાલી શકે, ફરીથી પૂરૂ વુઝૂ કરવાની જરૂરત નથી પરંતુ ફરીથી વુઝૂ કરવું બેહતર છે. **(૩)** મોજો કાઢવાથી મસહ તૂટી જાય છે. પછી ભલે એક જ કાઢયો હોય.

**મસ્અલો** : વુઝૂની જગ્યાએ ચીરા પડયા હોય, ફોલ્લા, ગુમડાં કે કોઈ બીજી બીમારી થઈ હોય અને પાણી રેડવાથી નુકસાન થતું હોય કે સખત તકલીફ થતી હોય તો ભીનો હાથ ફેરવી લેવો (મસહ કરવો) પણ ચાલી શકે છે. અને એ પણ નુકસાન કરે તેમ હોય તો તેના ઉપર કપડું મૂકીને મસહ કરવો. એ પણ નુકસાન કરે છે તો માફ છે. જો કોઈ દવા લગાડી છે તો તેને દૂર કરવી જરૂરી નથી એના ઉપર જ પાણી વહાવી લેવું બસ છે.

## અમેરિકાએ જન્મ આપેલી એક નવ મુસ્લિમ મહિલાએ ઉભો કરેલ નવો ફિત્નો

# મુસ્લિમ સ્ત્રીઓને ગુમરાહ કરવા કુર્આન પર એક વધુ આક્રમણ !

રજૂ. **સૈયદ ઈરફાન અલી અબ્બાસ કેરવાડાવાળા** (મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.

અમેરિકી નવ મુસ્લિમ મહિલા સાલેહા બખ્તિયારે કુર્આન મજીદનું નવુ ભાષાંતર કર્યું છે. તેણીએ આયતોની વિગતવાર સ્પષ્ટતા કરી છે કે કુર્આન મજીદમાં જ્યાં આવારા સ્વભાવ રાખતી પત્નીઓની સુધારણા માટે આદેશ છે, ત્યાં જ ચેતવણી માટે પતિઓને એ હક્ક આપ્યો છે કે તેઓ સમાજમાં દીની ઈજ્જતની સુરક્ષા માટે કડકાઈ અપનાવી શકે છે. અને એનું એક પાસુ એ પણ છે કે વિદ્રોહી અને નાફર્માન પત્નીઓને હળવી સજા પણ આપી શકે છે.

દુનિયાના બધા નિયમોમાં એ પહેલુ હોય છે કે નિયમનો ભંગ કરનારને સજા આપવામાં આવે છે, તે ચાહે સ્ત્રી હોય કે પુરૂષ. ઈસ્લામ અગર વિદ્રોહી નાફર્માન અને અમાનતમાં ખયાનત કરવાવાળી પત્નીઓની સજા માટે નિયમ બનાવે છે તો તેમાં નવાઈની વાત શું ? વાસ્તવમાં વાત ઈસ્લામની દુશ્મનીની છે. સત્ય અને ઈમાનદારીથી વિચારવાનું કામ ઈસાઈ અને યહૂદીઓની નજર સમક્ષ નથી. બસ, તે લોકો તો ઈસ્લામી નિયમોમાંથી કોઈ નિયમને મઝાક બનાવવા માટે લઈ લે છે, અને પછી ઈસ્લામ વિરુધ્ધ લડાઈ શરૂ કરી આપે છે. વર્તમાનકાળમાં પશ્ચિમી મીડિયામાં સ્ત્રીઓના હક્કો વિશે અજીબો ગરીબ લેખો પ્રકાશિત થઈ રહ્યા છે. એવું લાગે છે કે દુનિયાની અડધી વસ્તી અર્થાત સ્ત્રીઓને ઈસ્લામથી નફરત કરવાની લડાઈનો સિલસિલો બહુ જ જોરશોરથી ચાલી રહ્યો છે. ઈસ્લામના દુશ્મનોની યોજના કદાચ એ જ છે કે દુનિયાની સ્ત્રીઓને ઈસ્લામ વિરુધ્ધ ભડકાવવામાં આવે જેની પ્રતિક્રિયા રૂપે જ્યારે મુસલમાન નારાજગીનો દેખાવ કરે જેથી ચારેબાજુથી તોફાન ઉભુ થઈ જાય. પરંતુ ઈસ્લામના દુશ્મનોએ એ વાત સારી રીતે યાદ કરી લેવી જોઈએ કે ઈસ્લામને બદનામ કરવા માટે એ લોકોએ કોઈ નવુ હથિયાર નથી વાપર્યું, આ જ હથિયારને તેમનાથી પહેલાંના ઈસ્લામના દુશ્મનો પણ વાપરતા આવી રહ્યા છે. આ ઈસ્લામના દુશ્મનોનો અંજામ પણ તે જ થશે જે ભૂતકાળમાં ઈસ્લામના દુશ્મનોનો થઈ ચૂક્યો છે.

પરંતુ જ્યાં સુધી સાલેહા બખ્તિયારના અંગ્રેજી ભાષાંતરની વાત છે તો ઈસ્લામી મુફક્કિરોએ તેને અરબી ભાષાના બંધારણના વિરુધ્ધ બતાવ્યું. ઈસ્લામી નિયમોના જાણકાર પ્રોફેસર ખાલિદ અબુલ ફઝલ એ ભાષાંતર પર વિવેચન કરતાં કહે છે કે, ''સાલેહા બખ્તિયારને અરબી ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ય નથી, અને તેણીની જાણકારી અરબી ભાષા વિશે ઉપરછલ્લી છે.''

તેણીએ પતિઓના હક્કો વિશે નાઝિલ થયેલ આયતોને પોતાની સમજ પ્રમાણે ભાષાંતરનું રૂપ આપી દીધું છે જેથી અસલ આયતોનો ભાવાર્થ અને ભાષાંતરમાં મોટો તફાવત આવી ગયો છે. કુર્આન મજીદ અલ્લાહ તઆલાની નાઝિલ કરેલ કિતાબ છે, અને અગર તેનું ભાષાંતર દરેક રસ્તે ચાલનાર ગમે તેવી વ્યક્તિ થકી કરાવવામાં આવે તો તેનો અંજામ સારો ન જ હોય. સાલેહા બખ્તિયાર નવ મુસ્લિમ છે. તેણીએ ખ્રિસ્તી ધર્મ છોડીને ઈસ્લામ કબૂલ કર્યો છે. એવી હાલતમાં તેણીનું અરબી જ્ઞાન માત્ર શબ્દકોશ સુધી સીમિત છે જેથી ભાષાંતર કરવામાં ઉઘાડી ભૂલો થયેલ છે. કુર્આન અલ્લાહ તઆલાનો કલામ છે જે ફરિશ્તા થકી પૈગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ પર નાઝિલ થયા પછી પૈગંબરે ઈસ્લામ ﷺની ઝુબાનથી આપણા સુધી પહોંચેલ છે એટલા માટે એમાં થોડુ પણ અદલ બદલ ચાલશે નહીં. જ્યારે સાલેહા બખ્તિયારે પોતાની

સમજ વડે ભાષાંતર કર્યું છે અને ભાષા તથા વર્ણન તથા તેના આગળ પાછળની સ્થિતિઓ તેણીની નઝર સમક્ષ નથી. કોઈપણ રીતે સાલેહા બખ્તિયારનું ભાષાંતર કુર્આન મજીદના ભાષાંતરોમાં એક નવો વધારો છે. જોવાનું એ છે કે આ ભાષાંતરના વિશે ઈસ્લામના વિદ્વાનો આના પર હજી શા પ્રત્યાઘાતો રજૂ કરે છે. ખુલ્લે આમ સાલેહા બખ્તિયારનું ભાષાંતર વિખવાદનું કારણ બની ગયું છે.

ઈસ્લામના વિરોધીઓ ઈસ્લામને બદ્‌નામ કરવાનો કોઈ અવસર હાથથી ખાલી જવા નથી દેતા. કુર્આન મજીદને પણ આ લોકો ઈસ્લામના વિરુધ્ધ એક હથિયારની જેમ ઉપયોગ કરે છે. દુનિયા ગવાહ છે કે ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીઓની સ્થિતિ ઘણી જ દયામણી હતી. નોકરોથી પણ બુરી જિંદગી જીવવું સ્ત્રીઓનું ભાગ્ય બની ગયું હતું. ઈસ્લામે સ્ત્રીઓની સુરક્ષા માટે નિયમો બનાવ્યા અને તેને સમાજમાં ઈજ્જતનું સ્થાન આપ્યું. ઘરની ચાર દિવારોમાં સ્ત્રીઓને એવા હક્કો આપ્યા છે જે આનાથી પહેલાં દુનિયાની સંસ્કૃતિ અને શિષ્ટાચારના ઈતિહાસમાં ક્યાંયે જોવા નહીં મળે. સ્ત્રીઓને પોતાના પતિઓની સંપત્તિ તથા ઈજ્જત અને આબરૂની દેખભાળ કરનાર બનાવી. પરંતુ જો કોઈ સ્ત્રી પોતાના પતિની મિલ્કત અને તેની સંપત્તિની દેખરેખમાં અને અમાનતદારીમાં ખયાનત કરે તો આવી હાલતમાં પતિને હક્ક છે કે તે પત્ની પાસે જવાબ માંગે. પત્નીની જવાબદારી છે કે તે ઘરેલુ કામકાજની દેખરેખના વિશે પોતાના પતિઓને સંતૃષ્ટ કરે અને કોઈ એવું કામ ન કરે જેનાથી પતિઓનો ભરોસો ઉઠી જાય. અને પત્ની પોતાના પતિની સંપત્તિનો દુરપયોગ ન કરે.

આજ કારણે ઈસ્લામે નિયમ બનાવ્યો છે અને કુર્આન મજીદમાં તે નિયમની પૂરી વિગત દર્શાવવામાં આવી છે. જો પત્ની પતિના હક્કોને પૂરા ન કરે અને તેમાં ખયાનત કરે તો એવી હાલતમાં પતિને હક્ક છે કે તે પોતાની પત્નીને સીધા માર્ગ પર લાવવા માટે ચેતવણી આપે. આ છતાંય તેમાં સુધારણા ન થાય તો તે પત્નીને પતિ સજા પણ આપી શકે છે. બસ આ જ કારણને લઈને ઈસ્લામના વિરોધીઓ હમેશાં ઈસ્લામ વિરુધ્ધ હુલ્લડ ઉભુ કરે છે. સ્ત્રીઓના અધિકારોની દેખરેખ કરવાવાળી ઈસાઈ અને યહૂદી સંસ્થાઓ દુનિયાની સ્ત્રીઓની સમક્ષ ઈસ્લામના આ પાસાને ઘણુ જ વિકૃત તથા ડરામણુ બનાવીને રજૂ કરે છે. અમેરિકાની એક સંસ્થાએ ચળવળ ચલાવી છે, જેનો મક્‌સદ છે કે, "દુનિયાની મુસ્લિમ સ્ત્રીઓને ઈસ્લામના ત્રાસથી બચાવવામાં આવે ! કેમ કે ઈસ્લામ પ્રત્યેક મુસ્લિમ પતિને હક્ક આપે છે કે તે પોતાની પત્ની પર હાથ ઉઠાવી શકે છે અને નાફર્માની કરવા બદલ તેને સજા આપી શકે છે."

યાદ રહે કે ઈસ્લામમાં મુસ્લિમ પતિઓને આદેશ આપવામાં આવ્યો છે કે તે પોતાની પત્નીઓને કદાપી ત્રાસ ન આપે. અણગમતી હાલત પૈદા થવા પર પતિ જો પોતાની પત્નીને સજા આપે તો એના માટે પણ એક મર્યાદા રાખવામાં આવેલ છે, રોકવામાં આવ્યો છે કે પતિ પત્નીના મોઢા ઉપર તમાચો ન મારે, શરીરના નાઝુક અંગો પર ઈજા ન પહોંચાડે, આંખ, કાન, નાકને કદાપી નુકસાન ન પહોંચાડે. બસ, સુધારણા માટે (દાતણ) મિસ્વાક વગેરેથી મારી શકે છે, જેનાથી વધારે ઈજા ન પહોંચે, અને પત્નીના વર્તનમાં સુધારણા આવી જાય. કેવળ આટલી જ વાત છે, જેના માટે ઈસ્લામના દુશ્મનોએ હંગામો મચાવ્યો છે કે ઈસ્લામ મુસલમાન પતિઓને પોતાની પત્નીઓને ત્રાસ આપવાની પરવાનગી આપે છે ! જ્યારે કે કુર્આન મજીદમાં કેટલીયે જગ્યાએ સ્ત્રીઓ સાથે સદ્‌વર્તન કરવાનો આદેશ આપ્યો છે. પૈગંબરે ઈસ્લામ ﷺએ પોતાની અંતિમ હજ્જના પ્રસંગ પર જે ખુત્બો આપ્યો હતો તેમાં પણ કયામત સુધીના મુસલમાનોને સંબોધિત કરતાં ફર્માવ્યું હતું કે, "તેણીઓને ખુદા દ્વારા કાયમ કરેલ મર્યાદા ન ઓળંગે અને સ્ત્રીઓ સાથે સદ્‌વર્તન કરે, તેણકદાપી ત્રાસ ન આપે, અલ્લાહને કોઈ પણ હાલતમાં ત્રાસ પસંદ નથી."

*–(નઈ દુન્યા અઠવાડિક ઉર્દૂ, ૭ થી ૧૩, મે–૦૭)*

# ઈસ્લામની પ્રગતિના ઈતિહાસમાં
# નવયુવાનોનો કિરદાર અને આપણે

(લેખ હરીફાઈમાં પ્રથમ આવનાર લેખ)

રજૂકર્તા : વાઝા જાવિદહુસૈન ગુલામહુસૈન-રાજપારડી

આજના ઈલ્હાદી દોરમાં ઈમાનની સલામતી એક સમસ્યા છે. ઈસ્લામ અને ખુદાના રસૂલ માટે પોતાના પ્રાણ અર્પણ કરવા એને શહાદત કહેવામાં આવે છે. આ શહાદતથી જ આજે ઈસ્લામ ધર્મ ટકી રહ્યો છે. આપણા બુઝુર્ગો અને નવયુવાન સહાબાઓએ આ શહાદત દ્વારા જ ઈસ્લામની પ્રગતિનો ઈતિહાસ બનાવી રાખ્યો છે. આવા જ યુવાન સહાબાઓમાં હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہનું નામ પણ મહાન અને બહાદુર સહાબાઓની લિસ્ટમાં ટોચના સ્થાને બિરાજેલું છે.

સહીહ બુખારીમાં બદરના સહાબાઓની નામવાલીમાં હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہનું નામ પણ છે, અને અમુક બીજા સિયર લખનારાઓએ સ્પષ્ટતાથી લખ્યું છે કે હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ કુફ્ર તથા હક્ક઼ના પહેલા જંગમાં માત્ર સામેલ ન હતા બલ્કે એમણે એ લડાઈમાં પોતાના બાપ અબ્દુલ્લાહ બિન જર્રાહને પોતાના હાથથી કતલ કર્યો જે મક્કાના મુશ્રિકો તરફથી મુસલમાનોથી લડવા આવ્યો હતો. સ.હિ. ૩માં ગઝવાએ ઉહદ થયો તો હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ એમાં ઘણા જ જોશભેર દીવાનગીભરી બહાદુરીને દાદ આપી અને પહેલેથી છેવટ સુધી એવી અડગતાનું પ્રદર્શન કર્યું કે ગઝવહના બહાદુરોમાં ગણના થઈ.

જ્યારે એક આકસ્મિક ભૂલથી લડાઈનો પાસો પલટાઈ ગયો અને સરવરે આલમ صلی اللہ علیہ وسلم ઝખ્મી થઈ ગયા, તો હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ બેતાબ થઈ ગયા અને પોતાના ઈશ્કે રસૂલ صلی اللہ علیہ وسلمની આશ્ચર્યજનક સાક્ષી આપી. હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہથી રિવાયત છે કે, "મેં જોયું કે એક વ્યક્તિ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની તરફ વધતો ચાલ્યો આવી રહ્યો છે. હું પણ આપની હિફાઝતના માટે ઝડપથી ભાગ્યો અને કહ્યું કે, ઈલાહી ! ખૈર થાય ! શું જોઉં છું કે એ વ્યક્તિ જે મારાથી પહેલાં પહોંચી ગયો છે, અબૂ ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہ છે. આ સમયે એક કાફિરના વારથી લોઢાની કડીઓ રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمના રૂખસાર (ચહેરા) મુબારકમાં ઉતરી ગઈ હતી. અબૂ ઓબૈદા رضی اللہ عنہએ આગળ વધીને એ કડીઓ પોતાના દાંતોથી પકડીને ખેંચી ત્યાં સુધી કે એ બહાર આવી ગઈ. પરંતુ આ કોશિશમાં તેમના સામેના બે દાંત તૂટી ગયા."

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! જોયું આપે કે ઈસ્લામના પરચમને ફેલાવવા માટે અને ફેલાવનાર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને દુશ્મનોના વારથી બચાવવા માટે નેક યુવાન સહાબાઓ શું શું કરવા તૈયાર હતા. આવા જ સહાબાઓમાં નવયુવાન સહાબાઓ હઝરત ખબ્બાબ બિન અલ અરુત અને હઝરત બિલાલ رضی اللہ عنہما છે.

હઝરત ખબ્બાબ બિન અલ અરુત رضی اللہ عنہ એ જમાનામાં ઈસ્લામ લાવ્યા જ્યારે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم હઝરત અરકમ બિન અરકમના ઘરે રહેતા હતા અને માત્ર ગણતરીના જ લોકો મુસલમાન થયા હતા. કુરૈશના કાફિરોએ એમને પણ બહુ જ સતાવ્યા હતા એટલે સુધી કોલસાના અંગારા ઉપર તેમને ચત્તા સૂવડાવવામાં આવતા અને એક માણસ એમની છાતી પર પગ મૂકીને ઉભો રહેતો એટલે સુધી કે એમની પીઠની ચરબી અને શરીરમાંથી થયેલા રક્ત સ્ત્રાવથી કોલસા ઓલવાઈ જતા. જ્યારે વરસો પછી આ વાતનું વર્ણન અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ

સમક્ષ થયું અને હઝરત ખબ્બાબે પોતાની પીઠ ઉઘાડી કરી તો સફેદ ડાઘ પડેલા હતા. એ ઈબ્રતનાક દશ્ય જોઈ અમીરુલ મો'મિનીનનું મન પણ ભરાઈ ગયું અને તેઓ રડી પડયા હતા.

અને હઝરત બિલાલ જેઓ ઉમૈયા બિન ખલફના ગુલામ હતા. તેમની ગરદનોમાં દોરડાં બાંધીને તેમને શેરીએ શેરીએ અને બજારમાં ઘસેડવામાં આવતા હતા. તેમની પીઠ પર લાઠીઓનો માર મારવામાં આવતો, બરાબર મધ્યાહન સમયે ભારે તડકામાં ગરમ રેતી પર સૂવડાવી એટલો ભારે પત્થર મૂકવામાં આવતો કે જેથી તેમની જીભ બહાર નીકળી જતી. અને ઉમૈયા કાફિર કહેતો હતો કે ઈસ્લામ છોડી દે નહીંતર રુંધાઈને મરી જા ! (સુબ્હાનલ્લાહ !) પણ એવી નાઝુક સ્થિતિમાં પણ હઝરત બિલાલ رضی اللہ عنہ ઈસ્લામથી સહેજ પણ વિચલિત થયા નહીં, બલ્કે જોશથી અહદ ! અહદ !નો સૂત્રોચ્ચાર કરતા. એટલે કે ખુદા એક છે ! ખુદા એક છે !

યુવાન આપણે પણ છીએ અને યુવાન સહાબીઓ પણ હતા. પણ આજે ઈસ્લામને માટે કુર્બાની આપનારા આવા નવ યુવાનની કલ્પના પણ થઈ શક્તી નથી ! જંગે ઓહદ દરમ્યાન હંઝલા બિન અબી આમિર رضی اللہ عنہની શાદી થઈ હતી. સુહાગરાતે જંગમાં જવાનું એલાન સાંભળતાં જ નવવધુને છોડીને જંગના મેદાનમાં પહોંચી ગયા અને ફર્ઝ ગુસ્લ પણ ન યાદ રહ્યું. જંગના મેદાનમાં લડતા લડતા રસૂલે પાક ﷺની નજરો સમક્ષ શહીદ થઈ ગયા. જંગ ખત્મ થતાં લાશો ભેગી કરવામાં આવી તો આપની લાશ ન મળી તો હુઝૂરે આકાશ તરફ નિગાહો કરીને ફર્માવ્યું કે હંઝલાની લાશને ફરિશ્તા ગુસ્લ આપી રહ્યા છે ! જેથી આપનો લકબ 'ગસીલુલ મલાઈકા' થયો છે.

તેમજ એક યુવાન હઝરત ઝૈદ નામના સહાબીનો વાક્યો છે કે રંગે શ્યામ તથા ગરીબ હોવાથી તેમને કોઈ છોકરી આપતુ ન હતું. હુઝૂર ﷺએ તેમની શાદી એક રઈસ સહાબીની પુત્રી સાથે નક્કી કરી આપી. આપ ખુશીભેર શાદીનો સામાન ખરીદવા ગયા પણ ત્યાં રસૂલેપાક ﷺનો મુનાદી જેહાદમાં જવા એલાન કરી રહ્યો હતો તો આપે સૌ અરમાન ફગાવી દીધા અને ઈસ્લામની મહોબ્બતમાં તલ્વાર વગેરે જંગનો સામાન ખરીદયો અને જંગમાં પહોંચી મર્દાનાવાર લડીને છેવટે શહીદ થઈ ગયા. એ ઉપરાંત તારિક ઈબ્ને ઝિયાદ તથા મુહમ્મદ ઈબ્ને કાસિમ વગેરે નવયુવાનોનો ઈતિહાસ પણ આશ્ચર્યજનક છે. જેનાં દષ્ટાંતો હવે મળવાં દુર્લભ છે.

પ્યારા વાંચકો ! અહીં આપે જોયું કે ઈસ્લામના પરચમને લેહરાતો રાખવા માટે અને તેને વધુ ફેલાવવા માટે યુવાનીના જોશને અવગણીને, મનની વાસનાઓને ઠોકરે ચઢાવીને આપણા નવયુવાન સહાબાઓએ કેવી કેવી મુશ્કેલીઓ અને તકલીફોનો સામનો કર્યો હતો અને શહાદતો પણ વહોરી હતી ત્યારે આજે ઈસ્લામની દૌલત આપણા સુધી પહોંચી. એ જ રીતે ધનિક અને પ્રતિષ્ઠિત એવા હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ જયારે મુસલમાન થયા ત્યારે પારકાઓએ નહીં પણ ખૂદ એમના જ કાકાએ એમને દોરડાથી બાંધીને ખૂબ ફટકાર્યા હતા. ઝુબૈર બિન અલ્ અવ્વામ رضی اللہ عنہ ભારે રુઆબદાર વ્યક્તિ હતા. પણ જયારે મુસલમાન થયા તો તેમના કાકા તેમને ચટાઈમાં લપેટીને તેમના નાકમાં ધુમાડો કરતા હતા જેથી તેમનો શ્વાસ રુંધાવા લાગતો. હઝરત ઉમર رضی اللہ عنہને ઈમાન લાવ્યા પહેલાંના સમયમાં જયારે ખબર થઈ કે એમના બહેન બીબી ફાતિમા બિન્તે અલ ખત્તાબ પણ ઈસ્લામ લઈ આવ્યાં છે, ત્યારે હઝરત ઉમરે પોતાની બહેનને એવો તમાચો માર્યો કે એમના કાનનો ઝુમખો તૂટી પડયો અને એમનું શરીર લોહી લુહાણ થઈ ગયું હતું. આ હતો સહાબાએ કિરામની કુર્બાનીઓ જઝબો અને ઈસ્લામ પ્રતિનો પ્રેમ કે તેઓ લાખો તકલીફો હોવા છતાં પણ સહેજ ખચકાયા નહીં.

એક વખતે જંગે બદરમાં હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના સગા મામા આસ બિન હેશામ બિન મુગીરહ ગુસ્સામાં આવીને જંગ માટે મેદાનમાં

નીકળ્યા. ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ આગળ વધીને સામનો કર્યો અને ભાણીયાએ તે મામાના માથામાં એવી તલ્વાર મારી કે માથાને કાપતી જડબા સુધી ઉતરી ગઈ ! અને **આમ ફારૂકે આ'ઝમે કયામત સુધીના લોકોને દેખાડી દીધું કે કુટુંબ અને સગાઈઓ એ બધું જ મહબ્બતે રસૂલ પર કુર્બાન છે.** પ્યારા ઈસ્લામી ભાઈઓ ! ઈમામે હુસૈન رضی اللہ عنہ પણ પોતાની તથા ખાનદાને અહલે બયતના જુવાન જોધ નબીરાઓની શહાદત દ્વારા આજના નવયુવાનોને બોધ આપે છે કે એમની શહાદતથી જ આજે ઈસ્લામ ધર્મ ટકી રહ્યો છે.

ખાનદાને અહલે બયઅતના આ સરદાર સમક્ષ રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمની મુબારક જિંદગી હતી જેમણે જુલ્મો જફાના ખાત્મા માટે એલાને નબુવ્વતથી લઈને જાહેરી જીવનના અંતિમ શ્વાસ સુધી ચૈનનો શ્વાસ નથી લીધો. ખુલફાએ રાશિદીનની શહાદતો તથા કુર્બાનીઓ આપ જોતા આવ્યા કે કેવળ અલ્લાહના સલામતીવાળા દીન ઈસ્લામના કાનૂનોને આમ કરવા ખાતર તેમણે પોતાનાં તન, મન, ધન સર્વ કુર્બાન કરી આપ્યાં. ઈમામે હુસૈન رضی اللہ عنہએ શરીઅતના કાનૂનોની રક્ષાના કાજે જ આપે યઝીદ સામે ટક્કર લીધી અને પોતાનું સર્વસ્વ કુર્બાન કરીને ખૂદ પોતે પણ શહીદ થઈ ગયા. પણ આજે આપણે જાણે એમની કુર્બાનીને વેડફી નાખી હોય એમ લાગે છે, એમની મહેનત થકી ઈસ્લામ તો આપણા થકી પહોંચી ગયો પણ આજે આપણી એ હાલત છે કે જાણે આપણને આ દીનની કોઈ કદર જ નથી ! નમાઝ, રોઝા હોય કે સુન્નતે રસૂલ صلی اللہ علیہ وسلم આપણે સૌથી દૂર દેખાઈએ છીએ. આપણી સવાર અને સાંજ ગુનાહોમાં વીતી જાય છે, ચુગલખોરી, બુરી અને બિભત્સ વાતો આપણા સમાજનું એક અંગ બની ગઈ હોય એમ લાગે છે. ઘરોમાં બેસી ટી.વી. અને સી.ડી. પર લગાડેલા ખરાબ સીન જોવા એ તો આપણને ગમે પણ અઝાનની અવાજ એ આપણને સંભાળતી પણ નથી. આજનો યુવાન કુર્આનની તિલાવતને સદંતર ભૂલી ગયા અને સતત મોબાઈલના સ્ક્રિનમાં વ્યસ્ત રહી નાજાઈઝ સીન તથા મેસેજો તથા ગંદા દશ્યો, ફિલ્મો, ગીતો જોવા સાંભળવામાં ડૂબી ગયો છે.

આજનો મુસલમાન પોતાને મુસલમાન તો કહે છે, પણ કોઈ એવું કામ નથી જે સુન્નતે મુસ્તફા صلی اللہ علیہ وسلمથી લાગીને હોય ! અને આ જ વસ્તુ આપણી માં અને બહેનોમાં પણ ખૂબ જ જોરશોરથી દેખાય છે કે જે વસ્તુ આપણને આપણા બુઝુર્ગો પાસેથી મળી હતી એ શરમ, હયા, તેહઝીબ એ બધી વસ્તુની ઉણપ આજે આપણી માં બહેનોમાં જોવા મળે છે. આજે વગર પડદે ફરતી આપણી બહેનો ખુલ્લે આમ લોકોની નજરોનો શિકાર બની રહી છે, ઘરમાં લગ્ન હોય કે કોઈ નાનો એવો પ્રસંગ હોય પણ સૌથી વધારે બેહયાઈ આપણી બહેનોના ભાગે જાય છે. બધાનાં સામે નાચવું, ગીત ગાવાં, શોભા ન આપે તેવાં વાક્યો બોલવાં એ આજે આપણા ઘર અને સમાજનું અંગ બની ગયું છે. પણ હે મુસલમાનો ! હે ભાઈઓ તથા બહેનો ! હજી સમય છે, સમજો, સહાબાએ કિરામ તથા સહાબિયાતના જીવનનો અભ્યાસ કરો, તેમની કુર્બાનીઓને જુઓ ને સીધા માર્ગે આવી જાવ, નહીં તો બદ્આમાલીની સજા ભોગવવા તૈયાર રહો. પોતાને અરીસામાં જુઓ અને શરમ કરો કે સહાબાની મહેનતને કેવી રીતે આપણે પાણીમાં નાખી રહ્યા છીએ.

હે મુસલમાનો ! સહાબાના અને નવયુવાન સહાબા અને પીર અવલિયાના જીવનનો અભ્યાસ કરો અને સમજો કે દીન માટે ઈમાન માટે કેવી રીતે મુસીબતોના પહાડ એમણે વેઠયા હતા. અને કેવળ દુનિયાવી લાભો તથા રાજકીય કારકિર્દી બનાવવા તથા બે પૈસાની કે વાહ વાહની લાલચમાં ઈમાનનો સોદા ન કરો ! હજુ પણ તમારી પાસે સમય છે, સુધરી જાવ અને સુન્તે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمઅપનાવી લો. અને જિંદગીને સફળ બનાવી આખેરતનો સવાબ લેવા માટે જરિયો બનાવી લો !

અલ્લાહ તબારક વ તઆલા અમને, તમને અને બધાંને નેક મુસલમાન બનવાની નેક તૌફીક અતા ફર્માવે. (આમીન)

# સ્ત્રી અને આપણો સમાજ

અઝ : **હઝરત મૌલાના અબ્દુલમુબીન નોઅમાની સાહબ**

અનુવાદક: **મુહમ્મદ સજ્જાદ પટેલ દયાદરવી**

*પ્રસ્તૂત લેખમાં તમે વાંચશો કે જેહાલતના (ઈસ્લામના આગમન પહેલાંના) સમયમાં લોકો પોતાની પુત્રીઓને જીવતી દાટી દેતા હતા તો આજેપણ પુત્રીઓનું પેદા થતાં પહેલાં જ માતાના ગર્ભમાં ખૂન કરવામાં આવે છે ! આજનું જગત સ્ત્રી ભ્રૂણ હત્યાના વિરુધ્ધમાં હવે બૂમો પાડે છે ! દેખાવ પૂરતી સભાઓ ભરાય છે, સમૂહ લગ્નોમાં સ્ત્રી ભ્રૂણ હત્યા ન કરવા માટે વચનો લેવડાવવામાં આવે છે, રોજ બરોજ અખ્બારોમાં ગવર્નમેન્ટ તરફથી એ વિશે જાહેરાતો થાય છે. પણ ઈસ્લામના મહાન પયગંબરે તો આજથી ૧૪૦૦ વરસો પહેલાં જ બાળકીઓને પ્રેમથી ઉછેરવા માટે આદેશ આપ્યો હતો અને તેમ કરનારને જન્નતની ખુશખબરીઓ સંભળાવી હતી. આવો ! અને ઈસ્લામનો અભ્યાસ કરો કે એમાં કેટલી ઉચ્ચતા સમાયેલી છે, સ્ત્રીઓની કેટલી કદર તથા ઈજ્જત ઈસ્લામે કરી છે. -**તંત્રી***

## પુત્રીઓ સાથે સારો વર્તાવ

નબીએ કરીમ ﷺનાં બીવી સાહેબા હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે મારી પાસે એક ઔરત તેની બે છોકરીઓની સાથે આવી અને મારી પાસે કંઈક માંગ્યું. મારી પાસે એક ખજૂરના સિવાય એણે કાંઈ ન જોયું. મેં એ ખજૂર એને દઈ દીધું. તો એણે એને તેની બે પુત્રીઓની વચ્ચે અડધુ અડધુ વહેંચી દીધું અને એણે જાતે કાંઈ ન ખાધું. પછી તેણી એની પુત્રીઓને લઈને જતી રહી. એના પછી મારી પાસે અલ્લાહના રસૂલ ﷺ આવ્યા. તો મેં હુઝૂરને પેલી ઔરતનો વાક્યો બયાન કર્યો. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, જે શખ્સને પુત્રીઓથી અજમાઈશમાં નાખવામાં આવે અને પછી એ તેણીઓ સાથે સારો વર્તાવ કરે તો એ પુત્રીઓ એના માટે જહન્નમની આગથી પર્દો બની જશે. *(સહીહ મુસ્લિમ, ભાગ–૩, પેજ–૩૨૦)*

આ હદીષ પછી રિવાયતોમાં એ પણ આવ્યું છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ એ ઔરત માટે એ સારા વર્તાવને કારણે જન્નત વાજિબ કરી દીધી અથવા એવું ફર્માવ્યું કે એને એના લીધે જહન્નમથી આઝાદ કરી દીધી. *(મુસ્લિમ)*

આ હદીષથી પુત્રીઓની ફઝીલત અને એમના વિશે સારા વર્તાવની તાકીદ માલૂમ પડે છે. અને એ કે પુત્રીઓ અલ્લાહ તરફથી આજમાઈશનો સબબ છે. **એટલા માટે પુત્રીઓને નાપસંદ કરવું અથવા એમની સાથે નફરત કરવી ખુદાના અઝાબને દા'વત આપવા સમાન છે. કુર્આન શરીફમાં પુત્રીઓથી નાખુશ રહેવા પર જાહિલિયતના યુગની નિશાની ઠરાવવામાં આવી.**

ઈર્શાદે બારી તઆલા છે :–

وَاِ ذَا بُشِّرَ اَحَدُ ھُمْ بِالْاُ نْثٰی ظَلَّ وَجْھُهٗ مُسْوَ دًّا وَّھُوَ کَظِیْمٌ

અર્થાત : "અને જ્યારે એમાં કોઈને દિકરી થવાની ખુશ ખબરી દે તો આખો દિવસ એનું મોં (ચેહરો) કાળુ રહે છે અને એ ગુસ્સો કરે છે." *(પારા–૧૪, સૂરએ નહલ–૧૩, તર્જુમો : આ'લા હઝરત)*

આથી માલૂમ થાય છે કે પુત્રી થવા પર નારાજ થવું એ કાફિરોનો તરીકો છે. એટલા માટે પુત્રીની ખ્વાહિશ (ઈચ્છા) મુદલે (મુતલકન) બુરી નથી. અને દીનની ખિદમતની નિય્યતથી હોય તો મેહમૂદ તથા પસંદીદા સવાબનો સબબ છે. વર્ણવેલી આયતમાં **જાહિલિયતના યુગમાં કાફિરોની હાલત બયાન કરી છે કે જ્યારે એમને ત્યાં દિકરી (છોકરી) પૈદા થાય તો ઉદાસીનું વાતાવરણ છવાઈ જતું, બાપનો ચેહરો ગ઼મથી નારાજ થઈ જતો, શર્મને કારણે લોકોથી છુપાઈ છુપાઈને ફરતો ! અરબના અમુક**

**કબીલા મુઝાર, ખઝાઆ તથા તમીમ તો એમની પુત્રીઓને જીવતી દાટી દેતા હતા.** એમનો એ દસ્તૂર હતો કે જ્યારે પુત્રીની ઉમર છ વર્ષની થાય ત્યારે બાપ જંગલમાં જઈ એક ઊંડો ખાડો ખોદતો પછી પુત્રીની માંને હુકમ આપતો કે એને ગુસ્લ કરાવ અને સારો પોશાક પહેરાવ. પછી એ એને લઈને જંગલ તરફ ચાલી નીકળતો અને પેલા ખાડાની કબ્રમાં પોતાની પુત્રીને હુકમ કરતો કે નીચે જો શું છે ?! જ્યારે એ પુત્રી નીચે જોતી તો ધક્કો મારી એને ખાડામાં ધકેલી દેતો. પુત્રી બાપ ! બાપ ! કહેતી પરંતુ બાપ જાલિમના રૂપમાં માટી એના ઉપર નાખી દફન કરી દેતો. આ હતો અરબનો ખરાબ માહોલ અને પુત્રીઓ સાથે એમનો દિલ હલાવી દે તેવો વર્તાવ ! વર્ષોથી અરબની એ હાલત હતી, કોઈ એ પુત્રીઓની ચીસો પર કાન દેવાવાળુ સાંભળવાવાળુ ન હતું. આ તો ઈસ્લામની બરકત છે અને પયગંબરે ઈસ્લામ ﷺની પાકીઝા તા'લીમાતની અસર છે કે દબાયેલી કચડાયેલી આ નાઝુક જાતિને ઔરતનું મકામ અને ઈન્સાનિયતનો વકાર આપ્યો. માં બાપો અને આમ લોકોના દિલોમાં મહોબ્બત અને હમદર્દીની ભાવના પૈદા કરી અને જહાલતના અંધકારને ખત્મ કર્યો. માટે ઔરત માટે પણ ભલાઈનો હુકમ આપ્યો અને ખાસ કરીને પુત્રીઓની દેખભાળ અને તા'લીમ અને ઉછેર પર ખૂબ જ ધ્યાન આપ્યું. નીચેના લખાણ પર રસૂલુલ્લાહ ﷺના અમુક ઈર્શાદો જોઈ લો :–

## જેણે પુત્રીઓનો ખ્યાલ રાખ્યો એ જન્નતી છે !

**૧.** હઝરત અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, જે માણસની પુત્રી થાય અને એણે ન એને જીવતી દફન કરી, ન એને હલકી સમજી, ન પુત્રને તેણી પણ અગ્રતા આપી તો અલ્લાહ એને જન્નતમાં દાખલ ફર્માવશે. *(અબૂ દાઊદ, મિશ્કાત–૪૨૩)*

**૨.** હઝરત અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, જેણે ત્રણ પુત્રીઓ અથવા એમના જેવી બહેનોની પરવરિશનો ઈન્તેજામ કર્યો પછી એમને ઈલ્મ અને અદબથી શણગારી અને એમની ઉપર મહેરબાની ભલાઈ કરતો રહ્યો, ત્યાં સુધી કે અલ્લાહ એમને બેનિયાઝ (માલમાલ) કરી દે (એટલે કે શાદી થઈ જાય) તો અલ્લાહ તઆલા એના માટે જન્નત વાજિબ કરી દે છે. એક માણસે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! બે હોય તો ? હુઝૂરે ફર્માવ્યું, બે હોય ત્યારે પણ. ત્યાં સુધી કે લોકોએ અર્ઝ કરી કે એક જ હોય તો ? ફર્માવ્યું, જો એક હોય તો પણ. *(મિશ્કાત–૪૨૩)*

**૩.** હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે. કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેની પરવરિશમાં બે પુત્રીઓ બાલિગ થતાં સુધી રહી તો એ કયામતના દિવસે એવી રીતે આવશે કે હું અને એ એકદમ નજીક હશે. આમ કહેતાં કહેતાં હુઝૂર ﷺએ પોતાની આંગળીઓ મિલાવી ફર્માવ્યું કે આવી રીતે ! *(મુસ્લિમ શરીફ, મિશ્કાત–૪૨૧)*

## અફઝલ સદકો શું છે ?

**૪.** હઝરત સુરાકા બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે હું તમને એ ન બતાવી દઉં કે અફઝલ સદકો શું છે ?! તમારી પુત્રી જે તમારી પાસે પાછી આવી છે (તલાક થવાથી કે વિધવા થવાને કારણે) એનો તમારા સિવાય કોઈ આધાર નથી. *(ઈબ્ને માજહ, મિશ્કાત–૪૨૫)*

બલ્કે તમે એકલા આધાર છો તો એની દેખરેખ, ભરણપોષણ, બીજા નિકાહ કરવાનું ચાહે તો એનો ઈન્તેજામ, ઘરે બેસી રહેવાનું ચાહે તો એની એ માટે મદદ કરવી એ અફઝલ સદકો છે, એ શરતે કે ઘરે બેસી રહેવું એના માટે જરૂરી અને હાલના સંજોગોના તકાઝાની વિરુધ્ધ ન હોય.

## ઈંગ્લેન્ડમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો

# ત્રણ દિવસીય કામયાબ સુન્ની ઈજતેમા યોજાયો

કાર્યાલય

આલમી તેહરીક **સુન્ની દા'વતે ઈસ્લામી**ના સુન્ની ઈજતેમા ઈન્ડિયા ઉપરાંત દેશ વિદેશમાં સુન્ની મુસલમાનોના ઈમાન તથા અમલની ઈસ્લાહ તથા પુખ્તગી માટે યોજાતા રહે છે જેનાં ખૂબ જ લાભદાયી પરિણામો જોવા મળે છે. અલ્હમ્દુલિલ્લાહ ! યૂરોપની ધરતી પર જ્યાં ગુનાહોના સુનામી જેવાં મોજાં ઉઠી રહ્યાં છે તે ભૂમી પર ઈસ્લામની હક્કાનિયતને અડગતાથી વળગી રહી ઈસ્લામી દીનદારી ભર્યો માહોલ ઉભો કરવાના પ્રયત્નરૂપે આ વરસે તા. ૧૯, ૨૦, ૨૧ મે–૨૦૦૭ ત્રણ દિવસ નૂર સ્ટ્રીટ, નૂર હોલ, પ્રેસ્ટન ખાતે શાનદાર ઈજતેમા ઈજતેમા પર્દાના એહતેમામ સાથે યોજાઈ ગયો. ૧૯ તારીખે બહેનો માટે હઝરત મૌલાના સૈયદ સિદ્દીક સાહબની મુબારક દુઆઓ સાથે શરૂ થયો જેમાં બહોળી સંખ્યામાં બહેનો U.K.ના વિવિધ શહેરોથી દીની જઝબા સાથે ઉમટી પડી હતી. જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબની નિઝામત હેઠળ જનાબ મૌલાના મુહમ્મદહુસૈન, હાફિઝ અબ્દુર્રહીમ સાહબ, હાફેઝ અલ્તાફ સાહબ, જનાબ મુહમ્મદ અકીલ સાહબ, મૌલાના યૂનુસ મિસ્બાહી સાહબ, આરિફ પટેલ સાહબ વગેરેએ નઅત તથા તકરીરો ઉર્દૂ–અંગ્રેજીમાં  કરી હતી અને ઔરતોની ઈસ્લાહ કરતાં બયાનો તથા સલામો જવાબનો પ્રોગ્રામ રજૂ કર્યા હતા. અંતમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી સાહબે પોતાના અનોખા અંદાઝમાં દિલની સફાઈ કરવા પ્રેરતું બયાન કર્યું. અંતમાં ઝિક્ર દુઆ બાદ સલાતો સલામ સાથે પ્રથમ દિવસનો ઈજતેમા કામયાબી સાથે પૂર્ણ થયો હતો.

બીજા દિવસે મર્દોનો ઈજતેમા શરૂ થયો જેમાં જનાબ મુહમ્મદ અકીલે તિલાવતે કુર્આન બાદ ખૌફે ખુદા પર બયાન કર્યું. મૌલાના મુહમ્મદહુસૈને દુરૂદની ફઝીલત વર્ણવી. ઝૈનુલ પટેલ, હાફેઝ ફૈસલ દયાદરવી, તથા લુકમાન પટેલે નઅતો પેશ કરી. જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે નિઝામત સાથે પોતાના અનોખા અંદાજમાં નઅતોના ગુલદસ્તા તર્બિયતની સાથે સાથે અવાર નવાર પેશ કર્યા. મૌલાના અબૂ ઝોહરા, મૌલાના મુહમ્મદ તારિક, મૌલાના ખૈરુદ્દીન, મૌલાના અર્શદ મિસ્બાહી, મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી, મૌલાના મુહમ્મદ ફહીમ વગેરેનાં વિવિધ વિષયો પર બયાનો થયાં છેવટે હઝરત મૌલાના શાકિર રઝવી સાહબના બયાન બાદ સલાતો સલામ. ત્રીજા અંતિમ દિવસે તિલાવત તથા નઅતેપાક બાદ મુહમ્મદ અકીલ, મૌલાના મુહમ્મદ કલીમનાં બયાનો થયાં. બાદમાં હઝરત મૌલાના સૈયદ ઈરફાનશાહ સાહબનું રદ્દે વહાબિયામાં વલવલાઅંગેઝ મુદલ્લલ બયાન થયું પછી સવાલો જવાબની મેહફિલ રચાઈ જેમાં મૌલાના યૂનુસ મિસ્બાહીએ પબ્લિકના પ્રશ્નોના સચોટ જવાબો આપ્યા. પછી મૌલાના મુહમ્મદ હનીફ સાહબે અસરકારક બયાન કરી સુન્ની દા'વતે ઈસ્લામીનું મહત્વ સમજાવ્યું. અંતમાં હઝરત મૌલાના શાકિર રઝવી સાહબે દિલને ઝંઝોળતુ બયાન મ્યૂઝિક તથા ગીતોની નહૂસત સમજાવતાં પુષ્કળ કુર્આની આયતો દર્શાવી દર્શાવીને મુસ્લિમોને મ્યૂઝિકથી દૂર રહેવા સમજાવ્યા. અંતમાં દર્દમય અંદાઝમાં ઝિક્ર દુઆ પછી સલાતો સલામ સાથે ઈજતેમાની પૂર્ણાહુતિ થઈ હતી. બ્લેકબર્ન, લેસ્ટર, બોલ્ટન, લંડન, માંચેસ્ટર તથા અન્ય ટાઉનોમાંથી ઉલમા, હુફ્ફાઝ તથા અવામ મોટી સંખ્યામાં આવ્યા હતા. ૧–સપ્ટે.–૦૭ લંડનમાં અને ૨–સપ્ટે.–૦૭ લેસ્ટરમાં સુન્ની ઈજતેમાની જાહેરાત થઈ હતી. ઈન્ટરનેટ પર દુનિયાભરમાં  અસંખ્ય સુન્નીઓએ આ ઈજતેમા લાઈવ સાંભળ્યો હતો. દયાદરા ખાતે ઈન્ટરનેટ પરથી માઈક સિસ્ટમ પર લઈ પૂરા ગામને ત્રીજા દિવસનો ઈજતેમા સંભળાવવામાં આવ્યો હતો.

## બરકાતે ખ્વાજાની ટપાલ

કાર્યાલય

### દયાદરામાં જશ્ને ગૌષે આ'ઝમ વ મુફતીએ આ'ઝમ

તા. ૯–૬–૦૭ના રોજ દયાદરા મુકામે જનાબ હાફેઝ સાદિક દાઉદ મૂસાના સહકારથી નૂરી જલસા કમિટી વ સુન્ની દા'વતે ઈસ્લામી થકી "જશ્ને ગૌષે આ'ઝમ વ મુફતીએ આ'ઝમ" શાનો શૌકતથી મનાવાયો જેમાં મુકર્રિરે ખુસૂસી મુફતી–એ–આ'ઝમે મહારાષ્ટ્ર હઝરત અલ્લામા મૌલાના મુફતી મુજીબ અશરફ સાહબ (નાગપુરી)એ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી ના શેઅરોની તસ્રીહ કરતાં ગૌષે પાક ની શાનમાં લાજવાબ બયાન કર્યું હતું સાથોસાથ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ ના બેમિષાલ તકવા તથા કરામતોનું વર્ણન કરી મજમાને જોશમાં લાવી દીધો હતો. સાચા સૂફીની ઓળખ પણ સમજાવી હતી. ખુસૂસી મહેમાન તરીકે સૈયદ શૌકત અલીબાવા જંબુસરી (ખલીફા નૂરાની બાવા પેટલાદી), હઝરત સૈયદ હશ્મતઅલી બાપુ મજૂમિયાં બરકાતી (જંબુસર), હઝરત મૌલાના ગુલામ મુસ્તફા (નવસારી), હઝરત મુફતી ગુલામ જીલાની મિસ્બાહી (દા.ઉ. દયાદરા), મૌલાના શાહજહાં મિસ્બાહી કાદરી (પેશ ઈમામ–દયાદરા), મૌલાના સાદિક સાબરી દહેગામી (નિઝામત આપની હતી), કારી ઈરફાન નમાઝી, કારી સાહબ પહાજવાળા, મૌલાના વાસિક રઝા સાહબ, હાફેઝ સલીમ વોરાસમનીવાળા, હાફેઝ યુનુસ સાહબ વગેરએ હાજરી આપી હતી.

### શેખ ફેમેલીને મુબારકબાદ !

'બરકાતે ખ્વાજા' (માસિક)ના ચાહક જનાબ હાજી શેખ મુહમ્મદ સરદાર 'શમ્સ' સાહબ, (૪૯–તવક્કલ સોસાયટી, સરખેજ રોડ અમદાવાદ) તેમના અહલિયા ઝૈબુન્નિસા, પુત્ર રિઝવાન તથા પુત્રી તસ્નીમબાનુ સાથે હજ્જ વ ઝિયારતનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરી પરત આવી ગયા છે. અમારા તરફથી સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! સફર દરમ્યાન અવનવા અનુભવો વિશે વિગતે પત્ર આપનો મળ્યો પણ સ્થળ સંકોચને કારણે સમાવી શક્યા નથી તો શેખ સાહબ દરગુઝર ફર્માવશે. આપે સફર દરમ્યાન પ્લેનમાં તથા બસમાં સૌ સાથી હાજીઓને મસ્અલા મસાઈલ તથા ત્યાંના મુબારક સ્થળો વિશે માહિતી આપી હતી તથા હજ્જનું મહત્વ સમજાવ્યું હતું. આપે ત્યાંથી બે બેવાર કા'બા શરીફ સામે બેસી અમારા પર ફોન કર્યા હતા તથા સંસ્થા માટે દુઆઓ કરી હતી. જઝાકલ્લાહ ! મુબારકબાદ !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### મસ્જિદ બનાવી આપો !

ખંભાત : મુકામે ૨૦૦ વર્ષ જૂની જર્જરિત મસ્જિદ શહીદ કરી નવેસરથી બાંધકામ શરૂ કર્યું છે મહોલ્લો ગરીબ છે તો સખી દાતાઓને અપીલ છે કે આ તરફ ધ્યાન કરે. ૪૫ × ૨૫ ફૂટના બાંધકામમાં લગભગ ચાર લાખનો ખર્ચ છે. સંપર્ક કરો : પ્રમુખ બી. આર. પઠાણ તથા સેક્રેટરી હાજી ઈમરાન અહમદ શેખ C/o. મસ્જિદે અહમદ, ત્રણ લીમડી, ખાટપાડાની મસ્જિદ, પીરજપુર રોડ–ખંભાત, જિ. આણંદ, મો. ૯૪૨૭૫ ૪૯૮૪૨

### શાદી પ્રસંગે જશ્ને ગૌષ આ'ઝમ

**મછાસરા** : (તા. આમોદ) ખાતે જનાબ મુહમ્મદહુસૈન અલ્લી હાજી સુલેમાન બૂમની શાદીના નૂરાની અવસરે તા. ૨૮/૫/૦૭ના રોજ રાત્રે ઈશા બાદ મસ્જિદ પાસે જનાબ વાસિફ રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઅતોના ગુલદસ્તા પોતાના અનોખા અંદાઝમાં પેશ કરી હાજરજનોને મુગ્ધ કરી દીધા હતા ત્યારબાદ શેરે સૌરાષ્ટ્ર ખલીફા તાજુશ્શરીઅહ હઝરત મૌલાના સલીમબાપુ બેડીવાળા સાહબે શાને ગૌષ પાક પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

### શાદી મુબારક

**સૂરત** : જનાબ મુહમ્મદ અનીસ હારૂન પારેખની નેક દુખ્તર આસિયાબાનુની શાદી ઈરફાન (S/o. હાજી ઈકબાલ ગુલામ હસન સૂરયા) સાથે તા. ૨૬–૫–૦૭ના રોજ રાખવામાં આવી. નિકાહ અસ્ર બાદ નૂરી મસ્જિદ (સૂરત)માં રાખવામાં આવ્યા.

**પગુથણ** : જનાબ મૌલાના ઐયૂબ ઈસ્લામપુરીની નેક પુત્રી સુમૈયાબાનુની શાદી ટંકારીઆ નિવાસી ઈકબાલ મુહમ્મદ લાલનના નેક ફરઝંદ માજિદ સાથે

તા. ૨૭–૫–૦૭ના રોજ રાખવામાં આવ્યા. મુબારકબાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પાલેજ** : થી અ. મજીદ શેખ ઓપરેટર જણાવે છે કે જનાબ હાફેઝ ઈમ્તયાઝ મુસ્તફા શેખની શાદી તા. ૧૫–૫–૦૭ના રોજ સૂરતના હબીબભાઈ શેખની નેક દુખ્તર તબસ્સુમબાનુ સાથે સાદગીપૂર્વક થઈ હતી. સલાતો સલામ પઢતા પઢતા નિઝામી હોલમાં પહોંચી ત્યાં નિકાહ થયા હતા. મુબારકબાદ !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

પાલેજ : નૂરે મુહમ્મદી મસ્જિદમાં તા. ૩–૬–૦૭ના રોજ ઈશાબાદ જશ્ને ગૌષે આ'ઝમ શાનો શૌકતથી મનાવાયો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ ઈમરાન નૂરી તથા ઈમ્તિયાઝભાઈ ભીવંડીવાળાએ અનોખા અંદાઝમાં બયાન કર્યું હતું.

**પાલેજ** : નવી નગરીમાં "મદ્રસાએ બરકાતે રઝા" મોટી ઉમરની બહેનો તથા છોકરીઓ માટે ચાલુ કરેલ છે. ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા તથા હલદરવાના ભાઈઓના સહકારથી રોજ ૨.૩૦થી ૪.૩૦ પઢાઈ ચાલે છે. –લિ. **શેખ અ. મજીદભાઈ ઓપરેટર** *(વહિવટકર્તા : સુન્ની મુસ્લિમ કમિટી–પાલેજ)*

## શાદી પ્રસંગે પેટ્રન થયા

**જંબુસર** : તા. ૨–૫–૨૦૦૭ બુધવારે જનાબ ઐયૂબખાં મુહમ્મદખાં પઠાણના નેક ફરઝંદ અમાનુલ્લાહખાંની નિકાહખ્વાની જનાબ યુનુસખાં પઠાણ (Advt)ની નેક દુખ્તર શાહીનબાનુ સાથે રાખવામાં આવી. નિકાહ હઝરત સૈયદ હશ્મતઅલી બાપુ મજુમિયાં બરકાતી સાહબે પઢાવ્યા. આ શાદીની ખુશીમાં દુલ્હા સાહબ જનાબ અમાનુલ્લાહખાં રૂા. ૧૩૦૦/– ભરીને બરકાતે ખ્વાજા (માસિક)ના પેટ્રન થયા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ કરીમ તેના હબીબ રઉફો રહીમ ﷺના સદકામાં એમની જિંદગીઓમાં સદા ખુશીઓની વસંત ખીલાવે અને બંને જહાનમાં તેમને આબાદ રાખે. શાદીના પ્રસંગે હરામ કામમાં ખર્ચ કરનારાઓ આ પરથી બોધગ્રહણ કરે અને આ રીતે ઈલ્મે દીનની રાહમાં ખર્ચ કરે એવી અમારી અપીલ છે. તેની આપેલ દૌલત તેની રાહમાં ખર્ચે.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ઈન્તેકાલ પુરમલાલ !

જનાબ હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળા જણાવે છે કે ભાયલી મસ્જિદ મદ્રસાના મુતવલ્લી ઈબ્રાહીમભાઈ મલેક તા. ૧૮–૫–૦૭ના રોજ ઈન્તેકાલ કરી ગયા. મર્હૂમ ચુસ્ત સુન્ની અને જીવનભર મસ્જિદ મદ્રસાની ખિદમતમાં રહ્યા. રબ તઆલા મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જંબુસર** : ખાદિમે રઝા અલ્લારખા ફુટવાલા જંબુસરી લખી જણાવે છે કે 'બરકાતે ખ્વાજા' (માસિક)ના ગ્રાહક મકસૂદખાન પઠાણ જંબુસરીઆના વાલિદ સાહબ બશીરખાન પઠાણ ૨૪–૫–૦૭ જુમેરાતના રોજ અલ્લાહ તઆલાની રહમતમાં પહોંચી ગયા છે. અલ્લાહ તઆલા મર્હૂમને જન્નતુલ ફિરદૌસમાં આ'લાથી આ'લા જગા નસીબ કરે અને એમની ઔલાદને સબ્રે જમીલ અતા ફર્માવે. ઈસાલે સવાબ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)ને રૂા. ૧૦૧/– ઈમદાદ આપી છે. અલ્લાહ તઆલા જઝાએ ખૈર અતા ફર્માવે.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જંબુસર** : થી ખાદિમે રઝા અલ્લારખા ફુટવાળા લખી જણાવે છે કે જંબુસરના અહલે સુન્નત વલ જમાઅતના ખાદિમ આલે રસૂલ સૈયદ હસમતઅલીબાવા બરકાતી નૂરીની સાહબઝાદી સૈયદા સેનીલાબાનુ S.S.C. માં ૬૩% સાથે પાસ થયેલ છે. (મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કંબોલી** : મુકામે જનાબ મૌલાના ફારૂક કંબોલ્વી સાહબના વાલિદ સાહબ મર્હૂમ હાફેઝ મુહમ્મદ પેન્ટર (નૂરી) તા. ૫–૬–૨૦૦૭ના રોજ ૮૮ વરસની વયે ઈન્તેકાલ કરી ગયા. મર્હૂમની નમાઝે જનાઝા તે દિવસે ઈશાબાદ હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા સાહબે પઢાવી હતી. મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન )

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

કાર્યાલય

**વિષય : ઈસ્લામની પ્રગતિના ઈતિહાસમાં નવયુવાનનો કિરદાર અને આપણે**

### લેખ હરીફાઈમાં ભાગ લેનારા ખુશનસીબો

**જામિઆ અશરફિયા-મુબારકપુર**

મુહમ્મદ તાહિરઅલી જામનગરી

**જામિઆ અશરફિયા-મુબારકપુર**

મુહમ્મદ સમીર કલ્લાવાળા

**જામિઆ અશરફિયા-મુબારકપુર**

મુહમ્મદ મોહસિન ઈબ્રાહીમ પટેલ-થામ

**M.E.S. નૂરાની સ્કૂલ -રાજપારડી**

વાઝા જાવિદ હુસૈન ગુલામ હુસૈન-રાજપારડી

**M.E.S. નૂરાની સ્કૂલ -રાજપારડી**

ઈનાયતહુસૈન ઈકબાલભાઈ શેખ

### ઉલમાએ કિરામ તથા ઉસ્તાદોને વિનંતિ

તાલિબે ઈલ્મોને લેખ હરીફાઈમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરશો. તથા યોગ્ય માર્ગદર્શન આપી તથા વિષયને લગતી કિતાબો સંબંધે રેહબરી કરી લેખ લખવા પ્રોત્સાહિત કરશો. (જઝાકલ્લાહ!)

### ⋖★⋗⋖★⋗ સૂચના ⋖★⋗⋖★⋗

**લેખ લખનારા તલબા ધ્યાન રાખે કે....**

★ પઢાઈ સિવાય સમય કાઢીને વિવિધ ગુજરાતી-ઉર્દૂ રિસાલા તથા વર્તમાન પત્રોનો અભ્યાસ રોજની આદત બનાવે જેથી દિમાગ વિશાળ થશે. જાણકારી વધશે, લખવાનો ઢંગ મળશે વગેરે.

★ કુર્આનની આયતો લખે કે ન લખે પણ તર્જુમાની પાછળ સૂરતનું નામ તથા આયત નંબર જરૂર લખે.

★ હદીષ ટાંકયા બાદ કે શરૂમાં કિતાબનો હવાલો અને બહવાલા કઈ કિતાબમાંથી લખ્યું તે દર્શાવે.

★ વાક્યા બયાન કરે તેમાં પણ પેજ નં. સાથે જે તે કિતાબનો હવાલો લખે.

★ જ્યાં વાત બદલાય ત્યાં **પેરેગ્રાફ** પાડે.

★ ડાબી બાજુ હાશિયાની જગા છોડીને લખાણ લખો.

★ લખાણ સુવ્યવસ્થિત લાગે તેમ સ્પષ્ટ શક્ય તેટલા સુઅક્ષરોમાં લખે.

★ જોડણી માટે બુક સ્ટોલ પરથી ગુજરાતી ડિક્ષનરીઓ મેળવી લે જેથી સરળતા રહે.

★ લેખ હરીફાઈમાં ભાગ લેનાર દરેકને એક કિતાબ તથા બરકાતે ખ્વાજા અંક **માર્ચ-૨૦૦૭**નો ભેટમાં આપવામાં આવશે.

### ★ લેખ હરીફાઈમાં પ્રથમ ત્રણ નંબર મેળવનારાઓનાં નામો ★

| | | | |
|---|---|---|---|
| **નંબર ૧ :** | **વાઝા જાવિદહુસૈન ગુલામહુસૈન-રાજપારડી** | રૂા. ૩૦૦/- | (પ્રથમ ઈનામ) |
| **નંબર ૨ :** | **મુહમ્મદ તાહિરઅલી જામનગરી (સાબેઆ)** | રૂા. ૨૦૦/- | (બીજુ ઈનામ) |
| **નંબર ૩ :** | **મુહમ્મદ સમીર કલ્લાવાળા** | રૂા. ૧૦૦/- | (ત્રીજુ ઈનામ) |

**હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!** તા. **૧૨-૦૯-૨૦૦૭** સુધીમાં

**માહોલની ખરાબીના સબબો અને તેનો ઈલાજ** આ વિષયે લેખ મોકલી આપવો.

**★ મુસ્લિમોનો માહોલ શાથી ખરાબ થઈ રહ્યો છે ? ★ માં બાપની શું જિમ્મેદારીઓ છે ? ★ આગેવાનો તથા સમાજના વડીલોની શું જિમ્મેદારીઓ છે ? ★ પીરો તથા આલિમોની શું જિમ્મેદારીઓ છે ?.... વગેરે સંબંધી ચિંતનમય લખાણ રજૂ કરો.** *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*